॥ श्री ॥

# दंडक तथा लघु संघयणी.

बालावबोध युक्त

चतुर्थावृत्ति

घणाज सुधारा वधारा साथे

छपावी प्रसिद्ध करनार,

श्रावक भीमसिंह माणेक.

१०७. धनजी स्ट्रीट मुंबइ. ३.

किंमत ०-१४-०

सं. १९२६ वीर सं. २४५२ सं. १९८२

धी न्यु लक्ष्मी प्रेस, न्यु चींचबंदर मुंबई. ९.

॥ अथ ॥

## ॥ श्रीबालावबोधसहितः श्रीदंडकः प्रारभ्यते ॥

### प्रथम ग्रंथकर्ता.

चोवीश दंडकोने विषे संक्षिप्त संग्रहणीनुं अवतरण करवानी जे इच्छा, तेने अर्हद्विज्ञप्ति द्वारा प्रगट करता छता कहे छे.

॥ गाथा ॥

॥ नमिउं चउवीस जिणे, तस्सुत्तवियारलेसदेसणओ ॥ दंडगपएहिं ते च्चिय, थोसामि सुणेह भो भव्वा! ॥ १ ॥

गाथा १ लीना छुटा शब्दना अर्थ,

नमिउं—नमस्कार करीने.
चउवीस—चोवीश.
जिणे—जिनोने
तस्सुत्त—तेमनां सूत्रमां.
वियार—विचारना.
लेस—किंचित्मात्रनो.
देसणओ—कहेवा माटे.
दंडगपएहिं—दंडकपदोनी साथे.
ते च्चिय—तेने निश्चे.
थोसामि—स्तुति करीश.
सुणेह—श्रवण करो—सांभलो.
भो भव्वा!—हे भव्यजनो!

विस्तारार्थः-(चउवीस के०) चतुर्विंशतिं, एटले चोवीश (जिणे के०) जिनान्, एटले जिनोने (नमिउं के०) नत्वा, एटले नमस्कार करीने, अर्थात् आ ज-रत खंडमां सांप्रतिक अवसर्पिणीने आश्रय करी श्री-ऋषजादि चोवीश जिनने, एटले अतीत अनागत काले पन्नर कर्मजूमिने विषे घणा जिनो छे, परंतु अहीं आदिनाथ प्रजृति जिननेज (थोसामि के०) स्तोष्यामि, एटले हुं स्तुति करीश. शा माटे स्तुति करीश ? तो के (तस्सुत्त-के०) तत्सूत्र,-एटले तेमनां सूत्र जे आगम, ते आगममां कहेला जे " सरीरमो-गाहणा य संघयणा " इत्यादिरूप (वियार-के०) विचार,-तेनो (लेस-के०) लेश-अर्थात् किंचित्मात्र तेने (देसणउं के०) देशनतः, एटले कहेवा माटे स्तुति करीश. केनी साथे ? तो के (दंडगपएहिं के०) दंडकपदैः, एटले जगवत्यादिक सूत्रोक्त " नेरइआ असुराई " इत्यादि गाथाना अनुक्रमे बांधेलां एवां दंडक नामा चोवीश अवस्थाननी साथे (ते च्चिय के०) तीनेव, एटले तेने निश्चे स्तवीश. ते माटे (जो जवा ! के०) जो जव्याः !, एटले हे जव्यजनो ! अहीं जो

भव्याः ! ए पद शा माटे कह्युं छे? तो के भव्यजीवोने सावधानपणे करी श्रवणोत्सुक करवा माटे कह्युं छे. उक्तं च ॥ " अप्रतिबद्धे श्रोतरि, वक्तुर्वाक्यं प्रयाति वैफल्यं " ए पदनो अर्थ ए छे के, जो सांभलनार सावधानपणाए करीने श्रवण न करे, तो कहेनारनुं वाक्य निष्फल थाय छे, माटे श्रोताजनोने संमुखी करणार्थे ए पद लख्युं छे; माटे हे भव्यजनो! तमे ( सुणेह के० ) शृणुत, एटले श्रवण करो ॥ ए प्रथम गाथानो लेशथकी अर्थ कह्यो ॥ १ ॥

हवे चोवीश दंडकनां नाम एक गाथाए करी कहे छे.

**नेरइआ असुराई,--पुढवाईबेइंदियादउ चेव ॥ गब्भयतिरियमणुस्सा, वंतर जोईसिय वेमाणी ॥ २ ॥**

गाथा २ जीना छुटा शब्दना अर्थ.

नेरइआ–नैरयिक, नारकी (१).
असुराइ–असुरकुमारादिक (१०)
पुढवाई–पृथिवीकायादि (५).
बेइंदियादओ–बेइंद्रियादि (विकलेंद्रिय) (३).
चेव–निश्चे.
गब्भय–गर्भज.
तिरिय–तिर्यंच (१).
मणुस्सा–मनुष्य (१).
वंतर–व्यंतर. (१)
जोइसिय–ज्योतिषी (१).
वैमाणी–वैमानिक (१).

विस्तारार्थः-( नेरइआ के० ) नैरयिकाः, एटले गयुं छे शुभावह कर्म जेउं थकी, तेने निरय कहीए. ते निरयमां छे वास जेनो, तेने नैरयिक कहीए. ते नैरयिक रत्नप्रभादि पृथिवी भेदे करी सात प्रकारना जाणवा. तेनां नाम कहे छे. एक रत्नप्रभादि, बीजी शर्कराप्रभा, त्रीजी वालुकाप्रभा. चोथी पंकप्रभा, पांचमी धुमप्रभा, छही तमःप्रभा, सातमी तमस्तमःप्रभा. ए सात भूमिने विषे उत्पन्न थयेला जे जीवो, ते नैरयिक जाणवा, ते नैरयिकनो एक दंरूक जाणवो. आ ठेकाणे दंरूकनुं अधिकारित्व छे, माटे चोवीशे स्थानकने विषे पूर्व गाथामां जे, "दंरूगपएहिं" एटले दंरूकपदनी साथे, एम कहेलुं छे, तेथी दंरूकपदनी सर्वत्रयोजना करवी.

( असुराई के० ) असुरादि,-एटले असुरकुमारादिक दश भवनपतिना निकायना भेदे करीने दश दंरूक होय. अहीं असुर एटले "अस्यंति" नाम क्षेपण करे छे, अर्थात् पराजय करे छे देवताउने, ते असुर जाणवा. अने कुमार समान आकार छे माटे,

अथवा कुमारनी पेठे क्रीडापरत्व छे, माटे कुमार जाणवा. ते असुरकुमार छे, आदी जेमां, एवा असुरकुमारादिक जवनपति देवोना दश निकायनां नाम कहे छे. एक असुरकुमारनिकाय, बीजो नागकुमारनिकाय, त्रीजो सुवर्णकुमारनिकाय, चोथो विद्युत्कुमारनिकाय, पांचमो अग्निकुमारनिकाय, छठो द्वीपकुमारनिकाय, सातमो उदधिकुमारनिकाय, आठमो दिक्कुमारनिकाय, नवमो पवनकुमारनिकाय, अने दशमो स्तनितकुमारनिकाय. ए दश निकायना दश दंडक जाणवा. एवं अगीयार दंडक थया.

( पुढवाई के० ) पृथिव्यादि,—एटले पृथिवी, अप्, तेज, वायु अने वनस्पतिकाय ए पांच जेदवाला जीवना पांच दंडक होय. एवं सोल दंडक थया.

तथा (बे इंदियादिउ के०) द्वींद्रियादयः, एटले शरीर अने रसना ए बे छे इंद्रियो जेने, तेवा शंख, कपर्दिकादिक बेइंद्रिय जीव जाणवा. अहीं आदि शब्दे करी त्रींद्रिय, चतुरिंद्रिय जीव पण ग्रहण करवा. त्रींद्रिय ते शरीर, रसना अने घ्राण, ए त्रण छे इंद्रियो

जेने, ते त्रींद्रिय कहीए. ते पिपीलिका, जु, मांकम वगेरे जीवो जाणवा. तथा चतुरिंद्रिय ते शरीर, रसना, घ्राण अने चक्षु, ए चार छे इंद्रियो जेने, एवा मक्षिका, भ्रमर, पतंग, वृश्चिक वगेरे जीवो जाणवा. ए द्वींद्रियादिक त्रण विकलेंद्रिय जीवोना त्रण दंमको जाणवा. एवं उंगणीश दंमक थया.

( गप्भयतिरियमणुस्सा के० ) गर्भजतिर्यङ्मनुष्याः, एटले गर्भज ते गर्भने विषे जे जीव उत्पन्न थाय छे, ते जाणवा. तेमां वांका चाले, ते जीव त्रीर्यंच जाणवा. अथवा तिर्यग् एटले स्वकर्मवशे करी सर्व गतिमां जाय छे, ते तिर्यंच जाणवा, अने जे मनुथकी उत्पन्न थयेला ते मनुष्य कहीए. ते गर्भज तिर्यंच अने गर्भज मनुष्य तेना बे दंमक होय. एवं एकवीश दंमक थया.

तथा ( वंतर के० ) व्यंतराः, एटले विविध प्रकारनुं अंतर ते व्यंतर कहीए. व्यंतरादिक आश्रयपणाए करीने छे जेने, एटले व्यंतर, वनांतर अने शैलांतरोमां वसे छे, ए स्पष्ट रीते सर्व विज्ञात छे. ते व्यंतरो सोल

प्रकारना छे. तेमां आठ प्रकारना व्यंतर अने आठ प्रकारना वाणव्यंतर, ए व्यंतर देवोनो एक दंदक जाणवो. एवं बावीश दंडक थया.

तथा (जोइसिय के०) ज्योतिष्काः, एटले ज्योतिषी जे चंद्र, सूर्य, ग्रह, नक्षत्र अने तारा ए पांच प्रकारना छे. तेनो एक दंडक जाणवो. एवं त्रेवीश दंडक थया.

तथा (वेमाणी के०) वैमानिकाः, तेमां "वि" एटले विशिष्ट पुण्ये करी जीवोथकी, "मान्यंते" एटले उपभोग थाय छे जेनो, ते विमान कहीए. ते विमानने विषे रहेला जे देवो, ते वैमानिक देवो जाणवा. एवं चोवीश दंडक थया. ए वैमानिक देवो बे प्रकारना छे. तेमां एक कल्पोपपन्न अने बीजा कल्पातीत. तेमां कल्प ते स्थिति, जाति, सामानिनिकादि व्यवस्थारूप मर्यादा , तेने प्राप्त थयेला, ते कल्पोपपन्न सौधर्मादि बार देवलोकना देवो जाणवा, अने नव ग्रैवेयक तथा पांच अनुत्तरवासी जे देव, ते कल्पतीत जाणवा. (चे० के०) चैव चकार समुच्चयार्थमां छे. तथा एव शब्द

निश्चयार्थमां छे. ए रीते नैरयिकनो एक, असुरादिकना दश, पृथिव्यादिकना पांच, बेइंद्रियादिक विकलेंद्रियना त्रण, गर्भज तिर्यंच अने गर्भज मनुष्यना बे, व्यंतरनो एक, ज्योतिषीनो एक, वैमानिकनो एक, एम सर्व मली चोवीश दंडक जाणवा. आ गाथामां दंडक एवो शब्द ग्रहण कर्यो छे, ते तज्जातीयसमूहप्रतिपादक जाणवो. अहींयां सूक्ष्म अने अपर्याप्ता जीवो घणुं करीने अधिकृत कर्या नथी. ए चोवीश दंडकनां नाम कह्यां ॥ २ ॥

हवे शीरीरादि चोवीश द्वारोनां नामनुं स्वरूप गाथाद्वये करी कहे छे.

॥ संखित्तयरी उ इमा, सरीरमोगाहणा य संघयणा ॥ सन्ना संठाण कसाय,- लेस इंदियदुसमुग्घाया ॥३॥ दिठी दंसणनाणे, जोगुवओगोववायचवणठिई ॥ पज्जत्ति किमाहारे, सन्नी गइ आगई वेए ॥ ४ ॥

## गाथा ३ जीना छुटा शब्दना अर्थ.

सखित्तयरी उ–संक्षिप्तार्थने करवावाली.
इमा–आ (संग्रहणी).
सरीरं–शरीर.
उगाहणा–अवगाहना (३).
य–अने.
संघयणा–संघयण (६).
सन्ना–संज्ञा (४).
संठाण–संस्थान (६).
कसाय–कषाय (४).
लेस–लेश्या (६).
इंदिय–इंद्रिय (५).
दुसमुग्घाया–बे प्रकारना समुद्घात

## गाथा ४ थीना छुटा शब्दना अर्थ.

दिट्ठी–द्रष्टि (३).
दंसण–दर्शन (४).
नाणे–ज्ञान (८).
जोग--योग (१५).
उवओग–उपयोग (१२).
उववाय–उपपात.
चवण–च्यवन.
ठिई–स्थिति.
पज्जत्ति–पर्याप्ति (६).
किमाहारे–किमाहार.
सनी–संज्ञी.(३).
गइ–गति.
आगई–आगति.
वेए–वेद (३).

विस्तारार्थः–आ गाथानुं व्याख्यान सुलभ छे, तोपण बालावबोधार्थ लखे छे. ( इमा के० ) इयं एटले आ शरीरादि चोवीश द्वारवाली जे संग्रहणी ते ( संखित्तयरी उ के० ) संक्षिप्तकरी तु, एटले संघयण नामे

जे प्रकरण, ते मध्येथी अति संक्षिप्तार्थने करवावाली जाणवी. तु शब्द भिन्नार्थमां छे.

१ तेमां प्रथम ( सरीरं के० ) शरीर एटले शरीरद्वार. ते पांच प्रकारे छे. एक औदारिक, बीजुं वैक्रिय, त्रीजुं आहारक, चोथुं तैजस, पांचमुं कार्मण. तेमां प्रथम औदारिक शरीर ते तिर्थंकर अने गणधरने पण होय छे, माटे तेना अधिकारे करीने प्राधान्य जाणवुं. तथा बीजुं वैक्रिय शरीर ते विविध प्रकारनी विशिष्ट क्रिया एटले विक्रिया ने विषे जे उत्पन्न थाय, ते वैक्रिय शरीर जाणवुं. ते जेमके एक थइने अनेक थवुं, तेम अनेक थइने एक थवुं, तेमज नानुं थइने मोटुं थवुं, अने मोटुं थइने पाछुं नानुं थवुं, अने खेचर थइने भूमिचर थवुं, तथा भूमिचर थइने खेचर थवुं, तेमज दृश्य थइने अदृश्य थवुं, अने अदृश्य थइने दृश्य थवुं. ते सर्व वैक्रिय शरीर जाणवुं. त्रीजुं आहारक ते चौदपूर्वधरोने तीर्थंकर दर्शनादिक जेवा प्रयोजननी उत्पत्ति छते विशिष्ट लब्धिने वशे करी जे शरीरनुं ग्रहण करवुं पडे छे, ते आहारक शरीर जाणवुं

तेमज चोथुं तैजस ते तेजना पुद्गलनो विकार, ते तैजस शरीर जाणवुं. अर्थात् भोजन करेला आहारपरिणमननुं कारण, ते कारणने वश विशिष्ट एवा तपथकी रुडे प्रकारे उत्पन्न थयेला एवा लब्धिविशेषथी युक्त पुरुषने तेजोलेश्यानुं जे निर्गमन, ते तैजस शरीर जाणवुं. तेम पांचमुं कार्मण शरीर ते कर्मनो जे विकार, ते कार्मण जाणवुं. ते कर्मपरमाणुउ आत्मप्रदेश साथे क्षीरनीरनी पेठे अन्योऽन्य अनुगत छते शरीरपणाए परिणाम पामे छे, तेने कार्मण शरीर कहेवुं हवे शरीर एटले शुं ? तो के "शीर्यते" एटले प्रतिदिन जीर्ण थाय छे, ते शरीर जाणवुं. आवी रीते पांच प्रकारनां शरीर मध्येथी पूर्वोक्त चोवीश दंडकमांहेला कया कया दंडके कयां कयां शरीर होय ? एम कहेवुं, ते प्रथम शरीरद्वार जाणवुं.

२ बीजुं ( उगाहणा के० ) अवगाहना एटले अवगाहनाद्वार. ते "अवगाहंते" एटले रहे छे जीवो जेने विषे, ते अवगाहना जाणवी. ते चोवीश दंडकमांहेला कया कया दंडके केटली केटली शरीरनी उं-

थाइ होय ? एम कहेवुं, ते बीजुं अवगाहनाद्वार.

३ त्रीजुं (य के०) च, एटले वली (संघयणा के०) संहननानि एटले संधिविशेषने प्राप्त थाय छे शरीरावस्थाना अवयवो जेणे करीने, ते [1]संहनन कहीए. ते संहनन वज्रऋषभनाराचादि भेदोए करीने छ प्रकारनुं छे. ते जेमके एक वज्रऋषभनाराच, बीजुं ऋषभनाराच, त्रीजुं नाराच, चोथुं अर्धनाराच, पांचमुं कीलिका अने छठुं सेवार्त्त. ए छ प्रकारनां संघयणमांहेला जे दंमके जेटलां संघयण लाभे, ते दंमके तेटलां संघयण कहेवां, ते त्रीजुं संघयणद्वार जाणवुं.

४ चोथुं (सन्ना के०) संज्ञा, एटले संज्ञाद्वार एटले रुमा प्रकारनुं ज्ञान तेने संज्ञा कहीए. ए संज्ञा बे प्रकारनी छे. एक ज्ञानरूप अने बीजी अनुभवरूप. तेमां ज्ञानरूप ते मतिज्ञान, श्रुतज्ञान, अवधिज्ञान, मनःपर्यज्ञान अने केवलज्ञान, ए पांच भेदे करीने जाणवी. तेमां केवलज्ञान संज्ञा ते क्षायिक छे, अने बीजी मतिज्ञानादि सर्व संज्ञा ते क्षायोपशमिकी छे.

---

१ कर्म ग्रंथना मते शरीरनी एक जातनी अस्थिनी रचना.

बीजी अनुभवसंज्ञा ते पोताना करेलां शाता-वेदनीयादि कर्मोथकी उत्पन्न थाय छे. आ ठेकाणे ए अनुभवसंज्ञानुंज प्रयोजन छे. ते अनुभवसंज्ञा चार प्रकारे, दश प्रकारे अने सोल प्रकारे छे. तेमां एक आहारसंज्ञा, बीजी भयसंज्ञा, त्रीजी परिग्रहसंज्ञा, अने चोथी मैथुनसंज्ञा, ए चार भेदनी संज्ञा जाणवी. वली १ क्रोध, २ मान, ३ माया, ४ लोभ, ५ उंघ अने ६ लोक ए छ भेदे संज्ञा जाणवी, ते छ भेदवाली संज्ञामां पूर्वोक्त चार भेदवाली संज्ञा मेलवीए, तो दश भेद-वाली संज्ञा थाय, तथा ग्रंथांतरने विषे कहेली १ सुख, २ दुःख, ३ मोह, ४ वितिगिछा, ५ शोक अने ६ धर्म, ए छ संज्ञाउंयद्यपि पूर्वोक्त संज्ञाउंने विषे अंतर्गत छे, तोपण दशमां जूदी करी मेलवीए, तो सोल भेदयुक्त संज्ञा थाय, तेमां चार अने दश संज्ञामांहेली जे जे दंमके जेटली संज्ञा होय, ते ते दंमके तेटली तेटली कहेवी, ते चोथुं संज्ञाद्वार जाणवुं.

५ पांचमुं ( संठाण के० ) संस्थान, एटले संस्था-नद्वार, एटले जे आकृतिए प्राणीउं रुमी रीते रहे छे,

एवो जे आकारविशेष, तेने संस्थान कहीए. ते संस्थान बे प्रकारनुं छे. एक जीवसंबंधी अने बीजुं अजीवसंबंधी. तेमां जीवसंबंधी संस्थान छ प्रकारे छे. तेनां नाम कहे छे. एक समचतुरस्र, बीजुं न्यग्रोध, त्रीजुं सादि, चोथुं वामन, पांचमुं कुब्ज, छठ्ठुं हुंडक, ए छ भेदे छे. बीजुं अजीवसंबंधी संस्थान, ते पांच प्रकारनुं छे. तेनां नाम कहे छे. एक परिमंडल, बीजुं वृत्त, त्रीजुं त्र्यस्र, चोथुं चतुरस्र, पांचमुं आयात ए पांच प्रकारे जाणवुं. एमां अहीं जीवोनां छ संस्थानोनुं प्रयोजन छे. ए छ संस्थानमांहेलां जे जे दंडके जेटलां संस्थान लाभे, ते ते दंडके तेटलां संस्थान कहेवां, ते पांचमुं संस्थानद्वार जाणवुं.

६ छठ्ठुं ( कसाय के० ) कषायः एटले कषायद्वार, तेमां "कष्यंते" एटले हणाय छे प्राणीओ जेमां, तेने कष एटले संसार कहीए. ते संसारनो छे आय केतां लाभ जेनाथकी, ते कषाय कहीए. ते क्रोधादिक परिणामविशेष जाणवा. ते क्रोधादिक परिणामविशेष जाणवा. ते क्रोधादिक यद्यपि चार छे, तथापि प्रत्येक

अनंतानुबंधी आदिक भेदे करीने सोल प्रकारना थाय छे. तेमां जे जे दंमके जेटला कषाय लाभे, ते ते दंमके तेटला कषाय कहेवा, ते कषायद्वार जाणवुं.

७ सातमुं ( लेस के० ) लेश्या, एटले लेश्याद्वार, " लिश्यंते कर्मणा सह जीवा आत्तिरिति लेश्याः " एटले जेना योगे कर्मे करी जीव बंधाय छे, ते लेश्या कहीए. कृष्णादि द्रव्यना प्राधान्यपणे करी आत्मानो जे शुभाशुभरूप परिणाम, तेने लेश्या कहे छे. तेनां लक्षण ग्रंथांतरने विषे आम कह्यां छे. "कृष्णादिद्रव्यसाचिव्यात् , परिणामोऽयमात्मनः ॥ स्फटिकस्येव तत्रायं, लेश्याशब्दः प्रवर्त्तते ॥ १ ॥ आ श्लोकनो भावार्थ आम छेः— कृष्णादि द्रव्यना प्राधान्यपणाथकी थयेलो आत्मानो जे परिणाम, तेने लेश्या कहे छे. जेम पासे रहेला कृष्ण, रक्तादि पदार्थोना योगे करी स्फटिकरत्नना शुद्ध स्वरूपनो लोप थइ कृष्ण नीलादिक रूपनी प्राप्ति थाय छे, तेम ए पण जाणवो. ते लेश्या छ प्रकारनी छे. तेनां नाम कहे छे. एक कृष्ण, बीजी नील, त्रीजी कापोत, चोथी

तेजो, पांचमी पद्म अने छठी शुक्ल, ए छ भेद छे. ए छ लेश्या अहींयां द्रव्यरूप जाणवी, परंतु भावधर्मरूप जाणवी नहीं. एनां लक्षण जांबुफलने भक्षण करवा गयेला छ पुरुषना दृष्टांते करी जाणवां. यथोक्तं ॥ पंथाउ परिब्भठा, छ पुरिस्सा अडविमझआरम्मि॥ जंबूतरुस्साहेठा, परप्परंतेवि चिंतेति ॥ १ ॥ निम्मूल खंध साखा, साला गुछे पक्केय पडिय सडियाइं ॥ जह एएहिं भावा, तह लेसाउवि नायव्वा ॥ २ ॥ ए छ लेश्यामांहेली जे दंडके जेटली लेश्याउ लाभे, ते दंडके तेटली लेश्या कहेवी, ते सातमुं लेश्याद्वार.

८ आठमुं ( इंदिय के० ) इंद्रियं, एटले इंद्रियद्वार, तेमां इदि धातु परमैश्वर्यवाचक छे, एटले परमैश्वर्यवान् जे थाय, ते इंद्र कहीए, एटले आत्मा तेज इंद्र, तेनेज सर्व ज्ञानरूप परमैश्वर्यवान् कहे छे, माटे परमैश्वर्यना योगथकी जे चिह्न, तेने इंद्रिय कहीए ते एक जिह्वा, बीजी श्रोत्र, त्रीजी नासिका, चोथी चक्षु अने पांचमी शरीर. ए पांच इंद्रियमांहेली जे जे दंडके जेटली इंद्रियो होय, ते ते दंडके तेटली कहेवी,

ते आठमुं इंद्रियद्वार जाणवुं.

ए नवमुं ( दुसमुग्घाया के० ) द्वौ समुद्घातौ, एटले बे प्रकारना समुद्घात छे. तेमां एक तो आत्माने जे वेदनादिके प्राबल्ये करी घात थाय, ते जीवसंबंधी समुद्घात, जाणवो. ते सात प्रकारना छे. तेमां एक वेदना समुद्घात, बीजो कषाय समुद्घात, त्रीजो मरण समुद्घात, चोथो वैक्रिय समुद्घात, पांचमो तैजस समुद्घात छठो आहार समुद्घात, अने सातमो केवली समुद्घात. ते केवली समुद्घात चौद राजलोक व्याप्त, आठ समयनो जाणवो. ए सात प्रकारे आत्माना प्रदेश शरीरथी बहार नीकले छे, माटे एने जीवसमुद्घात कहीए. बीजा [1]अजीवसमुद्घातनुं कांइ अहींयां कारण नथी, माटे तेनुं लक्षण कह्युं नथी. ए सात समुद्घातमांहेला जे दंडके जेटला समुद्घात होय, ते दंडके तेटला कहेवा, ते नवमुं समुद्घातद्वार जाणवुं.

दशमुं ( दिट्ठी के० ) दृष्टिः, एटले दृष्टिद्वार. जे अवलोकन करवु, तेने दृष्टि कहीए. ते एक सम्यग्

१ अचितना महास्कंधरूप.

दृष्टि, बीजी मिथ्यादृष्टि अने त्रीजी मिश्रदृष्टि, ए त्रण प्रकारनी छे. तेमां जे अविपरित छतां श्रीवीतरागे कहेला वस्तुतत्त्वनुं ज्ञान थाय, ते प्रथम सम्यग्दृष्टि जाणवी अने ए सम्यग्दृष्टिनां लक्षणथी जे विपरित ते बीजी मिथ्यादृष्टि जाणवी. तथा सारुं अथवा मारुं ज्ञान बेउने विषे खरापणानुं जे ज्ञान थाय ते त्रीजी मिश्रदृष्टि जाणवी. ए त्रणमांथी जे दंडके जेटली दृष्टि लाभे, ते दंडके तेटली कहेवी, ते दशमुं दृष्टिद्वार जाणवुं.

११ अगीयारमुं (दंसण के०) दर्शनं, एटले दर्शनद्वार. ते दर्शन जीवनो सामान्य उपयोग छे. जेना योगे करी देखाय, ते दर्शन कहीए. तेमां सामान्य वस्तु अने विशेष वस्तुने चक्षुए जोइने आ अमुक पदार्थ छे, एवुं पृथःक्करण करवुं, प्रथम चक्षुदर्शन, तथा चक्षु विना बीजी इंद्रियो जे अंतःकरणादिक, तेणे करी पदार्थने जोवुं, ते बीजुं अचक्षुदर्शन, तथा सामान्य प्रकाशक वस्तुनो परिछेद करवो, ते त्रीजुं अवधिदर्शन, तथा जगतमां थवानी वस्तु, थयेली वस्तु तेमज थती वस्तुने सर्व रीते जाणे, ते चोथुं केवलदर्शन

जाणवुं. अहीं घटादी पदार्थोनो सामान्य आकार जाणवो, ते दर्शन कहीए, अने ते पदार्थोनो विशेषाकार जाणवो, ते ज्ञान कहीए. ज्ञान अने दर्शनमां एटलोज नेद ढे. ए चारे दर्शनमांथी जे दंमके जेटलां दर्शन लान्ने, ते दंमके तेटलां दर्शन कहेवां, ते दर्शनद्वार.

१२ बारमुं ( नाणे के० ) ज्ञानं, एटले ज्ञानद्वार. ते " ज्ञायते परिछिद्यते वस्तु अनेनेति ज्ञानं," एटले आ वस्तु अमुक ढे, ए जेणे करी जाएयुं जाय, तेने ज्ञान कहीए. ते पांच प्रकारे ढे. तेमां पांच इंद्रिय अने ढहुं मन, एणे करी जे जीवने ज्ञान थाय, ते प्रथम मतिज्ञान, तथा बीजुं श्रुतज्ञान; ते बे प्रकारनुं ढे; एक ड्रव्यश्रुत अने बीजुं नावश्रुत, तेमां द्वादशांगीरूप ड्रव्यश्रुत जाणवुं, अने ते द्वादशांगीथी उत्पन्न थयो जे उपयोग, तेने नावश्रुत कहीए. त्रीजुं अवधिज्ञान पण बे प्रकारनुं ढे. एक नवहेतुक, बीजुं गुणहेतुक. तेमां देव तथा नारकीने जे अवधिज्ञान उत्पन्न थाय, ते नवहेतुक, अने श्रावक साधु तथा पंचेंद्रिय तिर्यंचादिकने जे ज्ञान उत्पन्न थाय, ते गुणहे-

तुक जाणवुं. चोथुं मनःपर्यवज्ञान ते अढी द्वीपमां रहेला जे मन सहित पंचेंद्रिय जीवो, तेना मनना पर्याय जाणे ते. ते मनःपर्यवज्ञान बे प्रकारनुं छे; एक ऋजुमति, बीजुं विपुलमति. ए ज्ञान साधुजनने प्राप्त थाय छे, अने पांचमुं केवलज्ञान ते घनघाति चार कर्मना क्षयथकी उत्पन्न थयुं जे सकल लोकालोक विषयक ज्ञान ते केवलज्ञान जाणवुं. ए पांच ज्ञान जाणवां.

१३ हवे तेरमुं अज्ञानद्वार कहे छे. अज्ञान त्रण छे. एक मतिअज्ञान, बीजुं श्रुतअज्ञान अने त्रीजुं विभंगज्ञान. ए त्रण अज्ञान मिथ्यादृष्टि जीवने होय. ते पूर्वोक्त पांच ज्ञान साथे मेलवतां आठ ज्ञान थयां. तेमां जे दंडके जेटलां ज्ञान अने अज्ञान लाभे, ते दंडके तेटलां कहेवां, ते बारमुं ज्ञान अने तेरमुं अज्ञानद्वार जाणवुं.

१४ चौदमुं ( जोग के० ) योगः, एटले योगद्वार. ते "योजनं योगः". जे युक्त थवुं, तेने योग कहीए. किंवा धावन वल्गनादिक क्रियाना व्यापारे करी जीव

बंधाय ते योग कहीए, एटले जीवनां बल, वीर्य, शक्ति, पराक्रमने योग कहीए. ते पंदर प्रकारना छे. तेनां नाम कहे छे. पहेलो [1]सत्यमनोयोग, बीजो [2]सत्यवचनयोग, त्रीजो [3]असत्यमनोयोग, चोथो [4]असत्यवचनयोग, पांचमो [5]सत्यासत्यमनोयोग, छठो [6]सत्यासत्यवचनयोग, सातमो [7]असत्याऽमृषामनोयोग, आठमो [8]असत्याऽमृषावचनयोग, नवमो औदारिककाययोग, दशमो औदारिकमिश्रकाययोग, अगीयारमो

---

१ वस्त्रने जोइ 'आ वस्त्र छे ! एम चिंतववु ते.

२ घटने जोइ 'आ घट छे' एम कहेवुं ते.

३ घडीमां 'आ वस्त्र छे,' एम चिंतववुं ते.

४ ,, ,, ,, कहेवुं ते.

५ नगरमां पांच बालक थयां होय, ते छतां 'पांच सात छोकरां थयां एम चिंतववुं ते. आनुं बीजुं नाम मिश्र पण कही शकाय.

६ जीर्ण थइ गएला धान्यना ढगलामां घणी जीवात जोइने "आ बधा जीव छे." एम कहेवुं ते. आनुं बीजुं नाम मिश्र पण कही शकाय.

७ 'आ देवदत्त छे, एम चिंतववुं ते.

८ 'हे देवदत्त ! तुं आव' एम कहेवु ते.

वैक्रियकाययोग, बारमो वैक्रियमिश्रकाययोग, तेरमो आहारककाययोग, चौदमो आहारकमिश्रकाययोग, अने पंदरमो तैजसकार्मणकाययोग,. ए पंदर योग-मांहेथी जे दंरुके जेटला योग लाने, ते दंरुके तेटला कहेवा, ते चौदमुं योगद्वार.

१५ पन्नरमुं (उवउंग के०) उपयोगः, एटले उ-पयोगद्वार. "उपयोजनं उपयोगः वा उपयुज्यते अनेन इति उपयोगः" एटले वस्तुपरिछेदने प्राप्त थवुं, अ-थवा जेणे करीने वस्तुस्वरूप उंलखाय, ते उपयोग कहीए. ते उपयोग साकार अने निराकारना नेदे करी बे प्रकारनो ठे. तेमां प्रत्येक वस्तुने नियमे करी ग्रहण करवी, एज तेनो परिणामरूप आकार, ते जेना योगे करी थाय, तेने साकार उपयोग कहीए, अने ए कहेलां लक्षणोथी जे निन्न उपयोग, तेने अनाकार उपयोग क-हीए, ते चक्षुदर्शन, अचक्षुदर्शन, अवधिदर्शन अने के-वलदर्शन ए चार नेदे ठे. तथा बीजो साकार उपयोग आठ प्रकारे ठे. तेमां समकितीनुं जाणपणुं ते मति-ज्ञानादिक पांच प्रकारे ठे, अने बीजुं मिथ्यात्वीनुं

जाणपणुं ते मतिअज्ञानादिक त्रण प्रकारे ठे; केमके मिथ्यात्वीने कुदेव, कुगुरु अने कुधर्मनी श्रद्धा प्रतीत ठे माटे, अने जाणपणा आश्री जोइए तो, ए हाथी ठे, ए घोमो ठे, ए पुरुष ठे, ए स्त्री ठे, एम केटलीएक वस्तुनी उंलखाण समकिती तथा मिथ्यात्वी ए बेउने बराबर ठे, माटे एटलुं मिथ्यात्वीनुं जाणपणुं पण खरुं ठे, तेथी तेने ज्ञान कहीए, अने कुदेवने देव करी माने कुधर्मने धर्म करी माने, तथा कुगुरुने गुरु करी माने ठे, तेमज बीजी पण केटली एक वस्तु समकिती जीवथी मिथ्यात्वी जीव विपरीत माने ठे. जेम कोइ एक जातना जीवने अजीव करी माने ठे, इत्यादिक वातोथी मिथ्यात्वीना ज्ञानने अज्ञान कहीए, अने पूर्वोक्त रीते कोइक सवलुं पण जाणे, माटे त्रण अज्ञानने पांच ज्ञाननी साथे मेलवतां सामान्ये आठ ज्ञान थयां, तथा चार दर्शन ठे, तेमां ठद्मस्थने प्रथम दर्शनोपयोग होय, ते सामान्य उपयोग कहीए, अने पठी ज्ञाने करी जाणे, ते विशेष उपयोग कहीए, अने श्री केवली जगवान् तो प्रथम स-

मये ज्ञाने करी जाणे, ते विशेष उपयोग अने बीजे समये दर्शने करी देखे, ते सामान्य उपयोग जाणवो. एम ए आठ ज्ञान अने चार दर्शन मळी बार प्रकारना उपयोगमां जे दंडके जेटला उपयोग लाभे, ते दंडके तेटला उपयोग कहेवा, ते पन्नरमुं उपयोगद्वार जाणवुं.

१६ सोलमुं ( उववाय के० ) उपपातः, एटले उपपातद्वार. ते " उपपतनमुपपातः" एटले एक समयने विषे चोवीश दंडकमांहेलां कया दंडके केटला जीव आवी उपजे, तेनी संख्या कहेवी, ते सोलमुं उपपातद्वार.

१७ सत्तरमुं ( चवण के० ) च्यवनं, एटले च्यवनद्वार. ते "च्यवंतेऽनेनेति च्यवनं" एटले चोवीश दंडकमांहेला कया कया दंडके एक समयमां केटला जीव च्यवे, तेनी संख्या कहेवी, ते सत्तरमुं च्यवनद्वारजाणवुं.

१८ अढारमुं ( ठिई के० ) स्थितिः. एटले स्थितिद्वार. ते आयुष्यनी स्थिति चोवीशे दंडकने विषे कहेवी. जेमके नरकादि गतिने विषे सांकल दंडे करी

बांध्या प्रमाणे आयुःकर्मनुं जे परिमाण रहे छे, तेने आयुष्य कहीए. ते जे दंमके जेटलुं आयु होय, ते दंमके तेटलुं कहेवुं ते अढारमुं स्थितिद्वार.

१ए उंगणीशमुं (पज्जत्ति के०) पर्याप्तिः, एटले छ पर्याप्ति नुं द्वार. तेमां पुद्गलना उपचयथी थयो जे पुद्गलपरिणामहेतु शक्तिविशेष, ते विषय नेदे छ प्रकारे छे. तेनां नाम कहे छे. एक आहारपर्याप्ति, बीजी शरीर, त्रीजी इंद्रिय, चोथी श्वासोच्छ्वास, पांचमी नाषा अने छठी मन. तेमां जे शक्तिए करी प्राणी मात्र आहार लइ तेने रसपणे परिणमावे, ते प्रथम आहारपर्याप्तिः, तथा जे शक्तिए करी जीव आहार लइ ते अन्नविकारथकी उत्पन्न थयां जे रस, रक्त, मांस, मेद, अस्थि, मज्जा अने शुक्र ए सप्त धातुपणे परिणमावे, ते बीजी शरीरपर्याप्तिः; तथा ते सप्त धातुरूप परिणामने पामेलो जे आहारादिक, तेथकी एक अथवा बे अथवा त्रण किंवा चार अथवा पांचे इंद्रियोने योग्य पोतपोताना इंद्रियरूप परिणामने पमाडे एवी जे शक्ति, तेने त्रीजी इंद्रियपर्याप्ति कहीए; तथा जेणे करी

वायुने शरीरमां आकर्षण करवो, ते श्वास अने वायुने शरीरथी बहार काढवो, ते निःश्वास. ते योग्य वर्गणादलिक लइने तेवा परिणामने परिणमावी अवलंबी मूकवानी शक्ति, ते चोथी श्वासोच्छ्वासपर्याप्ति जाणवी; तथा जेने योगे करी भाषा योग्य दलिक लइ भाषारूपने परिणमावी अवलंबी मूकवानी शक्ति, ते पांचमी भाषापर्याप्ति; तथा मनयोग दलिक ग्रहण करी मनोरुप परिणाम प्रत्ये पमाडी अवलंबी मूकवानी शक्ति, के जेना योगे मनन करवाने जीव समर्थ थाय छे, ते छठी मनःपर्याप्ति जाणवी. ए छ पर्याप्तिमांहे चोवीश दंडकमांहेला जे दंडके जेटली पर्याप्ति होय, ते दंडके तेटली कहेवी, ते ओगणीशमुं पर्याप्तिद्वार जाणवुं.

२० वीशमुं ( किमाहारे के० ) किमाहारः, एटले आहार तेनुं द्वार. ते चोवीश दंडकमांहेला कया दंडकना जीव कइ दिशानो आहार लेछे, एम बताववुं, ते वीशमुं किमाहार नामे द्वार जाणवुं

२१ एकवीशमुं ( सन्नी के० ) संज्ञी, एटले संज्ञाद्वार, ते जे जाणवुं, तेने संज्ञा कहीए. ते संज्ञा

त्रण प्रकारनी बे, एक दीर्घकालिकी संज्ञा, बीजी हेतुपदेशिकी संज्ञा, त्रीजी दृष्टिवादोपदेशिकी संज्ञा. तेमां जे घणा कालनी वात जाणे, एटले त्रिकालिक वस्तुनुं जाणपणुं, ते दीर्घकालिकी संज्ञा. ए संज्ञा पंचेंद्रिय पर्याप्ता जीवने होय, तथा जे पोताना शरीररक्षणने अर्थे इष्ट वस्तुमां प्रवर्त्ते अने अहित वस्तुथी निवर्त्ते, तथा तेनुं चिंतन वर्तमान कालमां पण रहे, ते हेतुपदेशिकी संज्ञा जाणवी. ए बेइंद्रियादिक विकलेंद्रिय जीव जे पोताना हितनी वात जाणे, तेने होय. तथा क्षायोशमिक ज्ञानवाळा अने यथाशक्ति रागादि दोषने वश करनार अने द्वादशांगीना जाणनार समयग्दृष्टिमां दृष्टिवादोपदेशिकी संज्ञा होय, परंतु ए संज्ञा मिथ्यातवीमां न होय, ए त्रण संज्ञामांहेली जे दंडके जेटली संज्ञा लाभे, त्यां तेटली कहेवी, ते एकवीसमुं संज्ञाद्वार.

२२ बावीसमुं (गइ के०) गतिः, एटले गतिद्वार. ते गमन करवुं, तेने गति कहीए. एटके भवांतरने विषे जवुं ते गति. तेमां चोवीश दंडकमांहेला कया

कया दंरुकना जीव मरीने कया कया दंरुकमां जइ उपजे, ते कहेवानुं बावीशमुं गतिद्वार,

२३ त्रेवीशमुं ( आगाइ के० ) आगतिः, एटले आगतिद्वार, “ आगमनं आगतिः. ” आगमन एटले जे नवांतर थकी आववुं. तेने आगति कहीए. अर्थात् कया कया दंरुकमां कया कया दंरुकना जीव आवी उपजे, ते कहेवानुं त्रेवीशमुं आगतिद्वार.

२४ चोवीशमुं ( वेए के० ) वेदः, एटले वेदद्वार, ते “ वेदनं वेदः. ” अर्थात् जे अनिलाष करवो, तेने वेद कहीए. ते वेद त्रण प्रकारना छे. तेमां जे पुरुष उपर अनिलाष करवो, इछा करवी, ते स्त्रीवेद. तेनां लक्षण कहे छे. योनि, मृदुपणानी अवस्था, मूर्खता, अबलता, कुच अने पुरुषोनी इछा, ए स्त्रीवेदनां लक्षण जाणवां. तथा स्त्री उपर जे अनिलाष करवो, तेने पुरुषवेद कहीए. तेनां लक्षण कहे छे. रेतःपतन, खरता दृढता, पराक्रम, श्मश्रु. धैर्य अने स्त्रीवांछा, ए सात लक्षण पुरुषवेदनां जाणवां. तथा स्त्री अने पुरुष ए बन्नेनो जे अनिलाष करवो, तेने नपुंसकवेद कहीए. तेनां लक्षण कहे छे स्तनादिक स्त्रीनां लक्षण तथा

श्मश्रुकेशादिक पुरुषनां लक्षण तेना नावानावे युक्त तथा मोहरूप अग्निए जाज्वल्यमान, ए लक्षण युक्त होय, ते नपुंसकवेद जाणवा. ए त्रण वेदमांथी जे दंमके जेटला वेद होय, ते दंमके तेटला कहेवा, तेनुं चोवीशमुं द्वार.

हवे बालावबोध करेली प्रतोमां ज्ञान पांच अने अज्ञान त्रण ए बेजनुं एक द्वार कही वेदद्वार त्रेवीशमुं कह्युं बे, अने चोवीशमुं अल्पबहुत्वद्वार कह्युं बे, अने टीकाकारे ज्ञानद्वार जूदुं करी मूल गाथाना पाठ मुजब चोवीशमुं वेदद्वारा कही पठी अल्पबहुत्व नामे पचीशमुं द्वार बेवटे कहेलुं बे, माटे अहींयां पचीशमुं अल्पबहुत्वद्वार कहीए ढीए. एटले कया दंमकना जीव सर्वथकी थोमा अने कया दंमकना जीव अधिक, एम क्रमे करी कहेवुं, तेने अल्पबहुत्व द्वार कहीए. त्रीजी गाथामां चकार बे, ते समुच्चयार्थवाचक बे ॥३॥४॥

हवे पूर्वोक्त चोवीश दंडकोने विषे ए चोवीश द्वार निरूपण करे छे.

चउ गब्नतिरियवाउसु, मणुआणं पंच सेस
तिसरीरा॥ थावरचउगे दुहउ, अंगुलअ-
संखन्नाग तणू ॥ ५ ॥

गाथा ५ मीनां छूटा शब्दना अर्थ.

चउ–चार.
गब्भतिरिय–गर्भज तिर्यंच अने
वाउसु–वायुकायने विषे.
मणुआणं–मनुष्यने.
पंच–पांच.
सेस–बाकीना.
तिसरीरा–त्रण शरीरवाळा.
थावरचउगे–स्थावरचतुष्कमां.
दुहओ–बे प्रकारनुं ( जघन्यथी अने उत्कृष्टथी ).
अंगुल–अंगुलनो.
असंखभाग–असंख्यातमो भाग.
तणू–शरीर

विस्तारार्थः–तेमां प्रथम गाथाना पूर्वार्धे करी चोवीश दंडकोने विषे पांच शरीरनुं द्वार कहे छे. (गब्भयतिरियवाउसु के०) गर्भजतिर्यग्वाय्वोः, एटले जलचर, थलचर, खेचर, उरःपरिसर्प अने भुजपरिसर्प ए गर्भज तिर्यंच अने वाउकाय ए बे दंडकोने विषे एक औदारिक, बीजुं वैक्रिय, त्रीजुं तैजस अने चोथुं कार्मण, ए ( चउ के० ) चतस्रः एटले चार तनु–शरीर होय, परंतु संमूर्छिम तिर्यंचने औदारिक, तैजस अने कार्मण ए त्रण शरीर होय, अने ( मणुआणं के० ) मनुष्याणां, एटले मनुष्यना एक दंडकने विषे ( पंच के० ) पंच, एटले पांचे शरीर होय, केमके पर्याप्ता संख्याता आयुष्यवा-

ळा कर्मभूमिना सम्यग्दृष्टि प्रमत्त गुणठाणे वर्त्तता बुद्धिए प्राज्ञ एवा मुनि आहारक शरीर करे छे. शरीरनुं समचतुरस्र संस्थान होय, ते गर्भज मनुष्यने होय ,पण समूर्छिम मनुष्यने औदारिक, तैजस अने कार्मण ए ए त्रण शरीर होय. एवं त्रण दंडके शरीर कह्यां; अने (सेस के० ) शेसाः, एटले शेष रह्या जे एकवीश दंडक-वालां जीव, ते (तीसरीरा के०) त्रीसरीराः, एटले त्रण शरीरवाळा होय. ते आवी रीते—नारकीनो एक दंडक तथा देवोना तेर दंडक, एवं चौद दंडकने विषे तो एक वैक्रिय, बीजुं तैजस, अने त्रीजुं कार्मण ए त्रण शरीर होय. तथा एक वायुकाय विना चार थावरना चार दंडक तेमज त्रण विकलेंद्रियना त्रण दंडक, ए सात दंडकने विषे एक औदारिक, बीजुं तैजस अने त्रीजुं कार्मण, ए त्रण शरीर होय. ए चोवीश दंडके पांच शरीरनुं प्रथम द्वार कह्युं.

हवे बीजुं अवगाहना एटले शरीरना उंच पणाना प्रमाणनुं द्वार कहे छे.

(थावरचउगे के०) स्थावरचतुष्के, एटले एक वनस्पतिकाय मूकीने बाकी चार स्थावरने विषे एक

उत्कृष्टथी अने बीजुं जघन्यथी एवुं (दुहउ के०) द्विभेदा वा द्विकतः एटले बे प्रकारनुं (तणु के०) तनुः, एटले शरीर ते (अंगुलअसंखभाग के०) अंगुलाख्यभाग, एटले अंगुलना असंख्यातमा भाग प्रमाण होय, परंतु जघन्य शरीर करतां उत्कृष्ट शरीरमान असंख्यात गुणाधिक होय. ॥ ५ ॥

सव्वेसिंपि जहन्ना, साहाविय अंगुलस्स
असंखस्सो॥ उक्कोस पणसयधणू, नरे-
इया सत्तहत्थ सुरा ॥ ६ ॥

गाथा ६ ठ्ठीना छुटा शब्दना अर्थ.

सव्वेसिंपि—सर्वने विषे पण.
जहन्ना—जघन्य थकी.
साहाविय—स्वाभाविक.
अंगुलस्स—अंगुलना.
असंखस्सो—असंख्यातमो भाग.
उक्कोस—उत्कृष्ट थकी.
पणसय—पांचसें.
धणू—धनुष्य
नेरइआ—नारकी.
सत्तहच्छ—सात हाथ.
सुरा—देवता.

विस्तारार्थः—ए उपरनी गाथाना उत्तरार्धमां कहेला जे स्थावर जीवोना चार दंडक, ते मूकीने बाकी रह्या

जे वीश दंमक ते (सव्वेसिं के०) सर्वं एटले सर्व दंमकने विषे (पि, के०) अपि, एटले पण (जहन्ना के०) जघन्या, एटले जघन्य तनु शरीर (साहाविय के०) स्वाजाविका, एटले स्वाजाविक आरंजती वेलाए (अंलगुस्स असंखस्सो के०) अंगुलस्या संख्याता एटले अंगुलना असंख्यातमा जाग जेटलुं जाणवुं. हवे ए बीशे दंमकनुं (उक्कोस के०) उत्कृष्टतः, एटले उत्कृष्ट शरीरनुं मान कहे ठे, ते मध्ये (नेरश्या के०) नैरयिकाः, एटले नारकीना एक दंमकना जीवो शरीरना उंचपणे (पणसयधणु के०) पंचशतधनुः, एटले पांचसो धनुसुधी उंचा होय, अने (सुरा के०) सुराः, एटले देवताना तेर दंमकना जीवो शरीरना माने (सत्तहत्थ के०) सप्तहस्तं एटले सात हाथ सुधी उंचा जाणवा.

आ ठेकाणे साते नारकीनुं जुडुं जुडुं शरीरमान कही देखाडे ठे. तेमां सातमा नरके पांचसें धनुष्य, ठठा नरके अढीसें धनुष्य, पांचमाए सवासो धनुष्य, चोथाए साडी बासठ धनुष्य, त्रीजाए सवा एकत्रीस

धनुष्य, बीजाए साडा पंदर धनुष्य ने बार अंगुल, पहेलाए पोणा आठ धनुष्य ने छ अंगुल, ए प्रमाणे शरीरनुं मान जाणवुं.

देवतामां जवनपति, व्यंतर, ज्योतिष्क तथा सो-धर्म अने ईशान ए बे देवलोक पर्यंत सात हाथनुं शरीर जाणवुं. त्यार पछी त्रीजा सनत्कुमार अने चोथा महेंद्र ए बे देवलोकमां छ हाथनुं शरीर जाणवुं; अने पांचमा ब्रह्म तथा छठ्ठा लांतक ए बे देवलोकमां पांच हाथनुं शरीर जाणवुं. तथा सातमा शुक्र अने आठमां सहस्त्रार ए बे देवलोकमां चार हाथनुं शरीर जाणवुं. तथा नवमा आनत, दशमा प्राणत, अगीयारमा आ-रण अने बारमा अच्युत ए चार देवलोकमां त्रण हाथनुं शरीर जाणवुं. तथा नव ग्रैवेयके बे हाथनुं शरीर अने पांच अनुत्तरविमाने एक हाथनुं शरीर जाणवुं ॥ ६ ॥

गब्भतिरिसहस्सजोयण, वणस्सइअहिय-
जोयण सहस्सं ॥ नरतेइंदितिगाउ,
बेइंदिय जोयणे बार ॥ ७ ॥

गाथा ७ मीना छुटा शब्दना अर्थ.

गब्भतिरि–गर्भज तिर्यंचनुं.
सहस्स–हजार.
जोयण–योजन.
वणस्सइ–वनस्पतिनुं
अहिय–अधिक.
जोयण–योजन.
सहस्सं–एक हजार.
नर–मनुष्य अने.
तेइंदि–तेइंद्रियनुं.
तिगाउ–त्रण गाउ.
बेइंदिय–बेइंद्रियनुं.
जोयणे–योजन.
बार–बार.

विस्तारार्थः–(गब्भतिरि सहस्सजोयण के०) गर्भज-तिर्यक्सहस्रयोजनं, एटले गर्भज तिर्यंचमां स्वयंभूरमण समुद्रना माछला प्रमुखना शरीरनुं मान एक हजार योजन जाणवुं, तथा (वणस्सइअहियजोयणसहस्सं के०) वनस्पत्यधिकयोजनसहस्त्रं, प्रत्येक वनस्पतिकाय जीवोनुं शरीरम्हान कांइक ऊाऊेरुं एवुं एक हजार योजन जाणवुं, ए शरीरमान समुद्र अने पद्मद्रहने विषे कमलना नालप्रमुखनुं जाणवुं, ए मान उपरांत पछी पृथ्वीनो विकार जाणवो. तथा (नरतेइंदियतिगाउ के०) नरत्रींद्रियत्रिगव्युति, एटले गर्भज मनुष्य तेइंद्रिय ए बे

दंरुकना जीवोनुं शरीर त्रण गाउ जाणवुं. ( बेइंद्रिय के० ) द्धिद्रियाः, एटले बेइंद्रिय जीवो शरीरना माने ( जोयणे बार के० ) द्धादश योजनानि, एटले बार योजनसूधी जाणवा. ए सर्व योजन उत्सेधांगुले निपज्या लेवा ॥ इति ॥ ७ ॥

जोयणमेगं चउरिं,-- दिदेहमुच्चत्तणं सुए

जणियं ॥ वेउव्वियदेहं पुण, अं-

गुलसंखं समारंजे ॥ ८ ॥

गाथा ८ मीना छुटा शब्दना अर्थ.

जोयणं–योजन.
एगं–एक.
चउरिंदि–चौरिंद्रियनुं.
देहं–शरीर.
उच्चत्तणं–उंचपणे.
सुए–सूत्रने विषे.
भणियं–कह्यु छे.
बेउव्वियदेहं–वैक्रिय शरीर.
पुण–वली.
अगुलसंखं–अंगुलनो संख्यातमो भाग.
समारंभे–आरंभती वेलाए.

विस्तारार्थः–मक्षिका, भ्रमर, दंशक, कंसारी प्रमुख ( चउरिंदि देहं के० ) चतुरिंद्रिय देहः, एटले चतुरिंद्रिय जीवोनुं शरीर ( जोयणमेगं के० ) योजनमेकं-

एटले एक योजन सुधी ( उच्चत्तणं के० ) उच्चत्वेन उंच-पणे पन्नवणा प्रमुख ( सुए के० ) सूत्रे, एटले सूत्रमां ( ज्ञणियं के० ) ज्ञणितं कथितं, एटले कह्युं छे. ए सर्व उत्कृष्टथी शरीरनी अवगाहना कही, अने ए मानथकी हीन हीन करतां यावत् अंगुलनो असंख्यातमो ज्ञाग एक प्रदेशे अधिक होय, ते सर्व मध्यम अवगाहना जाणवी. एम सर्वत्र उत्कृष्ट अवगाहनाथी प्रदेशादिके हीन अने जघन्यथकी प्रदेशादिके अधिक ते मध्य अवगाहना जाणवी.

हवे जे जे दंमके वैक्रिय शरीर छे, तेनुं प्रमाण कही देखाडे छे. तेमां प्रथम जघन्य अवगाहना कहे छे. ( वेउव्वयदेहं के० ) वैक्रियदेहः, एटले वैक्रिय शरीर ते ( पुण के० ) पुनः, एटले वली ( अंगुलसंखं के० ) अंगुलासंख्यः, एटले एक अंगुलनो संख्यातमो ज्ञाग ( समारंज्ञे के० ) समारंज्ञे. एटले आरंज्ञती वेलाए एटले विकुर्वणा करती वेलाए पहेला समयमां होय ॥ ७ ॥ त्यारपछी वधतुं वधतुं जो अत्यंत वधे, तो कया दंमके केटलुं केटलुं वधे—विकुर्वणा करे, तेनुं प्रमाण आगली गाथाए कहे छे.

देव नर अहिय लक्खं, तिरियाणं नव य जोयणसयाइं ॥ दुगुणं तु नारयाणं, भणियं वेउव्वियसरीरं ॥ ९ ॥

गाथा ९ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| देव–देवता. | दुगुणं–बमणुं. |
| नर–मनुष्य. | तु–वळी, पण. |
| अहिअ–अधिक. | नारयाणं–नारकीनुं. |
| लक्खं–लाख. | भणियं–कह्युं. |
| तिरियाणं–तिर्यंचनुं. | वेउव्वियसरीरं–वैक्रिय शरीर. |
| नव य जोयणसयाइं–नवसें योजन. | |

विस्तारार्थः–( देव के० ) देवः, एटले देवता ( लक्खं के० ) लक्षं, एटले एक लाख योजन वैक्रिय शरीर विकुर्वे, अने ( नर के० ) नरः, एटले मनुष्य ( अहिय लक्खं के० ) अधिकं लक्षं, एटले कांईक अधिक एक लाख योजनसुधी अधिक वैक्रिय शरीर विकुर्वे, विष्णुकुमारनी पेठे केमके देवता जे छे, ते स्वभावेज पृथिवीथकी चार अंगुल उंचा उभा रहे छे, अने मनुष्य तो पृथ्वी उपरज उभा रहे, परंतु ज्यारे वैक्रिय

शरीर करे, त्यारे देवता तथा मनुष्य ए बेउ उन्ना थका मस्तकनी पासे सरखा देखाय, माटे मनुष्य लाख योजनथी चार अंगुल अधिक वैक्रिय शरीर करे, तोज उन्ना थका सरखा देखाय. ( य के० ) तथा ( तिरियाणं के० ) तिरश्वां एटले तिर्यञ्च जीवोनुं विकुर्वे, तो ( नव जोयणसयाइं के० ) नव योजनशतानि, एटले नवसें योजन सुधीनु वैक्रिय शरीर थाय. ( तु के० ) तु एटले वली ( नारयाणं ) नारकाणां, एटले नारकी जीवोनुं पोतपोताना शरीरथकी ( डुगुणं के० ) द्विगुणं, एटले बमणुं विकुर्वे त्यारे थाय, अर्थात् जेनुं पांचसें धनुष्यनुं स्वान्नाविक शरीर होय, ते मूल शरीरथी बमणुं-हजार योजननुं विकुर्वणाकाले वैक्रिय शरीर करी शके. ए रीते ( वेउव्वियसरीरं के० ) वैक्रियशरीरं. एटले वैक्रिय शरीर जे दंमके जेटलुं बे, ते दंमके तेटलुं (नणियं के०) नणितं, एटले कह्युं ॥ ए ॥

हवे ए वैक्रिय विकुर्वणा कया दंडकना जीवोने केटला काल पर्यंत रहे, ते कहे छे.

अंतमुहुत्तं निरए, मुहुत्त चत्तारि तिरिय-

मणुएसु ॥ देवेसु अद्धमासो, उक्कोस
विउव्वणाकालो ॥ १० ॥

गाथा १० मीना छुटा शब्दना अर्थ.

अंतमुहुत्तं–अंतर्मुहुर्त्त.
निरए–नारकीने विषे
मुहुत्त–मुहुर्त्त
चत्तारि–चार
तिरियमणुएसु–तिर्यंच अने मनुष्यने विषे,
देवेसु–देवताने विषे
अद्धमासो–अर्ध मास
उक्कोस–उत्कृष्टथी
विउव्वणा–विकुर्वणानो
कालो–काल

विस्तारार्थः–(निरए के०) निरए, एटले नारकीना दंडकने विषे (अंतमुहुत्तं के०) अंतरमुहूर्त, एटले एक अंतर्मुहूर्त्त पर्यंत वैक्रिय शरीरनी विकुर्वणा रहे, त्यार पछी विसराल थइ जाय, अने (तिरियमणुएसु के०) तिर्यग्मनुष्ययोः, एटले तिर्यंच अने मनुष्यना दंडकने विषे (चत्तारि मुहुत्त के०) चत्वारि मुहूर्तानि एटले, चार मुहूर्त्त एटले एक पहोर पर्यंत वैक्रिय शरीरनी विकुर्वणा रहे, पछी विसराल थाय. तथा (देवेसु के०)

देवेषु, एटले देवताउंना दंडकोने विषे (अद्धमासो के०) अर्धमासः, एटले पंदर दिवस पर्यंत वैक्रिय शरीरनी विकुर्वणा रहे, पछी विसराल थाय. ए (उक्कोस के०) उत्कृष्टः, एटले उत्कृष्टो ( विउव्वणाकालो के० ) विकुर्वणाकालः, एटले वैक्रिय शरीरनी विकुर्वणानो काल कह्यो. अहीं नव ग्रैवेयक तथा पांच अनुत्तर विमानना देवोने कांइ उत्तरवैक्रिय शरीर करवुं पडतुं नथी, केमके तेमनामां वैक्रिय शरीर करवानुं सामर्थ्य छतां पण तेने ते शरीर करवानुं कोइ प्रयोजन उपजतुं नथी माटे. अहीं देव अने नारकीने भवप्रत्ययिक वैक्रिय शरीर छे, अने मनुष्य तथा तिर्यंचने लब्धिप्रत्ययिक वैक्रिय शरीर छे, ए रीते बीजुं अवगाहनाद्वार कह्युं ॥१०॥

हवे त्रीजुं संघयणद्वार कहे छे.

थावरसुरनेरइया, असंघयणा य विगलछेवठ्ठं ॥
संघयणछग्गं गब्भय,--नरतिरिएसु वि
मुणेयव्वं ॥ ११ ॥

गाथा ११ मीना छुटा शब्दना अर्थ.

थावर–स्थावर.
सुर–देवता.
नेरइया–नारकी.
असंघयणा–संघयण रहित.
य–अने.
विगल–विकलेंद्रियनुं.
छेवट्ठं–छेवठुं.
संघयण–संघयण.
छग्गं–छए.
गब्भय–गर्भज.
नर–मनुष्य.
तिरिएसु–तिर्यंचने विषे.
वि–पण
मुणेयव्वं–जाणवां.

विस्तारार्थः–पृथिवी, अप्, तेज, वायु अने वनस्पति, ए (थावर सुरनेरइया के०) स्थावरसुरनैरयिकाः, एटले स्थावरना पांच दंडक तथा देवताना तेर दंडक तथा नैरयिक एटले नारकीनो एक दंडक, ए सर्व मली उगणीश दंडकना जीवो, ते (असंघयणा के०) असंहननाः, एटले छए संघयणथकी रहित होय, एटले ज्यां हाड मांस होय त्यां संघयण होय. ते हाड तथा मांस ए उगणीश दंडके नथी, माटे ए संघयण रहित कह्या. (य के०) च एटलेवली, अहीं च समुच्चय अर्थमां छे. तेथी सिद्धांतना मते देव अने नारकी बलने आश्री पहेला संघयणवाळा छे. तथा बेइंद्रिय, तेइंद्रिय तथा चौरिंद्रियए (विगल छेवठं के०) विकलसेवार्त,

एटले विकलेंद्रियना त्रण दंरुकने विषे एक सेवार्त्त एटले छेवठुं संहनन होय. वली कर्मग्रंथवाला तो संमूर्छिम पंचेंद्रिय तिर्यंचने पण छ संघयण कहे छे. कोइ स्थले एकेंद्रियने सेवार्त्त कहे छे, अने देवोने वज्रऋषभनाराच कहेलुं छे, ते औपचारिक जाणवुं. ( गप्नयनरतिरिएसु वि के० ) गर्न्ननरतिरश्चोरपि गर्भज मनुष्य अने गर्न्नजे तिर्यंच ए बे जातिना जीवना बे दंरुकने विषे पण ( संघयण छग्गं के० ) संहनषट्कं, एटले छए संघयण ( मुणेयव्वं के० ) ज्ञातव्यं, एटले जाणवां. ए त्रीजुं संघयणद्वार कह्युं ॥ ११ ॥

हवे चोथुं संज्ञाद्वार कहे छे:

सव्वेसिं चउ दह वा, सणा सव्वे सुरा
य चउरंसा ॥ नरतिरि छसंठाणा,
हुंमा विगलिंदिनेरइया ॥ १२ ॥

गाथा १२ मीना छुटा शब्दना अर्थ.

सव्वेसिं—सर्वे दंडकोने विषे.
चउ—चार.
दह—दश.
वा—अथवा.

सणा–सञ्ज्ञा.
सव्वे–सर्वे.
सुरा–देवता.
य–अने.
चउरंसा–समचतुरस्त्रवाळा.
नरतिरि–मनुष्य अने तीर्यंच.
छसंठाणा–छ संस्थानवाळा.
हुंडा–हुंडक संस्थानवाळा.
विगलिंदि–विकलेंद्रिय.
नेरइया–नारकी.

विस्तारार्थः–एकेंद्रियथी मांडीने ( सव्वेसिं के० ) सर्वेषु, एटले सर्वे चोवीशे दंडकने विषे आहार, भय, मैथुन, परिग्रह, ए ( चउ के० ) चतस्त्रः, एटले चार संज्ञा ( वा के० ) वा, एटले अथवा ( दह के० ) दश, ( सणा के० ) संज्ञा होय. ते क्रोध, मान, माया, लोभ, उघ, लोक अने पूर्वोक्त आहारादिकचार मळी दश जाणवी. अथवा पूर्वे कहेली सोल संज्ञा होय. ए चोथुं संज्ञाद्वार कह्युं. ( य के० ) अने,

हवे पांचमुं संस्थानद्वार कहे छे.

( सव्व सुरा के० ) सर्वे सुराः, एटले सघला ए तेरे दंडकना देवता ते ( चउरंसा के० ) चतुरस्त्राः, एटले एक समचतुरस्त्र संस्थानना धारक जाणवा. ते देवोनां नाम कहे छे.

प्रथम पंदर जातिना परमाधार्मिक देवता कहे छे.

१ अंब, २ अंबरसी, ३ श्याम, ४ संबल, ५ रुद्र, ६ उपरुद्र, ७ काल, ८ महाकाल, ९ असिपत्र, १० धनुष, ११ कुंजी, १२ कालु, १३ वैतरणी, १४ खरस्वर, १५ महाघोष.

हवे सोल जातिना व्यंतर देवोनां नाम कहे छे. १ पिचाश, २ भूत, ३ यक्ष, ४ राक्षस, ५ किन्नर, ६ किंपुरूष, ७ महोरग, ८ गंधर्व, ए आठ व्यंतर अने ९ अणप्रज्ञ, १० पंचप्रज्ञ, ११ ऋषिवादी, १२ भुतवादी, १३ क्रंदी, १४ महाक्रंदी, १५ कुष्मारू, १६ पतंग. ए आठ जातिना वाणव्यंतर मलीने सोल जातिना व्यंतर देवो समजवा.

दश जातिना भवनपतिनां नाम कहे छे– १ असुरकुमार, २ नागकुमार, ३ सुवर्णकुमार, ४ विद्युत्कुमार, ५ अग्निकुमार, ६ द्वीपकुमार, ७ उदधिकुमार, ८ दिशाकुमार, ९ पवनकुमार, १० स्तनितकुमार.

दश जातिना तिर्यग्जृंभक देवोनां नाम कहे छे– १ अन्नजृंभक, २ पानजृंभक, ३ वस्त्रजृंभक, ४ लेणजृं-

जक, लेण एटले घर जाणवुं. ५ पुष्पजृंजक, ६ फल-जृंजक, ७ पुष्पफलजृंजक, ८ शयनजृंजक, ९ विद्याजृं-जक, १० अवियत्तजृंजक. ए दश जेदवाला तिर्यग्-जृंजक देवोना रहेवानां स्थान कहे छे. अढी द्वीपमां पांच महाविदेहक्षेत्रना १६० विजयना १६० वैताढय, अने पांच जरत तथा पांच ऐरवतना दश वैताढय मली १७० दीर्घ वैताढय पर्वत छे, तेने विषे ए देवो रहे छे, तथा वली देवकुरुमांहे शीतोदा नदीने बे पासे चित्रकूट अने विचित्रकूट नामे पर्वत छे, त्यां रहे छे. तथा उत्तरकुरूमांहे सीता नामे नदी छे, तेनी बे पासे यमक नामे बे पर्वत छे, त्यां रहे छे. तथा सीता नदीना नीलवंत प्रमुख पांच द्रह छे, ते एकेक द्रहनी पूर्वे अने पश्चिमे दश कांचनगिरि पर्वत करतां एकसो कांचनगिरि छे. एम सीतोदा नदीना नीलवंत प्र-मुख पांच द्रहनी बे पासेना एकसो कांचनगिरि मली बसें कांचनगिरि जंबूद्वीपना छे. तथा तेथी बमणा धातकीखंडना चारसें कांचनगिरि अने पुष्करार्द्धना पण चारसें मली अढी द्वीपमां एक

हजार कांचनगिरि पर्वत छे, त्यां ए देवो रहे छे. एम ए चार स्थानके तिर्यग्जृंभक देवो रहे छे. ए देवोनुं एक पल्योपम आयु छे. ए अधिकार श्रीभगवती सूत्रना चौदमा शतकना आठमा उद्देशामां छे. ए सर्व एकावन जातिना देवता व्यंतर मध्ये भळे. ए सर्वनुं समचतुरस्र संस्थान छे.

हवे ज्योतिषी देवोना दश भेद कहे छे चंद्रमा, सूर्य, ग्रह, नक्षत्र अने तारा ए पांच जातिना अढी द्वीपमां फरे छे, ते चर कहेवाय, अने पांच जातिना अढी द्वीपथी बहार छे, ते फरता नथी, माटे स्थिर कहेवाय. ए दश भेद थया. एने समचतुरस्र संस्थान छे.

हवे नव जातिना लोकांतिक देवो कहे छे. १ सारस्वत, २ आदित्य, ३ वह्नि, ४ अरुण, ५ गर्दतोय, ६ तुषित, ७ अव्याबाध, ८ आग्नेय, ९ अरिष्ट.

हवे त्रण जातिना किल्बिषिया देवो कहे छे— पहेला सोधर्म अने ईशान ए बे देवलोकनी हेठे रहे छे. बीजा सनत्कुमार अने माहेंद्र ए बे देवलोकनी

हेठे रहे छे. त्रीजा ब्रह्म अने लांतक ए बे देवलोकनी हेठे रहे छे.

हवे बार देवलोकनां नाम कहे छे–एक सोधर्म, बीजो ईशान, त्रीजो सनत्कुमार, चोथो माहेंद्र, पांचमो ब्रह्म, छठो लांतग, सातमो शुक्र, आठमो सहस्त्रार, नवमो आनत, दशमो प्राणत, अगीयारमो आरण, बारमो अच्युत.

नव ग्रैवेयकनां नाम कहे छे. १ सुदर्शन, २ सुप्रतिष्ठ, ३ मनोरम, ४ सर्वतोजद्र, ५ विशाल, ६ सौम्य, ७ सौमनस, ८ प्रीतिकर, ए आदित्य.

पांच अनुत्तरविमाननां नाम कहे छे–एक विजय, बीजुं वैजयंत, त्रीजुं जयंत, चोथुं अपराजित, पांचमुं सर्वार्थसिद्ध ए सर्व देवोनुं समचतुरस्त्र संस्थान जाणवुं,

( नरतिरि के ) नरतिर्यंचो, एटले मनुष्य अने तिर्यंच ए बे दंकना जीवो ( छसंठाणा के० ) षट्संस्थानो, एटले छए संस्थानवाळा घणा जीव आश्रयी लाभे. अने ( विगलिंदि नेरइया के० ) विकलेंदियनैरयिकाः, एटले विकलेंद्रियना त्रण दंकक तथा नारकी-

नो एक दंरुक मली चार दंरुकना जीवो एकज (हुंरु केण) हुंरुकाः, एटले हुंरुकसंस्थानवाळा होय. ए उंगणीश दंरुके संस्थान कह्यां ॥१२॥ हवे पांच स्थावरना पांच दंरुकना जीवो व प्रकारनां संस्थानसहित वे, तोपण संस्थानोना आकारना नेदपणाथी तेमनां पण संस्थान कहे वे.

नाणाविहधयसूई,--बुब्बुह वणवाउतेउ-
अपकाया ॥ पुढवी मसूरचंदा,--कारा
संगणउ नणिया ॥ १३ ॥

गाथा १३ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| नाणाविह–नानाविध भिन्न भिन्न. | अपकाया–अप्काय. |
| धय–ध्वजा. | पुढवी–पृथ्वीकाय. |
| सूई–सोइ. | मसुर–मसुरनी दाल. |
| बुब्बुह–परपोटा. | चंदाकारा–चंद्रमाने आकारे. |
| वण–वनस्पतिकाय. | संठाणओ–संस्थान. |
| वाउ–वायुकाय. | भणिया–कह्यां छे. |
| तेउ–तेउकाय. | |

विस्तारार्थः–( वण वाउ तेउ अपकाया केण )

वनवायु तेजोऽप्कायाः, एटले वनस्पतिकाय, वायुकाय, तेजस्काय अने अप्काय ए चार दंमकना जीवो अनुक्रमे ( नाणा विहधयसुईबुब्बुह के० ) नाना विधध्वज सुची बुद्बुदाः, एटले भिन्न भिन्न, ध्वजा. सोय अने जलना परपोटाना आकारे संस्थानवाळा होय. एटले वनस्पतिनुं जुदी जुदी जातनुं, वायुनुं ध्वजाना आकारे, तेजस्कायनुं सोयना आकारे अने अप्कायनु पाणीना परपोटाना आकारे संस्थान जाणवुं. तथा (पुढवी के०) पृथ्वी, एटले पृथ्वीकायना दंमकना जीव ( मसूरचंदाकारा के०) मसूरचंद्राकारा, एटले अर्धी मसूरनी दाळ (अथवा तुवरनी दाळ) ना आकारवाळी अने चंद्रमा जेवा आकारवाळा होय. ए पांच दंमकना जीवो संबंधी शरीरनां ( संठाणउं के० ) संस्थानानि, एटले संस्थान ते भगवती प्रमुख सिद्धांतने विषे ( भणिया के० ) भणितानि, एटले कह्यां छे. चोवीशे दंमके पांचमुं संस्थानद्वार कह्युं.

हवे छठुं कषायद्वार कहे छे.

## सव्वेवि चउकसाया, लेसछग्गं गब्भ-
## तिरियमणुएसु ॥ नारयतेऊवाऊ,-
## विगला वेमाणिय तिलेसा ॥ १४ ॥

गाथा १४ मीना छुटा शब्दना अर्थ.

सव्वेवि–सर्वे पण.
चउकसाया–चार कषायवाला.
लेसछग्गं–छ लेश्या.
गब्भतिरियमणुएसु–गर्भज तिर्यंच अने मनुष्यने विषे.
नायर–नारकी जीवो.
तेऊ–तेउकाय.
वाऊ–वायुकाय.
विगला–विकलेंद्रिय.
वेमाणिय–वैमानिक.
तिलेसा–त्रण लेश्यावाला.

विस्तारार्थः– ( सव्वेवि के० ) सर्वेऽपि, एटले समस्त चोवीशे दंडकोना जीवो पण क्रोध, मान, माया, अने लोभ, ए (चउकसाया के०) चतुःकषायाः, एटले चारे कषाय वाळा होय. ए छठुं कषायद्वार कह्युं.

हवे सातमुं लेश्याद्वार कहे छे. (गब्भतिरियमणुएसु के०) गर्भजतिर्यग्मनुष्ययोः, एटले गर्भज तिर्यंच अने गर्भज मनुष्य, ए बे दंडकने विषे ( लेसछग्गं के० ) लेश्याषट्कं, एटले छए लेश्या होय, तथा ( नारयतेऊ-

वाऊ विकला के० ) नारकतेजो वायुविकलाः, एटले नारकीनो एक दंरूक अने तेउकायनो दंरूक तथा वायुकायनो दंरूक अने विकलेंद्रियना त्रण दंरूक, ए ब दंरूकोना जीवो कृष्ण, नील अने कापोत, ए (तिलेसा के० ) त्रीलेश्याः, एटले त्रण लेश्याउवाळा होय, तेमां सात नारकीमां पहेली अने बीजीमां कापोत, त्रीजीमां उपरना नागमां कापोत अने नीचेना नागमां निल, चोथीमां नील, पांचमीमां नील अने कृष्ण बहीमां अने सातमीमां कृष्ण लेश्या होय. तथा ( वेमाणिय के० ) वैमानिकाः, एटले वैमानिक देवोना एक दंरूकना जीवो पण तेजो, पद्म अने शुक्ल ए त्रण लेश्यावाळा होय. तेमां सौधर्म अने इशानमां तेजोलेश्या त्रण कल्पमां पद्मलेश्या अने लांतकविगेरेमां शुल्कलेश्या होय. ए नव दंरूके लेश्या कही ॥ १४ ॥

जोइसियतेउलेसा, सेसा सव्वेवि हुंति चउ-
लेसा ॥ इंदियदारं सुगमं, मणुआणं
सत्त समुग्घाया ॥ १५ ॥

गाथा १५ मीना छुटा शब्दना अर्थ.

जोइसिय–ज्योतिष्कनी.
तेउलेसा–तेजो लेश्या.
सेसा–बाकीना.
सव्वेवि–सर्वे पण.
हुंति–होय छे.
चउलेसा–चार लेश्यावाला.
इंदियदारं–इंद्रियद्वार.
सुगमं–सुगम, सहेलुं.
मणुआणं–मनुष्योना.
सत्त–सात.
समुग्घाया–समुद्घात.

विस्तारार्थः—( जोइसिय तेजोलेसा के० ) ज्योतिष्क तेजोलेश्या, एटले ज्योतिष्क देवोना दंडके एक तेजो लेश्या होय, तेजोलेश्यावाळा केटलाक देवो पृथ्वी, जल अने वनस्पतिमां उत्पन्न थाय छे, तेथी केटलोक काल सुधी तेमने तेजोलेश्यानो संभव छे. अने ( सेसा के० ) शेषाः. एटले शेष रह्या जे दश भवनपतिना दश दंडक, अगीयारमो व्यंतर देवोनो, बारमो पृथ्वीकायनो, तेरमो अपकायनो, चौदमो वनस्पतिकायनो, ए (सव्वि के०) सर्वे, एटले सर्व चौदे दंडकोना जीवो पण कृष्ण, नील, कापोत अने चोथी तेजो, ए ( चउलेसा के० ( चतुर्लेश्याः, एटले चार लेश्यावाळा (हुंती के०)

ज्ञवंति, एटले होय. ए चोवीशे दंरूकोने विषे सातमुं लेश्याद्वार कह्युं.

हवे आठमुं इंद्रियद्वार कहे छे. ( इंदियदारं सुगमं के० ) इंद्रियद्वारं सुगमं, एटले ते इंद्रियद्वार सुगम छे, तोपण कांइक विशेष कहीए छीए. स्थावरना पांच दंरूके एक स्पर्शेंद्रियज होय, अने विकलेंद्रियना त्रण दंरूकमांथी बेइंद्रियने एक शरीर, बीजी रसना एटले जीज्ञ, ए बे इंद्रियो होय. तथा तेइंद्रियने एक शरीर, बीजी जीज्ञ, त्रीजी नासिका, ए त्रण इंद्रियो होय. तथा चोरिंद्रियने एक शरीर, बीजी जीज्ञ, त्रीजी नासिका अने चोथी चक्षु, ए चार इंद्रियो होय. ए पांच स्थावरना पांच अने त्रण विकलेंद्रियना त्रण मली आठ दंरूके इंद्रियोनो विचार कह्यो.

हवे शेष रह्या जे दश ज्ञवनपतिना दश दंरूक, तथा एक व्यंतरनो, एक ज्योतिषीनो अने एक वैमानिकनो मलीने देवोना तेर दंरूक तथा चौदमो गर्ज्ञज मनुष्यनो पंदरमो गर्ज्ञज तिर्यंचनो अने शोलमो नारकीनो, ए सोल दंरूके शरीर, जीज्ञ, नासिका, चक्षु

अने कान, ए पांच इंद्रियो होय. ए आठमुं इंद्रिय-द्वार कह्युं.

हवे नवमुं समुद्घातद्वार कहे छे.

(मणुआणं के०) मनुष्याणां, एटले मनुष्यना एक दंडके (सत्त समुग्घाया के०) सप्त समुद्घाताः, एटले वेदनादिक साते समुद्घात होय ॥ १५ ॥

हवे ए साते समुद्घातनां नाम कहे छे.

वेयण कसाय मरणे, वेउव्विय तेयए
य आहारे ॥ केवलि य समुग्घाया,
सत्त इमे हुंति सन्नीणं ॥ १६ ॥

गाथा १६ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| वेयण–वेदना. | केवलिय–केवली. |
| कसाय–कषाय. | समुग्घाया–समुद्घात. |
| मरणे–मरण. | सत्त–सात. |
| वेउव्विय–वैक्रिय. | इमे–ए. |
| तेयएय–तैजस. | हुंति–होय. |
| आहारे–आहार. | सन्नीणं–संज्ञीने. |

विस्तारार्थः–पहेली (वेयण के०) वेदना, एटले

वेद्ना समुद्घात, बीजो (कसाय के०) कषायः, एटले कषाय समुद्घात, त्रीजो ( मरणे के० ) मरणंः, एटले मरण समुद्घात, चोथो ( वेउव्विय के० ) वैक्रियः, एटले वैक्रिय समुद्घात, पांचमो ( तेयए य के० ) तैजसश्चः, एटले तेजोलेश्या मूके ते तैजस समुद्घात, छठो ( आहारे के० ) आहारः, एटले आहार समुद्घात, सातमो ( केवली य के० ) केवलीय एटले केवली समुद्घात, ( इमे के० ) इमे एटले ए (सत्त के० ) सत्त, एटले सात ( समुग्घाया के०) समुद्घाताः, एटले समुद्घात ते ( सन्नीणं के० ) संज्ञिनां, एटले संज्ञी पंचेंद्रिय मनुष्यने ( हुंति के० )जवंति, एटले होय ॥ १६ ॥

एगिंदियाण केवल,-तेउआहारग
विणा उ चतारि॥ ते विउव्वियवज्जा
विगला सन्नीण ते चेव ॥ १७ ॥

गाथा १७ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| एगिंदियाण—एकेंद्रिय वायुकायने. | ते—ते वायुकाय विना चार एकेंद्रिय. |
| केवल—केवली. | विउविय—वैक्रिय. |
| तेउ—तैजस. | वज्जा—वर्जीने. |
| आहारग—आहारक. | विगला—विकलेंद्रियने |
| विणा—वर्जीने. | सन्नीण—संज्ञीने. |
| उ—वली. | ते—ते सात समुद्घात. |
| चत्तारि—चार. | चेव—निश्चे. |

विस्तारार्थः—( एगिंदियाण के० ) एकेंद्रियाणां, एटले एकेंद्रिय वैक्रिय वायुकाय जीवोने एक ( केवल तेउआहारग विणा के० ) केवलि तैजसाहारकं विना, एटले केवली, बीजो तैजस, त्रीजो आहारक, ए त्रण समुद्घात वर्जीने बाकीना एक वेदना, बीजो कषाय. त्रीजो मरण अने चोथो वैक्रिय, ए ( चत्तारि के० ) चत्वारः, एटले चार समुद्घात होय. ( उ के० ) तु, एटले वळी ( ते के० ) ते, एटले ते वायुकायशिवाय-ना एकेंद्रियना चार दंडकना जीवो ( विउव्वियवज्जा के० ) वैक्रियवर्ज्याः, एटले एक वैक्रियशिवाय वेद-ना, कषाय अने मरण ए त्रण समुद्घातवाळा होय, तथा ( विगला के० ) त्रण विकलेंद्रियना त्रण दंडक

पण तेहीज पूर्वोक्त त्रण समुद्घातवाळा होय अने ( सन्नीण के० ) संज्ञिनां, एटले संज्ञी पंचेंद्रिय गर्भज मनुष्यने तो (ते के०) ते एटले तेहीज पूर्वे कहेला साते समुद्घात होय. आ गाथामां (चेव के०) चैव एव निश्चयार्थमां छे, तथा चकार छे, ते समुच्चयार्थमां छे. ए सर्व वात उंघे कही ॥ १७ ॥

हवे तेज वात आगली गाथाना पूर्वार्धे करी दृढ करे छे.

**पण गब्भतिरिसुरेसु, नारयवाऊसु चउर**
**तिय सेसे ॥ विगलडुदिठी थावर,--**
**मिच्छत्ती सेसतियदिठी ॥ १८ ॥**

गाथा १८ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| पण-पांच. | सेसे-बाकीनाने विषे |
| गब्भतिरि-गर्भज तिर्यंच अने. | विगल-विकलेंद्रियनी. |
| सुरेसु-देवताने विषे. | दुदिठी-बे दृष्टि. |
| नारय-नारकी अने. | थावर-स्थावर. |
| वाऊसु-वायुकायने विषे. | मिच्छत्ती-मिथ्यादृष्टि. |
| चऊर-चार. | सेस-बाकीनानी. |
| तिय-त्रण. | तियदिठी-त्रण दृष्टि. |

विस्तारार्थः-( गब्भतिरि सुरेसु के० ) गर्भजतिर्य-

वसुरयोः, एटले गर्भज तिर्यचनो एक दंरुक अने देवोना तेर दंरुक, ए चौद दंरुकने विषे एक आहारक अने बीजो केवली ए बे समुद्घात वर्जी बाकीना (पण के०) पंच, एटले पांच समुद्घात होय. तथा (नारय वाउसु के०) नारकवाय्वोः, एटले नारकीनो एक दंरुक अने वायुकायनोएक दंरुक, ए बे दंरुकने विषे एक वेदना, बीजो कषाय, त्रीजो मरण अने चोथो वैक्रिय, ए (चउर के०) चत्वारः, एटले चार समुद्घात होय,अने (सेसे के०) शेषे,एटले शेष रह्या जे एक वायु काय विना बाकीना चार स्थावर जीवोना चार दंरुक, तेने विषे एक वेदना, बीजो कषाय अने त्रीजो मरण, ए (तिय के०) त्रयः, त्रण समुद्घात होय. ए चोवीश दंरुके सात समुद्घातनुं नवमुं द्वार कह्युं.

हवे दशमुं दृष्टिद्वार कहे छे.

(विगल दुदिट्ठी के०) विकल द्विदृष्टि, एटले विकलेंद्रियना त्रण दंरुकने विषे एक तो मिथ्या दृष्टि अने केटलाएक विकलेंद्रिय जीव अपर्याप्तावस्थाए समकिती पण होय, माटे बीजी समयग्दृष्टि, ए बे

दृष्टि होय, तथा (थावर मिछत्ती के०) स्थावर मिथ्यात्विनी, एटले स्थावरना पांच दंडके तेमज संमूर्छिम मनुष्यमां पण एक मिथ्यादृष्टि होय, अने (सेस तियदिट्ठी के०) शेष त्रिदृष्टि, एटले शेष एटले पूर्वोक्त आठ दंडक मूकीने शेष रह्या जे एक नारकी, एक गर्भज तिर्यंच, एक गर्भज मनुष्यनो अने तेर देवताना मलीने सोल दंडक, तेने विषे सम्यक्त्व, मिथ्यात्व अने मिश्र, ए त्रणे द्रष्टि होय. एमां पण नव ग्रैवेयके एक सम्यक्त्व अने बीजी मिथ्यात्व, ए बे द्रष्टिज लाभे तथा पांच अनुत्तरविमाने एक समकित द्रष्टि लाभे. तथा संमुर्छिम तिर्यंचने एक सम्यक्त्व अने बीजी मिथ्यात्व, ए बे द्रष्टि लाभे. ए दशमुं द्रष्टिद्वार कह्युं ।१८।

हवे अगीयारमुं चार दर्शननुं द्वार कहे छे.

थावरबितिसु अचक्खु, चउरिंदिसु तदुगं सुए भणियं ॥ मणुआ चउदंसणिणो,
सेसेसु तिगं तिगं भणियं ॥ १९ ॥

गाथा १९ मीना छुटा शब्दना अर्थ.

थावर–स्थावर.
बि–बेइंद्रिय.
तिसु–तेइंद्रियने विषे.
अचक्खु–अचक्षुदर्शन.
चउरिंदिसु–चौरिंद्रियने विषे.
तदुग्गं–ते बे (चक्षु अने अचक्षु)
सूए–सूत्रने विषे.
भणियं–कह्यां छे.
मणुआ–मनुष्यो.
चउदंसणिणो–चार दर्शनवाला.
सेसेसु–बाकीनाने विषे.
तिगं तिगं–त्रण त्रण (दर्शन)
भणियं–कह्यां छे.

विस्तारार्थः,–( थावर बितिसु के० ) स्थावर द्वित्रिषु, एटले पृथ्व्यादिक पांच स्थावरना पांच दंडक तथा बेइंद्रियनो एक दंडक अने त्रींद्रियनो एक दंडक, एवं सात दंडकने विषे एक (अचक्खु के०) अचक्षुः, एटले अचक्षुदर्शन होय, केमके एमां चक्षुरिंद्रिय नथी. तथा ( चउरिंदिसु के० ) चतुरिंद्रियेषु, एटले चौरिंद्रियने विषे ( तदुगं के० ) तद्द्विकं, एटले एक चक्षु अने बीजुं अचक्षु ए बे दर्शन ( सुए भणियं के० ) सुत्र भणितं, एटले सिद्धांतने विषे कह्यां छे, तथा ( मणुआ के० ) मनुष्याः, एटले गर्भज मनुष्यनो एक दंडक एक चक्षु, बीजुं अचक्षु, त्रीजुं अवधि

अने चोथुं केवल, ए ( चउदंसणिणो के० ) चतुर्दर्शनिनः एटले चारे दर्शनवाळा होय. ए नव दंरुके दर्शन विवरीने कह्यां. ( सेसेसु के० ) शेषेषु, एटले शेष रह्या जे तेर देवताना दंरुक, एक नारकीनो अने एक पंचेंद्रिय तिर्यंचनो ए पंदर दंरुकोने विषे एक चक्षु, बीजुं अचक्षु अने त्रीजुं अवधि, ए (तिगं तिगं के०) त्रिकं त्रिकं, एटले त्रण त्रण दर्शन सिद्धांतोमां (नणियं के०) नणितं, एटले कह्यां बे. ए अगीयारमुं दर्शनद्वार कह्युं ॥ १ए ॥

हवे बारमुं पांच ज्ञाननुं अने तेरमुं त्रण अज्ञाननुं
ए बे द्वार साथे कहे छे.

**अन्नाण--नाण--तियतिय, सुर--तिरि--निरए थिरे अनाणदुगं ॥ नाणन्नाण दु विगले, मणुए पण-नाणतिअनाणा ॥ २० ॥**

गाथा २० मीना छुटा शब्दना अर्थ.

अन्नाण–अज्ञान.
नाण–ज्ञान.
तियतिय–त्रण त्रण

सुर–देवता.
तिरि–तिर्यंच.
निरए–नारकीनेविषे.

| | |
|---|---|
| थिरे-स्थावरने विषे | विगले-विकलेंद्रियने बिषे. |
| अन्नाणदुगं-बे अज्ञान | मणुए-मनुष्यने विषे. |
| नाणन्नाण-ज्ञान अने अज्ञान. | पणनाण-पांच ज्ञान अने. |
| दु-बे. | तिअनाण-त्रण अज्ञान. |

विस्तारार्थः-( सुर तिरिनिरये के० ) सुरतिर्यग्निरये, एटले देवताना तेर दंडक तथा पंचेंद्रिय तिर्यंचनो एक दंडक अने नारकीनो एक दंडक एवं पंदर दंडकने विषे मिथ्यादृष्टि जीवने एक मतिअज्ञान, बीजुं श्रुतअज्ञान अने त्रीजुं विभंगज्ञान, ए त्रण अज्ञान होय; अने सम्यग्दृष्टि जीवने एक मतिज्ञान, बीजुं श्रुतज्ञान अने त्रीजुं अवधिज्ञान, ए त्रण ज्ञान होय. ए रीते ( अन्नाणनाणतियतिय के० ) अज्ञानज्ञान त्रिक त्रिके, एटले अज्ञान त्रण अने ज्ञान पण त्रण होय. तथा एकेंद्रियादिक ( थिरे के० ) स्थावरे, एटले स्थावर जीवोना पांच दंडकने विषे ( अनाणदुगं के० ) अज्ञानद्विकं, एटले एक मतिअज्ञान अने बीजुं श्रुतअज्ञान, ए बे अज्ञान होय, केमके स्थावरने समकित नथी, माटे ज्ञान पण नथी जो के सिद्धांतना मते पृ-

थ्वी, अप् अने वनस्पतिकायमां समकितने वमता एवा देवोनी उत्पत्ति थाय छे, त्यारे सास्वादन होवाथी तेओने मति अने श्रुतज्ञान होय छे, परंतु तेनो अहीं अधिकार नथी. तथा (विगले के०) विकले, एटले विकलें- द्रिय जीवना त्रण दंडकने विषे (दु के०) दो, एटले बे (नाणन्नाण के०) ज्ञानाज्ञाने, एटले ज्ञान अने अज्ञान होय. एटले विकलेंद्रियमां नवांतरथी जे जीव सास्वादन समकित लाव्यो होय, तेने अपर्याप्तावस्थाएज एक मतिज्ञान अने बीजुं श्रुतज्ञान, ए बे ज्ञान होय; अने बीजा जीवोने तो सर्व अवस्थाए एक मतिअज्ञान अने बीजुं श्रुतअज्ञान, ए बे अज्ञानज होय; अने ( मणुए के० ) मनुष्ये, एटले मनुष्यना एक दंडके तो ( पणनाण त्तियनाणा के० ) पंचज्ञान त्र्यज्ञाने, एटले मतिज्ञानादिक पांचे ज्ञान होय, तथा मतिअज्ञाना- दिक त्रण अज्ञान पण होय. ए समस्त मनुष्य आश्रयी जाणवुं. ए चोवीश दंडके बारमुं ज्ञानद्वार अने तेरमुं अज्ञानद्वार, ए बे साथे कह्यां ॥ २० ॥

हवे चौदमुं पंदर योगनुंद्वार कहे छे.

**इक्कारस सुरनिरए, तिरिएसु तेर**
**पन्नर मणुएसु ॥ विगले चउ पण**
**वाए, जोगतियं थावरे होइ॥ २१ ॥**

गाथा २१ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| इक्कारस–अगीयार. | विगले–विकलेंद्रियने विषे. |
| सुर–देवता अने. | चउ–चार. |
| निरए–नारकीने विषे. | पण–पांच. |
| तिरिएसु–तिर्यंचने विषे. | वाए–वायुकायने विषे. |
| तेर–तेर. | जोगतियं–त्रण जोग. |
| पन्नर–पंदर. | स्थावरे–स्थावरने विषे. |
| मणुएसु–मनुष्यने विषे. | होइ–होय. |

विस्तारार्थः–( सुर निरये के० ) सुरनिरये, एटले देवताना तेर दंरूक अने नारकीनो एक दंरूक, एवं चौद दंरूकने विषे सत्य मनोयोगादि चार योग मनना अने सत्य वचनयोगादि चार योग वचनना, तथा एक वैक्रिय, बीजो तैजस अने त्रीजो कार्मण, ए त्रण योग कायना मलीने ( इक्कारस के० ) एकादश, एटले अगीयार योग होय. तथा ( तिरिएसु के० ) तिर्यंचु,

एटले तिर्यंचना एक दंडकने विषे एक आहारक काययोग अने बीजो आहारक मिश्रकाययोग, ए बे योग वर्जीने बाकीना ( तेर के० ) त्रयोदश, एटले तेर योग होय, तथा ( मणुएसु के० ) मनुष्येषु, एटले मनुष्यना एक दंडकने विषे ( पन्नर के० ) पंचदश, एटले पंदर योग सर्वे लाभे तथा (विगले के) विकले एटले विकलेंद्रियना त्रण दंडकने विषे एक औदारिक काययोग, बी· जो औदारिक मिश्रकाययोग, त्रीजो कार्मण काययोग अने चोथो असत्याऽमृषा वचनयोग, ए ( चउ के० ) चत्वारः, एटले चार योग होय, तथा ( वाए के० ) वायौ, एटले वायुकायना एक दंडकने विषे एक औदारिक काययोग, बीजो औदारिक मिश्रकाययोग, त्रीजो वैक्रिय काययोग, चोथो वैक्रिय मिश्रकाययोग अने पांचमो कार्मण काययोग, ए ( पण के० ) पंच, एटले पांच योग होय. तथा एक वायुकाय वर्जीने शेष ( थावरे के० ) स्थावरे, एटले पृथिव्यादिक चार स्थावरना चार दंडकने विषे एक औदारिक काययोग, बीजो औदारिक मिश्रकाययोग अने त्रीजो

कार्मण काययोग, एवं ( जोगतियं के० ) योगत्रिकं, एटले त्रण योग ( होइ के० ) भवति, एटले होय. ए चोवीश दंमके पंदर योगनुं चौदमुं द्वार कह्युं ॥ २१ ॥

हवे पंदरमुं बार उपयोगनुं द्वार कहे छे.

उवउंगा मणुएसु, बारस नव निरय-
तिरियदेवेसु ॥ विगलङ्गे पण ठक्कं,
चउरिंदिसु थावरे तियगं ॥ २२ ॥

गाथा २२ मीना छुटा शब्दना अर्थ.

उवओगा–उपयोग.
मणुएसु–मनुष्यने विषे.
बारस–बार.
नव–नव.
निरय–नारकी.
तिरिय–( पंचेंद्रिय ) तिर्यंच.
देवेसु–देवताने विषे.
विगलदुगे–विकलद्विकं ( बेइंद्रिय अने तेइंद्रियने विषे. )
पण–पांच.
छक्कं–छ.
चउरिंदिसु–चौरिंद्रियने विषे.
थावरे–स्थावरने विषे.
तियगं–त्रण.

विस्तारार्थः–( मणुसएसु के० ) मनुष्येषु, एटले मनुष्यना एक दंमकने विषे ( बारस के० ) द्वादश, एटले बार (उवउंगा के०) उपयोगाः, एटले उपयोगो होय, तथा (निरय तिरियदेवेसु के०) निरयतिर्यग्देवेषु,

एटले नारकीनो एक दंरुक अने पंचेंद्रिय तिर्यंचनो एक दंरुक तथा देवताना तेर दंरुक, ए पंदर दंरुकने विषे पूर्वोक्त बार उपयोगमांथी एक मनःपर्यव-ज्ञान, बीजुं केवलज्ञान अने त्रीजुं केवलदर्शन, त्रण उपयोग टालीने बाकी ( नव के० ) नव, एटले नव उपयोग होय, तथा ( विगलडुगे के० ) विकलद्विके, एटले विकलेंद्रियना बेइंद्रिय अने तेइं-द्रिय, ए बे दंरुकने विषे एक मतिज्ञान, बीजुं श्रुत-ज्ञान, त्रीजुं मतिअज्ञान, चोथुं श्रुतअज्ञान अने पांच-मुं अचक्षुदर्शन ए ( पण के० ) पंच, एटले पांच उप-योग होय, तथा (चउरिंदिसु के०) चतुरिंद्रियेषु, एटले चौरिंद्रियना दंरुकने विषे पूर्वोक्त पांच उपयोगनी साथे छठुं चक्षुदर्शन मेलीए त्यारे ( छक्कं के० ) षट्कं, एटले छ उपयोग थाय. संमूर्छिम तिर्यं-चने पण ए छ होय. तथा ( थावरे के० ) स्थावरे, एटले एकेंद्रियादिक पांच स्थावरना पांच दंरुके एक मतिअज्ञान, बीजुं श्रुतअज्ञान अने त्रीजुं अ-चक्षुदर्शन, ए ( तियगं के० ) त्रयकं, एटले त्रण उ-पयोग होय. तथा संमूर्छिम मनुष्यने मतिअज्ञान,

श्रुतअज्ञान, चक्षुदर्शन अने अचक्षुदर्शन, ए चार उपयोग होय; तथा सिद्धना जीवोने एक केवलज्ञान, बीजुं केवलदर्शन, ए बे उपयोग होय ॥ २२ ॥ ए चोवीश दंडके पंदरमुं उपयोगद्वार कह्युं.

हवे सोलमुं प्रत्येक दंडकने विषे एक समयमां केटला जीव आवी उपजे, तेनी संख्यानुं द्वार तथा सत्तरमुं प्रत्येक दंडकमांथी एक समयमां केटला जीव च्यवे, तेनी संख्यानुं द्वार, ए बे साथे कहे छे.

**संखमसंखा समए, गब्भयतिरिविगल नारय-**
**सुरा य ॥ मणुआ नियम संखा, वणऽणंता**
**थावर असंखा ॥ २३ ॥**

गाथा २३ मीना छुटा शब्दना अर्थ.

संखमसंखा–संख्याता अने असंख्याता.
समए–समयने विषे.
गब्भयतिरि–गर्भज तिर्यंच.
विगल–विकलेंद्रिय.
नारय–नारकी.
सुरा–देवता.
य–अने.
मणुआ–मनुष्यो.
नियमा–नियमथी, निश्चे.
संखा–संख्याता.
वण–वनस्पतिकाय.
अणता–अनंता.
थावर–स्थावर.
असंखा–असंख्याता.

विस्तारार्थः-(गप्नयतिरि विगल नारय सुरा के०) गर्भजतिर्यग्विकलनारक सुराः, एटले आ चौदराज लोकमां पण गर्भज तिर्यंचनो एक दंरुक तथा विकलें- ड्रियना त्रण दंरुक तथा नारकीनो एक दंरुक अने देवताना तेर दंरुक, ए सर्व मली अढार दंरुकना जीव ते ( संखमसंखा के० ) संख्याताऽसंख्याताः, एटले एक, बे, त्रण, दश, वीश, एम संख्याता अथवा असंख्याता ( समए के० ) समये, एटले एक समयमांहे उपजता लाभे ( य के० ) च, एटले तथा ( मणुआ के० ) मनु- ष्याः, एटले मनुष्यना एक दंरुकना जीव (नियमा के०) नियमात्, एटले नियमथकी एक समयने विषे (संखा के० ) संख्याताः, एटले संख्याता जीव उपजता लाभे, ए गर्भज मनुष्य आश्रयी जाणवुं. तथा पांच स्थावर- मांहेला ( वणऽणंता के० ) वनानंताः, एटले वनस्पति- कायना दंरुकना अनंता जीव एक समयमां उपजे, तथा एक वनस्पतिकाय विना बाकीना चार ( थावर के० ) स्थावराः, एटले स्थावरना चार दंरुकना जीव एक समयमां ( असंखा के० ) असंख्याः, एटले असं-

ख्यताज जीव उपजे, कारण के "निच्चमसंखो जागो अणंतजीवो चयइए" एटले नित्य चार स्थावरना जीवोमां असंख्यातमो जाग अनंतजीव उपजे, तेथी तेओ संख्याता के अनंता नथी. ॥ २३ ॥

असन्नी नर असंखा जह उववाए
तहेव चवणेवि ॥ बावीस सग ति दस
वास,-सहस्स उक्किठ पुढवाई ॥ २४ ॥

गाथा २४ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| असन्नी नर-असंज्ञी मनुष्यो. | सग-सात. |
| असंखा-असंख्याता. | ति-त्रण. |
| जह-जेम. | दस-दश. |
| उववाए-उपजे. | वास-वर्ष. |
| तहेव-तेमज. | सहस्स-हजार. |
| चवणेवि-च्यवनने विषे पण. | उक्किठ-उत्कृष्टी. |
| बावीस-बावीश. | पुढवाई-पृथिव्यादिकनी. |

विस्तारार्थः-तथा मनुष्यना दंडक मांहेला (असन्नी नर के०) असंज्ञी मनुष्यः, एटले संमूर्छिम मनुष्य ते एक समयमां (असंखा के०) असंख्यातः, एटले असंख्याता उपजे. (जह के०) यथा, एटले

जेम चोवीसे दंमकने विषे एक समयमां (उववाये के०) उपपाते, एटले उपजवामां संख्या कही ( तहेव के० ) तथैव, एटले तेमज चोवीश दंमकोने विषे ( चवणेवि के० ) च्यवनेऽपि, एटले च्यवनने विषे पण जाणवुं; अर्थात् च्यववानी संख्यानुं द्वार पण एमज कहेवुं. ए रीते सोलमुं उपपातद्वार अने सत्तरमुं च्यववानुं द्वार, ए बे द्वार साथे कह्यां.

हवे अढारमुं चोवीशे दंमकने विषे आयुःस्थितिना प्रमाणनुं द्वार कहे छे.

( बावीस के० ) द्वाविंशतिः, एटले बावीश अने ( सग के० ) सप्त एटले सात, ( ति के० ) त्रीणी, एटले त्रण ( दस के० ) दश, एटले दश ( वाससहस्स के० ) वर्षसहस्राणि, एटले हजार वर्ष सुधी अहीं वास शब्द अने सहस्स शब्द बावीसादि प्रत्येक शब्द साथे जोमवा, एटले बावीस हजार वर्ष, सात हजार वर्ष त्रण हजार वर्ष, अने दश हजार वर्ष, ए (उक्किठ के०) उत्कृष्टं, एटले उत्कृष्टी आउखानी स्थिति अनुक्रमे पांच स्थावरमांथी एक तेउकाय वर्जीने बाकी ( पुढ-

वाई के० ) पृथिव्यादीनां, एटले पृथिव्यादिक चार स्थावरोना चार दंडकोनी कहेवी. ते विवरीने कहीए छीए. पृथ्वीकायनी बावीस हजार वर्षनी, अप्कायनी सात हजार वर्षनी, वायुकायनी त्रण हजार वर्षनी अने वनस्पतिकायनी दश हजार वर्षनी आयुःस्थिति जाणवी. ए चार स्थावरनुं आयु कह्युं. ॥ २४ ॥

तिदिणग्गि तिपल्लाउ, नरतिरि सुरनिरयसागर-
तितीसा ॥ वंतरपल्लं जोइस, वरिस लक्खा-
हियं पलियं ॥ २५ ॥

गाथा २५ मीना छुटा शब्दना अर्थ.

तिदिण—त्रण दिवस छे आयु जेनुं एवा.
अग्गि—अग्निकाय.
तिपल्ला—त्रण पल्योपम.
आउ—आयुष्यवाळा.
नर—मनुष्य अने.
तिरि—तिर्यंच.
सुर—देवता अने.
निरय—नारकी.
सागर—सागरोपम.
तितीसा—तेत्रीश.
वंतर—व्यंतरनुं.
पल्लं—पल्योपम.
जोइस—ज्योतिषीनुं.
वरिस—वर्ष.
लक्ख—लाख.
अहियं—अधिक.
पलियं—पल्योपम.

विस्तारार्थः-( तिदिणग्गि के० ) त्रिदिनाग्निः, एटले त्रण दिवसनी उत्कृष्ट स्थिति जेनी छे, एवा अग्निकाय जीवो जाणवा. तथा ( नर तिरि के० ) नरतिर्यक्, एटले मनुष्य अने तिर्यंच ए बे दंडकना जीव ( तिपल्लाउ के० ) त्रिपल्यायुः, एटले त्रण पल्योपमनी आयुःस्थितिवाळा जाणवा. तथा ( सुर निरयसागरतितीसा के० ) सुरनिरयसागरत्रयस्त्रिंशत्, एटले सुर ते वैमानिक देवता अने निरय ते नारकीनो दंडक, एनी तेत्रीश सागरोपमनी उत्कृष्ट आयुःस्थिति जाणवी. तथा ( वंतर पल्लं के० ) व्यंतरपल्यं, एटले व्यंतर देवोनुं एक पल्योपमनुं आयु जाणवुं. तथा (जोइस के०) ज्योतिष्कस्य, एटले ( वरिसलक्खाहियं पलियं के० ) ज्योतिषी देवोनुं वर्षलक्षाधिकं पल्यं, एटले एक लाख वर्षे अधिक एक पल्योपम चंद्रमानुं आयुष्य जाणवुं, अने एक पल्योपम एक हजार वर्षे अधिक सूर्यनुं आयुष्य जाणवुं ॥ २५ ॥

हवे असुरनी आयुःस्थिति कहे छे.

**असुराणं अहिय अयरं, देसूणदुपल्लयं**

नवनिकाए ॥ बारसवासुणुपणदिण,
छम्मास उक्किठ विगलाउ ॥ २६ ॥

गाथा २६ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| असुराणं-असुरकुमारोनुं. | बारसवास-बार वर्ष. |
| अहिय-अधिक. | उणुपणदिण-उगणपचास दिवस. |
| अयरं-अतर, सागरोपम. | छम्मास-छ महिना. |
| देसूण-देशे उणा (कांइक ओछुं). | उक्किठ-उत्कृष्ट. |
| दुपल्लयं-बे पल्योपम. | विगल-विकलेंद्रियनुं. |
| नवनिकाए-नव निकायने विषे. | आउ-आयुष्य. |

विस्तारार्थः-( असुराणं के० ) असुराणं, एटले एक असुरकुमारनिकाय संबंधी देवोना दंडकने विषे ( अहिय अयरं के० ) अधिकं अतरं, अधिकं एटले अतर ते नहीं तराय जेनो पार न पमाय, तेने अतर एटले सागरोपम जाणवुं. माटे एक सागरोपमथी अधिक ते कांइक झाझेरुं आयु जाणवुं; तथा ए एक असुरकुमारनिकाय विना बाकी (नवनिकाए के०) नवनिकाये, एटले नवनिकायने विषे देवोनुं आयु (देसूणदुपल्लयं के०) देशोनद्विपल्यकं, एटले देशे ऊणा अर्थात् कांइक उणुं बे

पल्योपमनुं आयु जाणवुं. तथा बेइंद्रिय, तेइंद्रिय अने चौरिंद्रिय, ए त्रण ( विगलाउ के० ) विकलेंद्रियायुः, एटले विकलेंद्रिय जीवोनुं आयु जेटलुं छे तेटलुं कहे छे. ( बारसवास के० ) द्वादशवर्ष एटले बार वर्ष ( उ-णुपणदिण के० ) एकोनपंचासद्दिनानि, एटले उंगणप-चास दिवस अने ( छम्मास के० ) षण्मासं, एटले छ महिना, ए अनुक्रमे जाणवुं. एटले बेइंद्रियनुं बार व-र्षनुं आयु तथा तेइंद्रियनुं उंगणपचास दिवसनुं आयु अने चौरिंद्रियनुं छ महिनानुं आयु जाणवुं. ए (उकिठ के०) उत्कृष्टं, एटले उत्कृष्ट आयुष्य कह्युं ॥ २६ ॥

हवे जघन्य आयुष्यनी स्थिति कहे छे.

पुढवाइदसपयाणं, अंतमुहुत्तं जहन्नआ-
उठिई ॥ दससहसवरिसठिई, नव-
णाहिवनिरयवितरीया ॥ २७ ॥

गाथा २७ मीना छुटा शब्दना अर्थ.

पुढवाइ–पृथ्वीकायादि.
दसपयाणं–दश पदोनी.
अतमुहुत्तं–अंतमूहुर्त्त.
जहन्न–जघन्य.
आउ–आयुष्य.
ठिई–स्थिति.

दससहसवरिस–दश हजार वर्ष.
ठिई–स्थितिवाळा.
भवणाहिव–भवनपति.
निरय–नारकी.
वितरिया–व्यंतर देवो.

विस्तारार्थः–( पुढवाइ दसपयाणं के० ) पृथिव्यादिदशपदानां, एटले पृथ्वीकाय छे आदि जेमां, एवां पृथ्वीकायादिक दश पद, तेमां पांच स्थावरना पांच दंडक, तथा त्रण विकलेंद्रियना त्रण दंडक, अने तिर्यंच पंचेंद्रियनो एक दंडक, तथा मनुष्यनो एक दंडक, एवं दश पदरुप दश दंडकने विषे (जहन्नआउठिई के०) जघन्यायुःस्थितिः, एटले जघन्यथकी आयुनी स्थिति ( अंतमुहुत्तं के० ) अंतर्मुहूर्त्त एटले एक अंतमुहूर्त्तनी जाणवी, तथा ( भवणाहिव निरयवितरीया के० ) भवनाधिपनिरयव्यंतरिकाः, एटले अनुक्रमे भवनाधिप ते भवनपतिना दश दंडक अने निरय नारकीनो एक दंडक, तथा व्यंतर देवोनो एक दंडक, एवं बार दंडकना जीवो (दससहसवरिसठिई के०) दशसहस्रवर्षस्थितयः, एटले दश हजार वर्षनी स्थितिवाळा जाणवा ॥२७॥

हवे वैमानिकनी आयुःस्थिति कहे छे.

**वेमाणियजोइसिया, पल्लतयठंस आउआ हुंति ॥ सुरनरतिरिनिर-एसु छ, पज्जत्ती थावरे चउगं ॥ २८ ॥**

गाथा २८ मीना छुटा शब्दना अर्थ.

वेमाणिय–वैमानिक.
जोइसिया–ज्योतिषी.
पल्ल–पल्येोपम.
तयट्ठंस–तेनो आठमो भाग.
आउआ–आयुष्यवाळा.
हुंति–थाय छे.
सुर–देवता.
नर–मनुष्य.
तिरि–तिर्यंच.
निरएसु–नारकीने विषे.
छ पज्जत्ती–छ पर्याप्ति.
थावरे–स्थावरने विषे.
चउगं–चार.

विस्तारार्थः–( वेमाणिय जोइसिया के० ) वैमानिक ज्योतिष्कौ, एटले वैमानिक देवो अने ज्योतिषी देवो ( पल्लतयठंस आउआ के० ) पल्यतदष्टांशायुषौ, एटले एक पल्योपम तथा तदष्टांश एटले पूर्वोक्त एक पल्योपमनो अष्टमांश अर्थात् आठमो जाग, एटला जघन्य आयुवाळा ( हुंति के० ) जवतः, एटले होय छे. ए अढारमुं आयुःस्थितिनुं द्वार कह्युं.

हवे ओगणीशमुं छ पर्याप्तिनुं द्वार कहे छे.

(सुर नरतिरिनिरएसु के०) सुरनरतिर्यग्निरयेषु, एटले देवताना तेर दंडक मनुष्यनो एक दंडक, तिर्यंचनो एक दंडक अने नारकीनो एक दंडक, एम सोल दंडकने विषे (छपज्जत्ती के०) षट्पर्याप्ति, एटले छए पर्याप्ति होय, अने (थावरे के०) स्थावरे, एटले पृथिवीकायादिक पांच स्थावरना पांच दंडके एक भाषा अने बीजुं मन-ए बे पर्याप्ति विना बाकी (चउगं के०) चतुष्कं, ए-चार पर्याप्ति होय, अपर्याप्त जीवो पण त्रण पर्याप्ति पुरीकरीनेज मरे छे, ते पहेलां मरता नथी ॥ २८ ॥

हवे विकलेंद्रिय जीवोने पर्याप्ति कहे छे.

विगले पंचपजत्ती, छद्दिसिआहार होइ सव्वेसिं ॥ पणगाइपए भयणा, अह सन्नितियं भणिस्सामि ॥ २९ ॥

गाथा २९ मीना छुटा शब्दना अर्थ.

विगले–विकलेंद्रियने विषे.
पंच–पांच.
पजत्ती–पर्याप्ति.
छद्दिसि–छ दिशानो.
आहार–आहार.
होइ–होय.

| | |
|---|---|
| सव्वेसिं–सर्वने विषे. | अह–हवे. |
| पणगाइ–पंचकादि. | सन्नितियं–त्रण संज्ञा. |
| पए–पदने विषे. | भणिस्सामि–कहीश. |
| भयणा–भजना. | |

विस्तारार्थः–( विगले के० ) विकले, एटले विकलेंद्रियने त्रण दंडके एक मनःपर्याप्ति विना बाकीनी ( पंचपजत्ती के० ) पंचपर्याप्ति, एटले पांच पर्याप्ति होय ए उंगणीशमुं छ पर्याप्तिनुं द्वार कह्युं,

हवे वीशमुं आहारद्वार कहे छे.

( सव्वेसिं के० ) सर्वेषु, एटले सर्वे चोवीशे दंडकोने विषे चार दिशा अने अधोदिशा तथा ऊर्ध्वदिशाए ( छद्दिसिआहार के० ) षट्दिशाहारः, एटले छए दिशानो आहार ( होइ के० ) भवति, एटले होय, परंतु (पणगाइपए के०) पंजकादिपदे, एटले पृथिव्यादिक पांच स्थावरना पदने विषे (भयणा के०) भजना, एटले भजना जाणवी. एने छ दिशानो आहार होये पण, अने न पण होय, केमके लोकने अंते रह्या एवा जे सूक्ष्म पांच स्थावर, ते त्रण दिशानो तथा चार

दिशानो तथा पांच दिशानो पण आहार ले छे. तथा दंडकविचारनी अवचूर्णीमां कह्युं छे के, लोकनी अंदर रहेला जीवोने पांच दिशानो आहार होय. तथा लोकना निष्कुटोमां रहेला जीवोने त्रण तथा चार दिशानो आहार होय जे शरीरे फरसे, ते उजाहार कहीए; त्वचाए करी फरसे, ते लोमाहार कहीए; कवलादिकनो प्रक्षेपाहार कहीए; तेमां नारकी जीवोने उजाहार अने लोमाहार ए बेउ अहार मनमां चिंतव्या पछी बेउ अमनोज्ञ परिणमे, तथा देवताने उजाहार अने लोमाहार शुभमनोज्ञ परिणमे; एकेंद्रियादिक पांचे थावरने ओजाहार अने लोमाहार होय; तथा त्रण विकलेंद्रिय, चोथा तिर्यंच पंचेंद्रिय अने पांचमा मनुष्य, एमने उजाहार, लोमाहार अने कवलाहार, ए त्रणे आहार होय. ए वीशमुं आहारद्वार कह्युं.

( अह के० ) अथ, एटले हवे ( सन्नितियं के० ) संज्ञात्रिकं, एटले त्रण संज्ञानुं एकवीशमुं द्वार (भणिस्सामि के० ) भणिष्यामि, एटले कहीश ॥२७॥

चउविहसुरतिरिएसु, निरएसु अ दीहकालिगी

सण्णा ॥ विगले हेउवएसा, सन्ना-
रहिया थिरा सव्वे ॥ ३० ॥

गाथा ३० मीना छुटा शब्दना अर्थ

| | |
|---|---|
| चउविह–चार प्रकारना. | सणा–संज्ञा. |
| सुर–देवता अने. | विगले–विकलेंद्रियने विषे. |
| तिरिएसु–तिर्यंचने विषे. | हेउवएसा–हेतुपदेशिकी. |
| अ–वली. | सन्नारहिया–संज्ञारहित. |
| निरएसु–नारकीने विषे. | थिरा–स्थावर. |
| दीहकालिगी–दीर्घकालिकी. | सव्वे–सर्वे. |

विस्तारार्थः–भवनपति, व्यंतर, ज्योतिषी अने वैमानिक, ए ( चउविह सुरतिरिएसु के० ) चतुर्विध-सुरतिरश्चोः, एटले चतुर्विध एटले चार प्रकारना देवता तेना तेर दंडके तथा तिर्यंचनो एक दंडक तेने विषे, (अ के०) वली ( निरएसु के० ) निरयेषु, एटले सात नारकीनो एक दंडक, ए पंदर दंडके ( दीहकालिगी सणा के० ) दीर्घकालिकी संज्ञा, एटले एक दीर्घकालिकी संज्ञा होय; ए अमुक काम कर्युं, अमुक काम करुं छुं, अमुक काम करीश, एम अतीत, अनागत अने वर्त्तमान, ए त्रण कालविषयिक ज्ञान जेने विषे होय, तेने दीर्घकालिकी संज्ञा कहीए.

(विगले के०) विकले, एटले विकलेंद्रियना त्रण दंरुके एक ( हेउवएसा के० ) हेतूपदेशा, एटले हेतूपदेशिकी संज्ञा होय. एमने नावमन छे माटे, अने कांइक मनोज्ञान सहित वर्त्तमानकालने विषे इष्ट वस्तुमां प्रवृत्ति अने अनिष्ट वस्तुथी निवृत्तिरूप विषयज्ञान होय, तेने हेतुपदेशीकी संज्ञा कहीए. तथा ( थिरा सव्वे के० ) स्थिराः सर्वे, एटले पांचे स्थावर ते ( सन्नारहिया के० ) संज्ञारहिताः, एटले त्रणे संज्ञाए रहित होय, केमके एने एकज काययोग छे, माटे त्रण संज्ञामांहेली एके संज्ञा न होय ॥ ३० ॥

मणुआण दीहकालिय, दिठीवाउवएसिआ केवि ॥ पज्जपणतिरिमणुअच्चिय, चउविहदेवेसु गछंति ॥ ३१ ॥

गाथा ३१ मीना छुटा शब्दना अर्थ.

मणुआण–मनुष्यना.
दीहकालिय–दीर्घकालिकी.
दिठीवाओवएसिआ–दृष्टिवादोपदेशिकी.
केवि–केटलाकने, कोइएकने.
पज्जा--पर्याप्ता.
पणतिरि–पंचेंद्रिय तिर्यंच अने.
मणुअ–मनुष्य.
च्चिय–निश्चे.
चउविह–चार प्रकारना.
देवेसु–देवताने विषे.
गच्छंति--जाय छे.

विस्तारार्थः—( मणुआण के० ) मनुष्याणां, एटले मनुष्यना एक दंमकने विषे (दीहकालिय के०) दीर्घकालिकी, एटले एक दीर्घकालिकी संज्ञा होय, तथा बीजी ( दिठीवाउवएसिआ के० ) दृष्टिवादोपदेशिकी, एटले दृष्टिवादोपदेशिकी संज्ञा होय, ए बीजी संज्ञावाळा पण (केवि के०) केऽपि, एटले कोईएक क्षायोपशमिक आदिसमकित सहित सम्यग्दृष्टि चौदपूर्वधर प्रमुख होय, अने त्रीजी हेतूपदेशिकी संज्ञा जे पूर्वे विकलेंद्रियना त्रण दंमके कही छे, ते संज्ञा दीर्घ कालनी संज्ञामांहे अंतर्भूत छे, माटे अहींआं जूदी कही नथी. ए त्रण संज्ञानुं द्वार कह्युं.

हवे बावीशमुं गतिद्वार तथा तेवीशमुं आगतिद्वार ए बे द्वार साथे कहे छे—

( पज्जपणतिरि मणुअ के० ) पर्याप्तपंचेंद्रियतिर्यग्मनुष्याः, एटले पर्याप्ता पंचेंद्रिय तिर्यंच अने पर्याप्ता मनुष्य ए बे दंमकना जीव ( चउविहदेवेसु के० ) चतुर्विधदेवेषु, एटले चतुर्विधदेवोने विषे अर्थात् भवनपत्यादिक चार प्रकारना देवोसंबंधी तेर दंमकने विषे

( च्चय के० ) चैव, एटले निश्चे ( गछंति के० ) गछंति एटले जाय छे. एम देवताना तेर दंडकने विषे गति कही ॥ ३१ ॥

हवे ए देवताना तेर दंडकनी आ गति कहे छे.

संखाउपज्जपणिंदि,--तिरिनरेसु तहेव पज्जत्ते ॥
भूदगपत्तेयवणे, एएसु च्चिय सुरागमणं ॥३२॥

गाथा ३२ मीना छुटा शब्दना अर्थ.

संखाउ–संख्याता वर्षना आयुष्यवाला.
पज्जपणिंदि–पर्याप्ता पंचेंद्रिय.
तिरि–तिर्यंच.
नरेसु–मनुष्यने विषे.
तहेव–तेमज.
पज्जत्ते पर्याप्ता.
भु–पृथिवीकाय.
दग–अपकाय.
पत्तेयवणे–प्रत्येक वनस्पतिकाय.
एएसु–ए ( पांच ) ने विषे.
च्चिय–निश्चे.
सुरागमणं–देवतानुं आगमन ( उपजवुं. )

विस्तारार्थः–असंख्याता वर्षना आयुष्यवाला युगलिया टालीने शेष ( संखाउ पज्जपणिंदितिरिनरेसु के० ) संख्यातायुः पर्याप्त पंचेंद्रियतिर्यग्नरयोः, एटले संख्याता वर्षना आयुवाला एवा पर्याप्तपंचेंद्रिय एटले पर्याप्ता पंचेंद्रिय एवा एक तिर्यंच अने बीजा म-

नुष्यने विषे ( तहेव के० ) तथैव, एटले तेमज त्रीजा ( पज्जत्ते के० ) पर्याप्ते, एटले पर्याप्ता एवा ( भू दग-पत्तेयवणे के० ) भूदकप्रत्येकवने, एटले पृथिवीकाय, चोथा उदक एटले अप्काय, पांचमा प्रत्येकवने ते प्रत्येक वनस्पतिकाय, ( एएसु च्चिय के० ) एतेषु एवा एटले एज पांच दंडकने विषे निश्चे तेर दंडकवाला, (सुरागमणं के०) सुरागमनं, एटले देवतानुं आगमन थाय, अर्थात् तेर दंडकना देवता च्यवीने ए पांच दंडक मांहेज उपजे ॥ ३२ ॥

हवे नारकीनुं गति आगति द्वार कहे छे.

**पज्जत्तसंखगब्भय,--तिरियनरा निरयसत्तगे जंति ॥ निरउवट्टा एएसु, उववज्जंति न सेसेसु ॥ ३३ ॥**

गाथा ३३ मीना छुटा शब्दना अर्थ.

पज्जत्त–पर्याप्ता.
संख–संख्याता वर्षना आयुवाळा.
गब्भय–गर्भज
तिरिय–तिर्यंच अने.
नरा–मनुष्यो.
निरयसत्तगे–साते नारकीने विषे.
जंति–जाय छे.
निरउवट्टा–नरकमांथी नीकळेला.
एएसु–ए (बे) ने विषे.
उववज्जंति–उपजे.
न–नथी.
सेसेसु–बाकीनाने विषे.

विस्तारार्थः—असंख्याता वर्षना आयुष्यवाला युगलिया विना ( पज्जत्तसंखगप्भयतिरियनरा के० ) पर्याप्तसंख्यायुगर्भजतिर्यग्नरौ, एटले पर्याप्ता एवा, तथा संख्याता वर्षना आयुवाळा गर्भज तिर्यंच अने मनुष्य ए बे दंडकना जीव ते ( निरयसत्तगे के० ) निरयसप्तके, एटले साते नारकीना दंडकने विषे (जंति के०) यातः, एटले जाय छे, अने ( निरउवट्टा के० ) नरकोद्वृत्ताः एटले नरक थकी नीकळ्या एवा जे नारकी जीव ते ( एएसु के० ) एतयोः, एटले एक युगलिया विना संख्याता आयुष्यवाला एवा पर्याप्ता मनुष्य तथा तिर्यंच ए बे दंडकने विषे आवी ( उववज्जंति के० ) उपपद्यंते एटले उपजे, पण ( सेसेसु के० ) शेषेषु, एटले शेष बावीश दंडकने विषे नारकीना जीव ( न के० ) न उपजे. एज वात कांइक विस्तारे कहे छे. नारकीमांहे तिर्यंच पंचेंद्रिय अने गर्भज मनुष्य आवी उपजे, अने नारकीनो नीकळ्यो पण गर्भज तिर्यंच अने गर्भज मनुष्यमां आवी उपजे.

हवे कया जीव कइ नरकपृथ्वी सुधी जाय ? ते

कहे छे. संमूर्छिम तिर्यंच पंचेंद्रिय पहेला नरक पर्यंत जाय. भुजपरिसर्प बीजा नरक पर्यंत जाय. खेचर त्रीजा नरक पर्यंत जाय. चतुष्पद सिंह प्रमुख चोथा नरक पर्यंत जाय. उरःपरिसर्प पांचमां नरक पर्यंत जाय. स्त्री छठा नरक पर्यंत जाय. मनुष्य अने मत्स्य सातमा नरक पर्यंत जाय.

हवे कइ नारकीना जीव क्यां आवी उपजे ? ते कहे छे–सातमा नरकनो नीकळ्यो जीव गर्भज तिर्यंचमांहे आवे, अने समकित पण पामे. छठा नरकनो नीकळ्यो जीव गर्भज तिर्यंच अने गर्भज मनुष्यमां जाय, अने देशविरतिपणुं पामे, परंतु सर्वविरतिपणुं न पामे. तथा पांचमा नरकनो नीकळ्यो जीव गर्भज मनुष्य थाय, अने सर्वविरतिपणुं पामे, परंतु केवल न पामे. चोथा नरकनो नीकळ्यो जीव गर्भज मनुष्य थाय, अने केवलज्ञान पामे तो पामे, परंतु ते तीर्थंकर न थाय. त्रीजा नरकनो नीकळ्यो जीव गर्भज मनुष्य थाय, अने तीर्थंकर पण थाय, परंतु वासुदेव अथवा बलदेव न थाय. तथा बीजा नरकनो नीकळ्यो जीव मनुष्य

थाय, तेमज वासुदेव, बलदेव पण थाय, परंतु चक्रवर्त्ति न थाय. तथा पहेला नरकनो नीकळ्यो जीव चक्रवर्त्यादिक समस्त पदवी पामे. ए नरकनुं गत्यागतिद्वार कह्युं ॥ ३३ ॥

हवे पृथिवी, अप् अने वनस्पति ए त्रण दंडकना जीवोनुं आगति तथा गतिनुं द्वार कहे छे-

पुढवीआउवणस्सइ,--मज्झे नारयविवज्जिया
जीवा ॥ सव्वे उववज्जंति, नियनिय
कम्माणुमाणेणं ॥ ३४ ॥

गाथा ३४ मीनाः छुटा शब्दना अर्थ.

पुढवी-पृथिवीकाय.
आउ-अप्काय.
वणस्सइ-वनस्पतिकाय.
मज्झे-मध्ये, मांहे.
नारय-नारकी.
विवज्जिया-वर्जीने.
जीवा-जीवो.
सव्वे-सर्वे.
उववज्जंति-उपजे.
नियनिय-पोतपोतानां.
कम्माणुमाणेणं-कर्मना अनुमाने करीने

विस्तारार्थः-एक (पुढवी आउवणस्सइमज्झे के०)

पृथ्व्यब्वनस्पतिमध्ये, एटले पृथिवी केतां पृथिवीकाय, बीजो अप्काय, त्रीजो वनस्पति एटले वनस्पतिकाय, ए त्रण दंरुक मध्ये, एटले मांहे ( नारयविवज्जिया जीवा के० ) नारकविवर्ज्जिता जीवाः, एटले सात नारकीना एक दंरुकना जीवो वर्जीने शेष रह्या जे त्रेवीश दंरुकना जीव, ते ( सव्वे के० ) सर्वे, एटले सर्वे आवी ( उववज्जंति के० ) उपपद्यंते एटले उपजे. ( नियनियकम्माणुमाणेणं के० ) निजनिजकर्मानुमानेन, एटले निज निज कर्मानुमाने करीने अर्थात् पोतपातानां करेलां जे शुनाशुन कर्म, तेने अनुमाने करी, जे जीवे जेवां कर्म कर्यां होय, तेवे स्थानके जइ उपजे; ए पृथ्वी, अप् अने वनस्पति ए त्रणेनुं आगतिद्वार कह्युं ॥ ३४ ॥

हवे एज दंडकना जीवनुं गतिद्वार कहे छे.

पुढवाइदसपएसु, पुढवीआऊवणस्सई जंति ॥
पुढवाइदसपएहिय, तेऊवाऊसु उववाउ ॥ ३५ ॥

गाथा ३५ मीना छुटा शब्दना अर्थ.

पुढवाइ—पृथिव्यादि.
दसपएसु—दश पदने विषे.
पुढवी—पृथिवीकाय.
आऊ—अप्काय.
वणस्सई—वनस्पतिकाय.
जंति—जाय, उत्पन्न थाय छे.

पुढवाइ—पृथ्वीकाय विगेरे.
दसपएहिय—दश पदमांथी ( नीकलेला. )
तेऊ—तेउकाय..
वाऊसु—वायुकाने विषे.
उववाउ—उपजवुं.

विस्तारार्थः—( पुढवाइदसपएसु के० ) पृथिव्यादिदशपदेषु एटले पृथिव्यादिक दश पदने विषे अर्थात् पृथिव्यादिक पांच स्थावर, त्रण विकलेंद्रिय, एक मनुष्य अने एक तिर्यंच, ए दश दंडकने विषे ( पुढवीआउवणस्सई के०) पृथिव्यप्वनस्पतिकाः, एटले पृथिवीकाय, अप्काय अने वनस्पतिकाय, ए त्रण दंडकना जीव (जंति के०) यांति, एटले जाय. पण नारकी अने देवमां न जाय. ए पृथिव्यादिक त्रण दंडकना जीवनुं गतिद्वार कह्युं.

हवे तेजस्काय तथा वायुकायनी आगति कहे छे.

(पुढवाइदसपएहिय के०) पृथिव्यादिदशपदेभ्यः, एटले पूर्वोक्त पृथिव्यादिक दश पदना दशे दंडकथी

नीकळ्या जीवनुं ( तेऊवाऊसु के० ) तेजोवाय्वोः, एटले तेउकाय अने वायुकायने विषे आवी (उववाउ के०) उपपातः, एटले उपजवुं थाय. ए तेउकाय अने वायुकायनी आगति कही ॥ ३५ ॥

हवे तेउकाय अने वायुकायनी गति कहे छे.

**तेऊवाऊगमणं, पुढवीपमुहम्मि होइ पयनवगे ॥ पुढवाइठाणदसगा, विगलाइतियं तिहिं जंति ॥ ३६ ॥**

गाथा ३६ मीना छुटा शब्दना अर्थ.

तेऊ–तेऊकाय.
वाऊ–वायुकायनुं.
गमणं–गमन, जवुं.
पुढवीपमुहम्मि–पृथिवी प्रमुख.
होइ–थाय छे.
पयनवगे–नव पदने विषे.
पुढवाइ–पृथिव्यादिक.
ठाण–स्थानक.
दसगा–दशमां रहेला.
विगलाइ–विकलादि.
तियं–तिक.
तिहिं–तेहीज ( दश दंडकमां ).
जंति–जाय.

विस्तारार्थः–( तेऊ वाउगमणं के० ) तेजो वायुगमनं, एटले एक तेजस्काय, बीजा वायुकाय ए बे दंडकना जीवोनुं गमन ते जवुं, अर्थात् तेउकाय अने

वायुकायना जीवोनुं च्यवीने कया दंमकने विषे जइ उपजवुं थाय ? ते कहे छे. ( पुढवीपमुहम्मि के० ) पृथिवीप्रमुखे, एटले पृथिव्यादिक पांच स्थावर अने त्रण विकलेंड्रिय तथा एक तिर्यंच पंचेंद्रिय. ए सर्व मली ( पयनवगे के० ) पदनवके, एटले नव पदने विषे उपजवुं ( होइ के० ) जवति, एटले थाय छे. ए रीते तेउकाय अने वायुकायनी गति तथा आगति कही.

हवे त्रण विकलेंद्रियनां आगति अने गति मली बे द्वार साथे कहे छे.

( पुढवाइठाणदसगा के० ) पृथिव्यादिस्थानदशगाः, एटले पृथिव्यादिक पांच स्थावर अने त्रण विकलेंद्रिय, एवं आठ थया, तथा नवमा तिर्यंच पंचेंद्रिय अने दशमा मनुष्य, ए दश स्थानकना जीव च्यवीने विकलेंद्रियने विषे आवे, अने (विगलाइंतियं के०) विकलादित्रिकं, एटले ए त्रणे विकलेंड्रियवाला जीव मरीने ( तिहिं के० ) तेषु, एटले तेहीज दश दंमकमां ( जंति के० ) याति, एटले जाय. ए विकलेंद्रियमां आगति तथा गति नामक बे द्वार कह्यां ।३६।

हवे गर्भज तिर्यंच तथा मनुष्य, ए बे दंडकवाला जीवोनी गति अने आगति कहे छे.

गमणागमणं गब्भय,--तिरियाणं, सय-
लजीवठाणेसु ॥ सवत्थ जंति मणुआ,
तेऊवाऊहिं नो जंति ॥३७॥

गाथा ३७ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| गमण–गमन, जवुं. | सवत्थ–सर्वत्र. |
| आगमणं–आगमन, आववुं, | जंति–जाय छे. |
| गप्भयतिरियाणं–गर्भज तिर्यंचनुं. | मणुआ–मनुष्यो. |
| सयल–सघला. | तेऊ–तेउकाय. |
| जोवठाणेसु–जीवनां स्थानकने विषे. | वाऊहिं–वायुकाय थकी. |
| | नो जंति–न आवे. |

विस्तारार्थः–( गब्भयतिरियाणं के० ) गर्भजतिरश्चां, एटले गर्भज तिर्यंचनुं ( गमणागमणं के० ) गमनागमने, एटले जवुं अने आववुं, ते (सयलजीवठाणेसु के० ) सकलजीवस्थानकेषु, एटले सघला जीवनां स्थानकने विषे होय; अर्थात् चोवीशे दंमकने विषे होय. ए पंचेंद्रिय तिर्यंचनी गति तथा आगति कही. हवे मनुष्यनी गति तथा आगति कहे ले. ( मणुआ के० ) मनुष्याः, एटले मनुष्यना दंमकवाला जीव चय-

वीने ( सव्वह के० ) शर्वत्र, एटले चोवीशे दंरुकमां ( जंति के० ) यांति, एटले जाय ठे, मूल गाथामां ' सव्वत्थ ' पदना सामर्थ्यथी चोवीश दंरुकना जीवोमां काल, क्षेत्र अने संघयणनो योग थतां सिद्धिमां पण जाय, जो च्यवीने मनुष्यमां आवे, तो तेउकाय अने वाउकाय शिवाय बात्रीशमांथी आवे. अने ( तेऊवाऊहिं के० ) तेजोवायुभ्यां, एटले तेउकाय अने वायुकाय थकी जीव च्चवीने मनुष्यना दंरुकमां (नो जंति के०) नो यांति, एटले न जाय. एटले तेउकाय अने वायुकाय विना बाकी सर्वे बावीशे दंरुकना जीव च्यवीने मनुष्यमांहे आवे.

हवे चोवीशे दंरुके जीवोना ( ५६३ ) नेद बतावे ठे. तेमां प्रथम ( ५६३ ) जीवोना नेद कही देखाडे ठे. पृथ्वी, अप्, तेउ अने वायु, ए चार सूक्ष्म अने चार बादर मली आठ नेद थया. तथा जे एक शरीरने विषे अनंता जीव होय. तेने साधारण वनस्पतिकाय कहीए. बीजो जे एक शरीरने विषे एक जीव होय. तेने प्रत्येक वनस्पतिकाय कहीए. त्रीजो निगो-

दने सुक्ष्म वनस्पतिकाय कहीए. ए त्रण जेद वनस्प-
तिना पूर्वोक्त आठ जेद साथे मेलवतां अगीयार जेद
थाय. तेनी साथे बेइंद्रिय, तेइंद्रिय अने चौरिंद्रिय
ए त्रण विकलेंद्रिय मेलवीए, त्यारे चौद जेद थाय. ते
चौद पर्याप्ता अने चौद अपर्याप्ता मली अठयावीश
जेद थया. तथा जलचर, स्थलचर, खेचर, उरःपरि-
सर्प अने जुजपरिसर्प, ए पांच गर्जज अने पांच संमू-
र्छिम मेलवीए, त्यारे दश थाय. ते वली दश पर्याप्ता
अने दश अपर्याप्ता मली वीश जेद पंचेंद्रिय तिर्यंचना
थया. ते पूर्वोक्त अठयावीश जेद साथे मेलवतां अड-
तालीश जेद तिर्यंचना थाय.

तथा रत्नप्रजादिक सात नारकीना पर्याप्ता अने
अपर्याप्ता जेदे चौद प्रकारे नारकीना जीव थाय, ते
पुर्वोक्त ४ए साथे मेलवतां बासठ जेद थया.

तथा पांच जरत, पांच ऐरवत अने पांच महा-
विदेह मली पंदर क्षेत्र कर्मजुमिना मनुष्यनां, अने
पांच हिमवंत, पांच हिरएयवंत, पांच हरिवर्ष, पांच
रम्यकवर्ष, पांच देवकुरु अने पांच उत्तरकुरु, ए त्रीश

क्षेत्र अकर्मभूमिनां मनुष्यनां तथा छप्पन अंतरद्वीपनां मली ( १०१ ) भेदे गर्भज पर्याप्ता अने ( १०१ ) भेदे गर्भज अपर्याप्ता तथा १०१ भेदे संमूर्छिम मली (३०३) भेद मनुष्यना ते पूर्वोक्त बासठ साथे मेलवतां ३६५ भेद थया.

तथा पुर्वे कहेला नवाणुं प्रकारना देवोताने पर्याप्ता अने अपर्याप्ता भेदे करीए त्यारे ( १९८ ) भेद देवोना थाय, ते पूर्वोक्त (३६५) साथे मेलवतां (५६३) भेद जीवना थाय.

हवे ( ५६३ ) भेदनी चोवीश दंडके गति अने आगति कहे छे.

१ तेमा ते प्रथम साते नरकना दंडकने विषे गति अने आगति कहे छे. पंदर भेदवाला कर्मभूमिना मनुष्य अने जलचर, स्थलचर, खेचर, उरःपरिसर्प अने भुजपरिसर्प, ए पांच गर्भज अने पांच संमूर्छिम मली पचीश भेदनी आगति पहेला नरकने विषे जाणवी. हवे पहेला नरकथी नीकळ्या जीवनी गति कहे छे. पहेला नरकवाला जीव पंदर कर्मभूमिना

मनुष्य अने पांच गर्भज तिर्यंच मली वीश पर्याप्ता अने वीश अपर्याप्ता एवं चालीश भेदमां आवी अवतरे, ते गति जाणवी.

२ बीजा नरके पंदर कर्मभूमिना मनुष्य अने पांच गर्भज तिर्यंच मली वीश भेदना जीव आवे, ते आगति जाणवी, अने ए बीजा नरकथी नीकलेला जीव एज पूर्वोक्त वीश पर्याप्ता अने वीश अपर्याप्ता मली चालीश भेदना जीवोमां आवी उपजे, ते गति जाणवी.

३ त्रीजा नरकने विषे पंदर कर्मभूमिना मनुष्य तथा जलचर, स्थलचर, खेचर अने उरःपरिसर्प, ए ओगणीश भेदना जीव आवी उपजे, ते आगति जाणवी, अने त्रीजा नरकथी नीकलेला जीव पंदर कर्मभूमिना मनुष्य तथा पांच गर्भज तिर्यंच मली वीश पर्याप्ता तथा वीश अपर्याप्ता एवं चालीश भेदना जीवोमां आवी उपजे, ते गति जाणवी.

४ चोथा नरकने विषे पंदर कर्मभूमिना मनुष्य तथा जलचर, स्थलचर अने उरःपरिसर्प, ए अढार

भेदना जीव आवी उपजे, ते आगति जाणवी, अने चोथा नरकथी नीकळेला जीव पंदर कर्मभूमिना मनुष्य अने पांच जातिना गर्भज तिर्यंच मळी वीश पर्याप्ता अने वीश अपर्याप्ता एवं चालीश भेदना जीवोमां आवी उपजे, ते चोथा नरकना जीवोनी गति जाणवी.

५ पांचमा नरकने विषे पंदर कर्मभूमिना मनुष्य तथा जळचर अने उरःपरिसर्प मळी सत्तर भेदना जीव आवे, ते आगति जाणवी, अने ए पांचमा नरकथी नीकळेला जीव पंदर कर्मभूमिना मनुष्य अने पांच जातिना गर्भज तिर्यंच एवं वीश पर्याप्ता अने वीश अपर्याप्ता मळी चालीश भेदना जीवोमां आवी उपजे, ते पांचमा नरकना जीवोनी गति जाणवी.

६ छठा नरकने विषे पंदर कर्मभूमिना मनुष्य अने जळचर मळी सोळ भेदवाळा जीव आवी उपजे, ते आगति जाणवी, अने छठा नरकथी नीकळेला जीव पंदर कर्मभूमिना मनुष्य अने पांच गर्भज तिर्यंच मळी वीश पर्याप्ता अने वीश अपर्याप्ता एवं चालीश भेदना जीवोमां आवी उपजे, ते छठी नरकना जीवोनी गति जाणवी.

७ सातमा नरकने विषे पंदर कर्मभूमिना मनुष्य अने जलचर मली सोल भेदना जीव आवी उपजे, ते आगति जाणवी, अने सातमा नरकथी नीकलेला जीव ते जलचर, स्थलचर, खेचर, उरःपरिसर्प अने भुजपरिसर्प, ए पांच जातिना गर्भज तिर्यंचमां ( पर्याप्ता अने अपर्याप्ता मली दश भेद समजवा.) आवी उपजे, ते गति जाणवी. ए सात नरकनी आगति अने गति कही.

हवे देवोनी गति अने आगति कहे छे. तेमां प्रथम दश जातिना भवनपति, सोल जातिना व्यंतर, पंदर जातिना परमाधामी अने दश प्रकारना तिर्यग्जृंभक, ए एकावन जातिना देवोने विषे एकसो अगीयार जातिना जीवो आवी उपजे, तेमां ( १०१ ) भेदवाला तो मनुष्य अने पांच गर्भज तिर्यंच जाणवा. तथा पांच संमूर्छिम तिर्यंच मली ( १११ ) भेदनी आगति जाणवी. तथा एज एकावन जातिना देवोमांथी नीकलेला जीव छेंतालीश भेदमां जाय, तेनां नाम कहे छे. तेमां पंदर कर्मभूमिना मनुष्य अने पांच जातिना

गर्भज तिर्यंच तथा पृथिवी, अप् अने वनस्पति मळी त्रेवीश भेद पर्याप्ताना अने त्रेवीश अपर्याप्ताना एवं छेंतालीश भेदमां आवी उपजे, ते गति जाणवी. ए रीते सात नारकीनो एक दंडक तथा दश भवनपतिना दश दंडक अने व्यंतर देवोनो एक दंडक मळी बार दंडके गति आगति कही.

हवे पृथिवीकाय, अप्काय अने वनस्पतिकाय ए त्रण दंडकने विषे बसें त्रेंताळीश भेदना जीव आवे, तेनां नाम कहे छे. ४७ तिर्यंच, १०१ संमूर्छिम मनुष्य तथा पंदर कर्मभूमिना मनुष्य पर्याप्ता अने अपर्याप्ता एवं १७९ थया. तथा चोसठ जातिना देवो आवे, तेना नाम कहे छे. पंदर परमाधामी, दश भवनपति, सोळ व्यंतर, दश तिर्यग्जृंभक, दश ज्योतिषी तथा सौधर्म अने ईशान ए बे देवलोकना देवो अने एज बे देवलोकनी नीचे रहे छे, ते एक भेद किल्बिषीया देवोनो मळी चोसठ भेद थया. ते पुर्वोक्त १७९ भेद साथे मेळवीए, त्यारे २४३ भेद थाय. हवे

पृथिवी, अप् अने वनस्पति, ए त्रण दंमकमांहेथी नीकल्या जीव पुर्वोक्त १७ए जेदमां जाय, एवं पंदर दंमके गति आगति कही.

तथा तेउ अने वायु ए बे दंमकने विषे पूर्वे कहेला १७ए जेदना जीव आवे, अने ए तेउ तथा वायुकायना नीकल्या जीव ४० जेदना तिर्यंचमां जाय. एवं सत्तर दंमके गति आगति कही.

हवे बेइंद्रिय, तेइंद्रिय अने चौरिंद्रिय ए त्रण दंमकने विषे पूर्वे कहेला १७ए भेदना जीव आवे, अने ए त्रण दंमकमांथी नीकल्या जीव पण एज १७ए जेदना जीवमां जइ उपजे. एवं वीश दंमकनी गति आगति कही.

असंज्ञी पंचेंद्रिय तिर्यंचमां एज पूर्वोक्त १७ए जेदना जीव आवी उपजे, अने ए असंज्ञी तिर्यंचमांथी नीकल्या ३ए५ जेदने विषे जाय, तेनां नाम कहे छे. पंदर परमाधामी,. दश जवनपति, सोल व्यंतर, दश तिर्यग्जृंजक, ए एकावन जेदना देवो तथा छप्पन

अंतरद्वीप अने एक नारकी, एवं १०८ पर्याप्ता तथा १०८ अपर्याप्ता मली २१६ थया. तेनी साथे १७९ पूर्वना भेलतां ३९५ भेद थया. तेमां एनी गति जाणवी. तथा गर्भज तिर्यंच पंचेंद्रियमां २६७ भेदना जीव आवे, तेनां नाम कहे छे. तेमां पूर्वे कहेला १७९ भेद, तथा पंदर परमाधामी, दश भवनपति, सोल व्यंतर, दश तिर्यग्जृंभक, दश ज्योतिषी, त्रण किल्बिषीया, नव लोकांतिक अने सौधर्मथी मांडीने सहस्त्रार पर्यंत आठ देवलोकना देवो मली ८१ भेद देवलोकना तथा सात नारकी एवं ८८ भेद पूर्वोक्त १७९ साथे मेलवीए, त्यारे २६७ भेद थाय. तथा ए गर्भज तिर्यंचमांथी नीकल्या जीव ते ५२७ भेदमां जाय, ते कहे छे. तेमां १७९ पूर्वे कहेला अने बीजा पण पूर्वे कहेला देवताना ८१ भेद अने सात नारकीना सात भेद मलीने अठ्याशी भेदना जीवोने पर्याप्ता तथा अपर्याप्ता करीए, त्यारे १७६ भेद थाय. तथा त्रीश अकर्मभूमि अने छप्पन अंतरद्वीप मली ८६ भेदना मनुष्यने पर्याप्ता तथा अपर्याप्ता गणतां १७२ भेद थाय. तेने पूर्वोक्त १७९

तथा १७६नी साथे मेलवीए, त्यारे ५२७ भेद थाय, ए जलचर जीवो आश्रयी जाणवा.

हवे ए गर्भज तिर्यंचना पांच भेद विवरीने कहे छे. तेमां प्रथम उरःपरिसर्पने विषे २६७ भेदना जीव आवे, अने सातमां तथा छठा मली बे नरकना पर्याप्ता तथा अपर्याप्ताना चार भेद पूर्वोक्त ५२७ मांथी वर्जीए, त्यारे शेष ५२३ भेदमां एनी गति जाणवी, तथा स्थलचरनी २६७ भेदनी आगति अने सातमा, छठा तथा पांचमा, ए त्रण नरकना पर्याप्ता अपर्याप्ता मली छ भेद ५२७ मांथी वर्जतां शेष ५२१ भेदने विषे गति जाणवी. तथा खेचरनी ५२७ भेदनी आगति अने सातमां, छठा, पांचमा अने चोथा, ए चार नारकीने पर्याप्ता अपर्याप्ता करतां आठ भेद थाय, ते ५२७ मांथी वर्जीए, त्यारे शेष ५१९ भेदने विषे एनी गति जाणवी. तथा भुजपरिसर्पना २६७ भेदनी आगति अने सातमा, छठा, पांचमा चोथा अने त्रीजा, ए पांच नारकीना पर्याप्ता अने अपर्याप्ता मली दश भेद ५२७ मांथी वर्जीए, त्यारे शेष ५१७ भेदने विषे एनी गति जाणवी.

ए तिर्यंचना दंरूक आश्रयी गति आगति कही. एवं एकवीश दंरूक थया.

हवे मनुष्यना दंरूकनी गति आगति कहे छे. तेमां प्रथम संमूर्छिम मनुष्यने विषे १७१ नेदना जीव आवे, तेना नाम कहे छे. पंदर कर्मजूमिना मनुष्यना पर्याप्ता अने अपर्याप्ता मली त्रीश नेद थाय, अने तेउकाय तथा वाउकायना सूक्ष्म तथा बादर अने ते वली पर्याप्ता तथा अपर्याप्ता करीए, त्यारे आठ नेद थाय. ते तिर्यंचना अरूतालीश नेदमांथी वर्जीए. बाकी चालीश नेद तिर्यंचना, तथा १०१ संमूर्छिम मनुष्यना मलीने १७१ नेदना जीव संमूर्छिम मनुष्य मध्ये आवे, अने ए संमूर्छिम मनुष्यमांथी नीकलीने तेउकाय तथा वायुकायना आठ नेद सुधां पूर्वोक्त १७ए नेदमां जइ उपजे.

हवे पंदर कर्मजूमिना गर्नज मनुष्यने विषे २७६ नेदना जीव आवी उपजे, तेनां नाम कहे छे. तेमां पंदर कर्मजूमिना पर्याप्ता अने अपर्याप्ता मली त्रीश नेद, तथा तेउ अने वायुना आठ नेद वर्जीने शेष

चाळीश ज्ञेद तिर्यंचना तथा १०१ ज्ञेद संमूर्छिम मनुष्यना तथा नवाणुं प्रकारना देवोना पर्याप्ता जीव, एवं २७० थया. तथा छठा नरक सुधीना जीव पण कर्मज्ञूमिना गर्ज्ञज मनुष्यमां आवे, ए सर्व मळी २७६ ज्ञेदनी आगति जाणवी, अने ए कर्मज्ञूमिना गर्ज्ञज मनुष्योमांथी नीकळीने सर्व ५६३ ज्ञेदमां जाय, ते ए गति जाणवी.

हवे त्रीश अकर्मज्ञूमिना मनुष्यने विषे पंदर कर्मज्ञूमिना मनुष्य अने पांच गर्ज्ञज तिर्यंच मळी वीश ज्ञेदना जीव आवी उपजे, ते आगति जाणवी, अने ए त्रीश अकर्मज्ञूमिना मनुष्यमांथी नीकळीने चोसठ ज्ञेदना देवोमां जइ उपजे, तेना नाम कहे छे. पंदर परमाधामी, सोळ व्यंतर, दश ज्ञवनपति, दश तिर्यग्जृंज्ञक, दश ज्योतिषी, पहेला अने बीजा देवलोकनी नीचेना रहेनारा किल्बिषीया देवोनो एक ज्ञेद तथा सौधर्म अने ईशान ए बे देवलोकना बे ज्ञेद मळी चोसठ ज्ञेद थया.

तथा छप्पन्न अंतरद्वीपने विषे पचीश ज्ञेदना जीव

आवे, तेमां पंदर कर्मभुमिना मनुष्य तथा पांच गर्भज तिर्यंच अने पांच संमूर्छिम तिर्यंच मळी पचीश भेदनी आगति जाणवी, अने ए छप्पन अंतरद्वीपमांथी नीकळीने देवोना एकावन भेदमां जाय, तेनां नाम कहे छे. पंदर परमाधामी, दश भवनपति, सोळ व्यंतर अने दश तिर्यगजृंभक मळी एकावन भेदने विषे एनी गति जाणवी. एवं बावीश दंडके गति आगति कही.

हवे दश प्रकारना ज्योतिषी देवोना दंडकने विषे पंदर कर्मभूमि, त्रीश अकर्मभुमि अने पांच प्रकारना गर्भज तिर्यंच मळी पचास भेदना जीवो आवी उपजे, ते एनी आगति जाणवी, अने ए ज्योतिषीमांथी नीकळ्या जीव ते पंदर कर्मभूमिना मनुष्य अने पांच गर्भज तिर्यंच तथा पृथिवी, पाणी अने वनस्पति मळी त्रेवीश भेद पर्याप्ताना अने त्रेवीश भेद अपर्याप्ताना एवं छेताळीश भेदने विषे एमनी गति जाणवी. एवं त्रेवीश दंडके गति अने आगति कही.

हवे चोवीशमा वैमानिक देवोना दंडकने विषे गति आगति कहे छे. सौधर्म तथा ईशान ए बे देव-

लोकना नीकळ्या पृथिवी, पाणी अने वनस्पति, ए त्रण पर्याप्ता तथा तिर्यंच पंचेंद्रियना पांच भेद अने पंदर कर्मभुमि मनुष्यना पंदर भेद, एवं त्रेवीश भेदमां जाय, ते एनी गति जाणवी,

त्रीजा सनत्कुमारथी मांडीने आठमा सहस्रार पर्यंत छ देवलोकना नीकळ्या जीव, ते पांच भेदवाळा पंचेंद्रिय तिर्यंच अने पंदर कर्मभूमिनां मनुष्य मळी वीश भेदमां जाय.

तथा नवमा आनत देवलोकथी मांडीने बारमा अच्युत पर्यंतना चार देवलोक अने नव ग्रैवेयक तथा पांच अनुत्तर विमान, ए सर्व मळी अढार देवलोकना नीकळ्या जीव, ते पंदर कर्मभुमिना मनुष्यना पंदर भेदमां जाय. ए वैमानिक देवोनी गति कही.

हवे ए वैमानिक देवोनी आगति कहे छे. तेमां प्रथम सौधर्म देवलोकमां पंदर कर्मभुमिना मनुष्य अने त्रीश अकर्मभूमिना मनुष्य तथा पांच गर्भज तिर्यंच मळी पचास भेदना जीव आवे.

तथा ए पचास भेदमांथी वली जंबूद्वीपनुं एक हिमवंत क्षेत्र अने बीजुं हिरण्यवंत क्षेत्र, तेमज धातकी खंडनां बे हिमवंत अने बे हिरण्यवंत तथा पुष्कराऊनां बे हिमवंत क्षेत्र अने बे हिरण्यवंत क्षेत्र मली दश युगलियानां क्षेत्रोना दश भेद अकर्मभूमि मनुष्यना वर्जिए, त्यारे शेष चालीश भेदना जीव ईशान देवलोकमां आवे.

तथा त्रीजा सनत्कुमारथी मांडीने आठमा सहस्रार देवलोक पर्यंतना छ देवलोकमां पंदर कर्मभूमिना मनुष्यना अने पांच गर्भज तिर्यंचना मली वीश भेदना जीव आवे.

तथा नवमा आनत देवलोकथी मांडीने पांच अनुत्तरविमान पर्यंतना अढार देवलोकमां पंदर कर्मभूमि क्षेत्रना मनुष्य आवे. ए वैमानिक देवोना दंडकने विषे गति आगति कही. ए बावीसमुं तथा त्रेवीशमुं द्वार कह्युं ॥

हवे चोवीशमुं वेदद्वार कहे छे.

वेयतिय तिरिनरेसु, इत्थी पुरिसो अ

चउविहसुरेसु ॥ थिरविगलनारएसु,
नपुंसवेउ हवइ एगो ॥ ३८ ॥

गाथा ३८ मीना छुटा शब्दना अर्थ.

वेय–वेद.
तिय–त्रण.
तिरिनरेसु–तिर्यंच अने मनुष्यने विषे.
इच्छी–स्त्री वेद.
पुरिसो–पुरुषवेद.
अ–अने.
चउविह–चार प्रकारना.
सुरेसु–देवताने विषे.
थिर–स्थावर.
विगल–विकलेंद्रिय.
नारएसु–नारकीने विषे.
नपुंसवेओ–नपुंसकवेद.
हवइ–होय.
एगो–एक.

विस्तारार्थः–( तिरि नरेसु के० ) तिर्यग्नरयोः, एटले तिर्यंच अने मनुष्यने विषे ( तिय वेय के० ) त्रिवेदं, एटले त्रण वेद होय. एटले पंचेंद्रिय तिर्यंच अने मनुष्य ए बे दंमकने विषे त्रणे वेद लाजे, तथा ( चउविहसुरेसु के० ) चतुर्विधसुरेषु, एटले जवनपति, व्यंतर, ज्योतिषी अने वैमानिक, चार प्रकारना देवो संबंधी तेर दंमकने विषे एक नपुंसकवेद टालीने बाकी

एक (इत्थी के०) स्त्री एटले स्त्रीवेद अने बीजो (पुरिसो के०) पुरुषः, एटले पुरुषवेद  ए बे वेद होय. (अ के०) अकार छे, ते समुच्चयार्थवाचक छे. (थिर विगलनारएसु के०) स्थिरविकलनारकेषु, एटले स्थिर ते पांच स्थावरनां पांच दंडक अने विकल ते विकलेंद्रियनां त्रण दंडक अने ( नारएसु के० ) नारक ते नारकी, ए नव दंडके ( एगो के० ) एकः, एटले एकज ( नपुंसवेउ के० ) नपुंसकः, एटले नपुंसकवेद (हवइ के०) जवति, एटले होय. ए चोवीश दंडके चोवीशमुं वेदद्वार कह्युं ॥ ३० ॥

हवे ए चोवीशे दंडकोनुं पचीशमुं अल्पबहुत्वद्वार बे गाथाए करी कहे छे.

पज्जमणुबायरग्गी, वेमाणियजवणनिरयवंतरिआ ॥ जोइसचउपणतिरिआ, बेइंदिय तेंदिय जू आउ ॥ ३ए ॥ वाऊ वणस्सई चिय, अहिया अहिया कमेणमे हुंति ॥ सव्वेवि इमे जावा, जिणा ! मए णंतसो पत्ता ॥ ४० ॥

### गाथा ३९ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| पज्ज–( गर्भज ) पर्याप्ता. | जोइस–ज्योतिषी. |
| मणु–मनुष्य. | चउ–चौरिंद्रिय. |
| बायर–बादर. | पण–पंचेंद्रिय. |
| अग्गी–अग्निकाय. | तिरिआ–तिर्यंच. |
| वेमाणिय–वैमानिक. | बेइंद्रिय–बेइंद्रिय. |
| भवण–भवनपति. | तेंदिय–तेइंद्रिय. |
| निरय–नारकी. | भू–पृथ्वीकाय. |
| वितरिआ–व्यंतर. | आऊ–अप्काय. |

### गाथा ४० मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| वाऊ–वायुकाय. | सव्वेवि–सर्वे पण. |
| वणस्सई–वनस्पतिकाय. | इमे–आ. |
| चिय–निश्चे. | भावा–भाव. |
| अहिया अहिया–अधिक अधिक. | जिणा!–जिनेश्वरो !. |
| कमेण–अनुक्रमे. | मए–मारे जीवे. |
| इमे–ए. | अणंतसो–अनंती वार. |
| हुंति–होय. | पत्ता–पाम्या. |

विस्तारार्थः–( पज्जमणु बायरग्गी के० ) पर्याप्त मनुष्य बादराग्नी, एटले गर्भज पर्याप्त मनुष्य अने बादर अग्निकाय जीव तथा ( वेमाणियभवणनिरय-

विंतरिया के०) वैमानिकभवननिरयव्यंतरिकाः, एटले वैमानिक देव, भवनपति संबंधी दश दंमकना जीव, सात नारकीना जीव अने व्यंतर देवो, तथा (जोइसचउपणतिरिया के०) ज्योतिष्कचतुरिंद्रियपंचेंद्रिय तिर्यंचः, एटले जोतिषी देवो, चौरिंद्रिय, पंचेंद्रिय अने तिर्यंचो, तथा ( बेइंद्रिय के० ) द्वींद्रियः, एटले बेइंद्रिय, तथा ( तेइंद्रिय के० ) त्रींद्रियः, एटले तेंद्रिय, तथा ( भू के० ) भूः, एटले पृथ्वीकाय, तथा ( आउ के० ) आपः, एटले अप्काय, तथा ( वाउ के० ) वायुः, एटले वायुकाय, तथा ( वणस्सई के० ) वनस्पतिः, एटले वनस्पतिकाय, ( कमेणमे के० ) क्रमेण इमे, ( तेमां ) इमे एटले आ सर्वे जीवो क्रमेण एटले अनुक्रमे ( चिय के० ) एव, एटले निश्चये करी (अहिया अहिया के०) अधिका अधिकाः, एटले अधिक अधिक अर्थात् प्रथम प्रथमथी पछीना पछीना वधारे वधारे ( हुंति के० ) भवंति, एटले होय, ते नीचे प्रमाणे विस्तारथी जाणवुं,

प्रथम सर्व थकी थोमा १ गर्भज पर्याप्ता मनुष्य

जाणवा. ते थकी २ बादर अग्निकायिया जीव अधिक, ते थकी ३ वैमानिक देवता अधिक, ते थकी ४–१३ जवनपति देवो संबंधी दश दंमकना जीव अधिक, ते थकी १४ सात नारकीना जीव अधिक, ते थकी १५ व्यंतरिक देवो अधिक, ते थको १६ ज्योतिषी देवो अधिक, ते थकी १७ चारिंद्रिय जीव अधिक, ते थकी १८ पंचेंद्रिय तिर्यंच जीव अधिक, ते थकी १९ बेइं-द्रिय जीव अधिक, ते थकी २० तेइंद्रिय जीव अधिक, ते थकी २१ पृथिवीकायिया जीव अधिक, ते थकी २२ अप्कायिया जीव अधिक ॥ ३९ ॥ ते थकी २३ वायुकायिया जीव अधिक, ते थकी २४ वनस्पतिका-यिया जीव अधिक, निश्चये ए एक एक थकी अनु-क्रमे अधिक अधिक होय. ए चोवीश दंमके अल्पब-हुत्वद्वार कह्युं.

हवे ग्रंथकर्त्ता पोते ग्रंथ पूर्ण करता बता श्रीजि-नेश्वरनी स्तुति करे बे. ( जिणा के० ) हे जिनाः, एटले अहो तीर्थंकर जगवंतो ! ( इमे के० ) इमे, एटले चोवीश दंमकोने विषे जमवारूप जे (जावा के०)

ज्ञावा:, एटले ज्ञावो ते ( सव्वेवि के० ) सर्वेऽपि, एटले सर्वे पण (मए के०) मया, एटले मारे जीवे (अणंतसोपत्ता के० ) अनंतशः प्राप्ताः, एटलेअनंति वार पाम्या ॥४०॥

**संपइ तुम्ह भत्तस्स, दंमगपयभमण-**
**भग्गहियस्स ॥ दंमतियविरयसुलहं,**
**लहु मम दिंतु मुक्खपयं ॥ ४१ ॥**

गाथा ४१ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| संपइ—संप्रति, हमणां. | दंडतिय—त्रण दंड. |
| तुम्ह—तमारा. | विरय—विरमवे करीने. |
| भत्तस्स—भक्तना. | सुलहं—सुलभ. |
| दंडगपय—दंडकपद. | लहु—शिघ्र. |
| भमण—भ्रमण करवुं ते. | मम—मूजने. |
| भग्गहियस्स—भग्न थयुं छे हृदय जेनुं. | दिंतु—आपो. |
| | मुक्खपयं—मोक्षपद. |

विस्तारार्थः—माटे हे जिनेश्वरो ! ( संपइ के० ) संप्रति, एटले सांप्रत काले हमणां ( दंमगपय भमण-भग्गहियस्स के०) दंमकपदभ्रमणभग्नहृदयस्य, एटले

दंरुकपद ते चोवीश दंरुकरुप जे पद एटले स्थानक तेने विषे जे भ्रमण करवुं, ते थकी जग्न थयुं छे हृद-य जेनुं अर्थात् ते जवभ्रमण थकी निवृत्त छे मन जेनुं, एवा ( तुम्ह जत्तस्स के० ) तव जक्तस्य, एटले तमा-रा त्रिकरणशुद्धे जक्तिमंत एवा (मम के०) मम, एटले मुजने मन, वचन अने कायाए ( दंरुतिय के० ) वि-रयसुलहं के० ) दंरुत्रिकविरतसुलजं, एटले दंरुत्रिक ते त्रण दंरुक तेना विरत एटले विरमवे करीने सुलज एटले मनादिक त्रण दंरु थकी विरमीए, तो सुखे पामीए एवुं जे (मुस्कपयं के०) मोक्षपदं, एटले मोक्षपद तेने (लहु के० ) लघु एटले त्वरित (दिंतु के०) ददतु, एटले आपो ॥ ४१ ॥

हवे ग्रंथकार पोतानुं नाम कहे छे.


सिरिजिणहंसमुणीसर,--रज्जे सिरिधवलचंदसी-सेण ॥ गजसारेण लिहिया, एसा विन्नति अ-प्पहिया ॥ ४२ ॥

गाथा ४२ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| सिरि–लक्ष्मी, श्री. | गजसारेण–गजसार मुनिए. |
| जिणहंस–जिनहंस. | लिहिया–लखी. |
| मुणीसर–मुनीश्वरना. | एसा–ए. |
| रज्जे–राज्यने विषे. | विन्नति–विज्ञप्ति. |
| सिरिधवलचंद–श्री धवलचंदना. | अप्पहिया–आत्माना हितने करनारी. |
| सीसेण–शिष्ये. | |

विस्तारार्थः–ज्ञानाचारादि ( सिरिजिणहंसमुणीसररज्जे के० ) श्रीजिनहंसमुनिश्वरराज्ये, एटले श्री ते ज्ञानाचारादि लक्ष्मी तेणे करी युक्त श्री जिनहंस नामे मुनीश्वर अर्थात् श्रीजिनहंस नामे आचार्यना राज्यने विषे ( सिरिधवलचंद सीसेण के० ) श्रीधवलचंद्रशिष्येण, एटले चारित्ररूपी लक्ष्मीए करी युक्त एवा धवलचंद नामे उपाध्याय, तेमना शिष्य एवा जे (गजसारेण के०) गजसारेण, एटले गजसार नामे मुनि, तेणे श्रीवीर प्रभु शासनना नायकने (एसा के०) एसा, एटले आ (विन्नत्ति के०) विज्ञप्तिः, एटले विज्ञप्ति (अप्पहिया के०) आत्महिता, एटले पोताना आत्माना हितने अर्थे पदबंधे करीने ( लिहिया के० ) लिखिता, एटले लखी

अथवा रचना करी आ गाथामां जणावेला श्री जिनहंसनामा आचार्य खरतरगछमां श्रीजिनचंद्रसूरि पछी तेमनी पाटे थएला प्रसिद्ध छे. ॥ ४२ ॥ इति श्री दंडकप्रकरणं बालावबोधसहितं संपूर्णम् ॥



॥ श्रीलघुसंघयणी प्रकरण बालावबोध सहितप्रारंभः ॥

ग्रंथना आरंभमां सूत्रकार श्री हरिभद्रसूरिआचार्य भगवानने नमस्कार करवारूप मंगल गाथा कहे छे.

नमिय जिणं सवन्नूं, जगपुज्जं जगगुरुं महावीरं ॥ जंबुद्दीवपयच्छे, वुच्छं सुत्ता सपरहेउं ॥ १ ॥

गाथा १ लीना छुटा शब्दना अर्थ.

नमिय–नमस्कार करीने.
जिणं–श्री जिनेश्वर देवने.
सव्वन्नुं–सर्वज्ञ.
जगपुज्जं–त्रण जगतने पुज्य.
जगगुरुं–त्रण जगतना गुरु.
महावीरं–महावीर स्वामीने.
जंबुद्दीव–जंबूद्वीपने विषे रहेला.
पयच्छे–पदार्थो.
वुच्छं–कहीश.
सुत्ता–सुत्रथकी.
सपरहेउं–स्वपर हेतुए.

विस्तारार्थः–( जगपुज्जं के० ) जगत्पूज्यं, एटले त्रण जगतने पूज्य, ( जगगुरुं के० ) जगद्गुरुं, एटले त्रण जगतना गुरु अने ( सवन्नुं के० ) सर्वज्ञं एटले सर्वज्ञ एवा ( जिणं के० ) जिनं, एटले श्री जिनेश्वर देव जे श्री ( महावीरं के० ) महावीरं, एटले महावीर

स्वामी ते प्रत्ये ( नमिय के० ) नमस्कार करीने ( जंबुद्दीवपयत्थे के० ) जंबूद्वीपपदार्थान्, एटले जंबूद्वीपने विषे रहेला एवा जे शाश्वता पदार्थो, तेने (सुत्ता के०) सुत्रात्, एटले सुत्रथकी जाणीने ( सपरहेउं के० ) स्वपरहेतो, एटले पोताना तथा परना हेतुए (वुछं के०) वक्ष्यामि, एटले हुं हरिनद्रसुरि कहीश.

हवे जे पदार्थो कहेवाना छे, तेनां द्वार गाथाए करी कहे छे.

**खंमा जोयणवासा, पव्वयकूमा य तिछसेढीउं ॥**
**विजयद्दहसलिलाउं, पिंमेसिं होइ संघयणी ।२।**

गाथा २ जीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| खंडा–खांडुआ. | सेढीओ–श्रेणिओ. |
| जोयण–योजन. | विजय–विजय. |
| वासा–वासक्षेत्र. | दह–द्रह. |
| पव्वय–पर्वत. | सलिलाओ–नदीओ. |
| कूडा–शिखरो. | पिंडेसिं–समुदाये करीने. |
| य–अने. | होइ–थाय. |
| तिच्छ–तीर्थो. | संघयणी–संग्रहिणी. |

विस्तारार्थः–प्रथम नरतक्षेत्रनो एक खांमवो एवा सर्व मली केटला ( खंमा के० ) खंमानि, एटले खांमु-

आ आ जंबूद्वीपमां छे? बीजुं(जोयण के०) योजनवर्षाणि, एटले योजननुं प्रमाण, केटलुं छे ? त्रीजुं भरतादिक वासक्षेत्र केटलां छे ? चोथुं वैताढयादिक ) पव्वय कूडा के० ) पर्वत कूटानि, एटले पर्वत केटला छे ? पांचमुं ते पर्वतोना उपर कूट एटले शिखरो केटलां छे ? (य के०) एटले वली छहुं मागधादिक ( तिछ सेढीओ के० ) तीर्थश्रेयणः, एटले तीर्थो केटलां छे ? सातमुं वैताढ्यादिक पर्वत उपर रहेली विद्याधरो तथा आभियोगिक देवानी श्रेणिउ केटली छे ? आठमुं कछादिक (विजय द्दहसलिलाओ के०) विजयद्रहसलिलाः, एटले विजय केटलां छे ? नवमुं पद्मद्रहादिक द्रह केटला छे ? दशमुं गंगा सिंधु प्रमुख नदीउ केटली छे ? ते कहेवाशे. ए रीते ए दश पद अथवा दश द्वारने ( पिंडेसिं के० ) पिंडैः, एटले एकठा करवे करीने एटले एना समुदाये करीने आ ( संघयणी के० ) संग्रहणी, एटले संग्रहिणी नामे प्रकरण ( होइ के० ) भवति, एटले थाय ॥ १ ॥

हवे जेवो उदेश तेवो निर्देश, ए न्याय वडे प्रण गाथावडे प्रथम जंबुद्वीपना खांडुआनुं द्वार कहे छे.

**णउअसयं खंडाणं, भरहपमाणेण भाइए लक्खे ॥अहवा णउयसयगुणं, भरहपमाणं हवइ लक्खं**

गाथा ३ त्रीजीना छुटा शब्दना अर्थ.

णउअसयं–एकसो ने नेवुं.
खंडाणं–खांडुआ.
भरहपमाणेण–भरतक्षेत्रना प्रमाणे.
भाइए–भागाकार करीए.
लक्खे–लाख.
अहवा–अथवा.
णउणसयगुणं–एकसो ने नेवुं गणुं.
भरहपमाणं–भरतक्षेत्रनुं प्रमाण.
हवइ–थाय.
लक्खं–लाख.

विस्तारार्थः–आ जंबूद्वीप ते ( लक्खे के० ) लक्षे, एटले एक लाख योजननो छे, ते(ने) पांचसें छवीश योजन अने छ कलानुं धनुष्याकारे (भरहपमाणेण के०) भरतक्षेत्रनुं प्रमाण छे, तेणे करीने ( भाइए के० ) भाजिते, एटले भांजीए एटले भागाकार करीए, तो ( णउअसयं खंडाणं के० ) नवतिशतं खंडानां, एटले एकसो ने नेवुं खांडुआ थाय. (अहवा के०) अथवा, ( णउयसय गुणं के० ) नवतिशतगुणं, एटले एकसो नेवुं गणु ( भरहपमाणं के० ) भरतक्षेत्रनुं प्रमाण करीए, एटले पांचसें छवीश योजन ने छ कलाने एकसो ने नेवुंथी गुणीए तो ( लक्खं के० ) लक्षं, एटले एक लाख योजन ( हवइ के० ) भवति, एटले थाय ॥३॥

# ते आ प्रमाणे गाथाना पूर्वार्धथी भागाकारनी रीते खांडवा करवानी रीत.

भाजक. योे. क. भाज्य.

५२६--६ ) १००००० जंबुद्वीपनुं प्रमाण,

५२६–६) १००० (१
= ५२६–६
———
४७३–१३
×१०
———
५२६–६) ४७३६–१६ (९
–४७३६–१६
———
५२६–६) ००००–००(०
०००००००
———
०००००००

४७३×१०=४७३० ॥ ४७३०+६ १६=४७३६–१६

क.
१३×१०–१३०,
५२६–६
×९
———
२–१६
४७३४×
———
४७३६–१६

१९) १३० (६
११४
———
१६

क.
६×९–५४
१९) ५४ (२
३८
———
१६

## समज.

एक लाखमांथी प्रथम एकडो अने त्रण मींडां १००० नो आंक लइ ५२६–६ वडे एक भाग काढ़वो एटले १००० मांथी ५२६–६ वाळा बाद करवी, एटले ४७३–१२ बाकी रहे, तेने चोथुं मींडुं उतारवा माटे १० वडे गुणवा, एटले ४७३६–१६ आंक आवे, तेने ५२६–६थी भाग देतां ९ भाग आवे, अने ते ९ भागनो गुणाकारनो ४७३६–१६ आंक आवे, ते उपरना ४७३६–१६मांथी सरखे सरखा बाद जतां कांइ शेष न रहे, पछी छेलुं मींडुं उतारतां भाग नहि नीकळतां भागना स्थानमां मींडुं मुकाय, ए रीते १९ खांडवा थाय.

## गाथाना उत्तरार्धथी बीजी रीते गुणाकार प्रमाणे खांडवा जाणवानी रीत.

यो. क.

५२६—६...भरत प्रमाण.
×१९०..............खांडवा.
———
०००
४७३४×
५२६××
———
९९९४०
६० कलामांना योजन.
———
१००००० जंबुद्वीपनुं प्रमाण.

६ कला.
×१९० खांडवा.
———
क. १९) ११४० ( ६० यो.
११४०
———
००००

## समज.

६२६-६ कालना आंकने १९० थी गुणतां जंबुद्वीपनुं प्रमाण १००००० योजन पूर्ण रीते आव्युं. तेथी १९० खांडवाज थाय.

ए एकसो नेवुं खांडुआ वर्ष अने वर्षधर पर्वतोने आश्रोने त्रीजी रीते विवरी देखाडे छे.

**अहवेग खंम जरहे, दो हिमवंते अ हेमवइ चउरो ॥ अठ महाहिमवंते, सोलस खंमाइं हरिवासे ॥ ४ ॥**

गाथा ४ थीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| अहवा—अथवा. | हेमवइ—हेमवंतमां. |
| इग खंड—एक खांडुओ. | चउरो—चार. |
| भरहे—भरतक्षेत्र. | अठ्ठ—आठ. |
| दो—बे. | महाहिमवंते—महा हिमवंत पर्वतमां. |
| हिमवंते—हिमवंत ( पर्वत )मां. | सोलस खडाइं—सोल खांडुआ. |
| अ—तथा. | हरिवासे—हरिवर्षमां. |

विस्तारार्थः—( अहवा के० ) अथवा ( इग खंम जरहे के० ) एकं खंमं जरते, एटले एक खांमुउं जरतक्षेत्रमां तथा ( दो हिमवंते के० ) द्वे हिमवति, एटले बे खांमुआ चुल्ल हिमवंत पर्वतमां ( अ के० ) च, ए-

टले तथा ( चउरो के० ) चत्वारि, एटले चार खांमुआ ( हेमवइ के० ) हैमवते, एटले हैमवंत नामे युगलि· याना क्षेत्रमां तथा ( अठ के० ) अष्ट, एटले आठ खांमुआ ( महाहिमवंते के० ) महाहिमवति, एटले महाहिमवंत पर्वतमां, तथा (सोलस खंमाइं के०) षोमश खंमानि, एटले सोल खांमुआ ( हरिवासे के० ) हरि· वर्षे, एटले हरिवर्ष नामे युगलियाना क्षेत्रमां जाणवा ॥४॥

बत्तीसं पुण निसढे, मिलिया तेसठि
बीयपासेवि ॥ चउसठि उ विदेहे,
तिरासि पिंमेइ णउयसयं ॥ ५ ॥

गाथा ५ मीना छुटा शब्दना अर्थ.

बत्तीसं—बत्रीश.
पुण—वली.
निसढे—निषध पर्वतना.
मिलिया—मेलवीए.
तेसठी—त्रेसठ.
बीयपासेवि—बीजी बाजुमां पण.
चउसठी—चोसठ.
उ—वली.
विदेहे—महाविदेह क्षेत्रना.
तिरासि—त्रण राशिना.
पिंडे—एकठा करवामां.
उ—तो
णउयसयं—एकसो ने नेवुं.

विस्तारार्थः-(पुण के०) पुनः, एटले वली (बत्तीसं के०) द्वात्रिंशत् बत्रीश खांमुश्रा ( निसढे के० ) निषधे, एटले निषध पर्वतमां, ए सर्व (मिलिया के०) मिलितानि, एटले सरवालो करी एकठा मेलवीए, त्यारे (तेसढि के०) त्रिषष्टिः, एटले त्रेसठ खांमुश्रा थाय. तेमज (बीयपासेवि के०) द्वितीयपार्श्वेऽपि, एटले बीजी बाजुना पण त्रेसठ खांमुश्रा थाय. ते श्रावी रीते. एक ऐरवत क्षेत्रनो, बे शिखरी पर्वतनां, चार हिरण्यवंत क्षेत्रना, श्राठ रुक्मी पर्वतना, सोल रम्यक क्षेत्रना, बत्रीश नीलवंत नामे त्रीजा वर्षधर पर्वतना, एवं त्रेसठ थया, तथा (चउसठी उ के०) चतुःषष्टिस्तु, एटले वली चोसठ खांमुश्रा (विदेहे के०) विदेहे, एटले महाविदेह क्षेत्रमां. ए रीते ए (तिरासि पिंडे उ के०) त्रिराशिपिंडे तु, एटले त्रण राशिने एकठा करीए, तो सर्व मलीने (णउयसयं के०) नवतिशतं, एटले एकसो ने नेवुं खांमुश्रा थाय. इति प्रथमं द्वारं समाप्तं ॥५॥

हवे जंबूद्वीपमां योजनप्रमाण खंड केटला थाय? इत्यादि घनीकृत योजनप्रमाणनुं बीजुं द्वार पांच गाथावडे कहे छे.

जोयणपरिमाणाइं, समचउरंसाइं इब खंमाइं॥
लरकस्स य परिहीए, तप्पायगुणेणय हुंतेव॥८॥

गाथा ६ द्वीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| जोयणपरिमाणाइं--एक योजनना प्रमाणवाला. | लरकस्स य—लाख. |
| समचउरंसाइं—समचतुरस्र. | परिहीए—परिधिनो. |
| इब—अहींयां. | तप्पाय—तेनो पा, चोथो भाग. |
| खंडाइं—खांडुआ. | गुणेणय—गुणाकार करे छते. |
| | हुंतेव—निश्चे थाय. |

विस्तारार्थः- ( इब के० ) अत्र, एटले अहींयां जंबुद्वीपने विषे ( जोयणपरिमाणाइं के०) योजनप्रमाणानि, एटले एक योजनना प्रमाणवाला एवा समच-(उरंसाइं के०) समचतुरस्राणि, एटले, समचतुरस्र ( खंमाइं के० ) खंमानि, एटले खांमुआ करवा, ते केटला थाय ? तेनी रीत कहे ले. ( लरकस्स य के०) लक्षस्य च, एटले एक लाख योजननी (परिहिए के०) परिधेः, एटले परिधिनो जे आंक थाय, तेना ( तप्पाय गुणेण य के० ) तत्पादगुणेन च, एटले तत्पाद ते लाख योजननो जंबूद्वीप तेना चोथो नाग पचीश

हजार योजन थाय, तेनी साथे गुणाकार करवा वडे जे गणितपद आवे, तेटला खांरूवा ( हुंतेव के० ) नवंत्येव, एटले निश्चे थाय ॥ ६ ॥

हवे परिधि करवानो उपाय देखाडे छे.

विक्खंजवग्गदहगुण, करणी वट्टस्स
परिरउ होई ॥ विक्खंजपायगुणिउ,
परिरउ तस्स गणियपयं ॥ ७ ॥

गाथा ७ मीना छुटा शब्दना अर्थ.

विक्कंभ–विष्कंभ.
वग्ग–वर्ग.
दहगुण–दश गुणो.
करणी–करणी.
वट्टस्स–वाटला, गोल क्षेत्र.
परिरओ–परिधि.
होइ–थाय.
विक्कंभ–विष्कंभना
पायगुणिओ–चोथे भागे करी गुणीए.
परिरओ–परिधि.
तस्स गणियपयं–ते वाटलाक्षेत्रनुं गणितपद.

विस्तारार्थः–जंबूद्वीपनो (विरकंज वग्गदहगुण करणी के० ) विष्कंजवर्गदशगुणकरणी, एटले विष्कंज एटले वाटला क्षेत्रनो विस्तार जेटलो होय, तेनो वर्ग

करीए, एटले जेटलो वाटला क्षेत्रना विस्तारनो आंक होय, तेने तद्गुणो करीए, त्यारे वर्ग थाय, पछी ते वर्गना आंकने दश गुणो करतां जे आंक आवे, तेने "विसमसमपवइवग्गो" ए रीते मोटा क्षेत्रसमासनी गाथाने विषे जे (करणी के०) करणी करवानुं कह्युं छे, ते आम्नाये करणी करीए, अर्थात ते आंकनुं मूल शोधीए, त्यारे ते वाटला एटले गोल क्षेत्रनी (परिरओ के०) परिधिः, एटले परिधि (होय के०) भवति, एटले थाय, अने पछी ते (परिरउ के०) परिधिः, एटले परिधिना योजननो जे आंक आवे, ते वाटला क्षेत्रना (विक्खंभ पायगुणिउ के०) विष्कंभपादगुणितः, एटले विष्कंभना योजननो जे आंक होय, ते आंकना चोथे भागे करी गुणीए, त्यारे (तस्स गणियपयं के०) तस्य गणितपदं, एटले ते वाटला क्षेत्रनुं गणितपद थाय, एटले क्षेत्रफल थाय ॥ ७ ॥

हवे जंबूद्वीपनी परिधि केटला योजन थाय? ते कहे छे.

परिहो तिलक्ख सोलस, सहस्स दो य सय

सत्तवीसहिया ॥ कोसतिगठावीसं,
धणुसय तेरंगुलद्धहियं ॥ ८ ॥

गाथा ८ मीना छुटा शब्दना अर्थ.

परिही–परिधि.
तिलक्ख–त्रण लाख.
सोलस सहस्स–सोल हजार.
दो य सय–बसें ने.
सत्तवीसहिया–सत्यावीशे अधिक.
कोसतिग–त्रण कोस.
अठ्ठावीसं–अठ्यावीश.
धणु–धनुष्य.
सय–एकसो.
तेरंगुलद्धहियं—साडा तेरअंगुल अधिक.

विस्तारार्थः–जंबूद्वीपनो विष्कंभ एक लाख योजननो छे, तेनी ( परिही के० ) परिधिः, एटले परिधि करीए, त्यारे ( तिलक्क के० ) त्रिलक्षं, एटले त्रण लाख, ( सोलससहस्स के० ) षोडशसहस्त्रं, एटले सोल हजार, ( दो य सय के० ) द्वे च शते, एटले बे सो अने ( सत्तवीसहिया के० ) सप्तविंशतिरधिका, एटले सत्यावीश अधिक, तथा ( कोशतिग के० ) क्रोशत्रिकं, एटले त्रण गाउ, तथा ( अठावीसं धणुसय के० ) अष्टाविंशतिधनुःशतं, एटले एकसो अठावीश धनुः, तथा ( तेरंगु-

लद्धहियं के०) त्रयोदशांगुलमर्धाधिकं, एटले साढा तेर अंगुल अर्थात् (३१६२२७) योजन उपर त्रण कोश अने (१२८) धनुष्य उपर साढा तेर अंगुल एटली जंबूद्वीपनी परिधि थाय ॥ ८ ॥ ते जाणवानी रीत आ आगळ बताववामां आवे छे.

नोट—बाजुमां परिधि संबंधी गणित जाणवानी वीधिना पेज ८ जुदा आपेला छे त्यार पछी संबंध चालु छे.

# ॥ परिधि संबंधी गणित जाणवानी विधि ॥

| | |
|---|---|
| १००००० | जंबुद्वीपनो विष्कंभ. |
| १००००० | वर्ग करवा सारु एज रकमथी गुणाकार. |
| १०००००००००० | वर्ग ( तेने ) |
| १० | दश गुणा करवा. |
| १०००००००००००० | दश गुणा करतां आवेल अंक. |
| १ २ ३ ४ ५ ६<br>-\|-\|-\|-\|-\|-\| | |
| १० ०० ०० ०० ०० ०० | विषम सम करवा. |
| १० | उपरना आंकमांथी पेलो आंक त्रण त्रिक |
| ९–३ | नव गया, एक रह्यो. ते एक पासे बे |
| (६) १००–१ | मींडां उतार्यां. |
| ६ | त्रणना बमणा छनो भाग आपतां छ एका छ. |
| १ | १ भाग आव्यो, माटे एक एका एकना आंकने छनी नीचे मांडवो छना आंक |
| ६१ | नीचे एक मांडतां ६१ थया. |
| ३९ | सोमांथी ६१ बाद करतां ३९ रह्या तेमां आगळ. |
| (६२) ३९००–६ | उपरना मोटा आंकमांथी त्रीजा आंक वाळा बे मींडां उतार्यां. |

| | | |
|---|---|---|
| | | मूळमां त्रणने नीचे एक मांडतां ३१ थाय |
| | | तेना बमणा ६२ नो भाग देतां बासठ |
| | ३७२ | छक्का ३७२ थया. |
| | ३६ | छनो भाग आव्यो माटे छ छक छत्रीश |
| | | नो आंक नीचे चांमी मुकवा. |
| | ३७५६ | सरवाळो तेने |
| | १४४ | ३९०० मांथी बाद करतां १४४ रह्या. |
| ६३२) | १४४०० (२ | ते १४४ नी आगळ मोटा आंकमांथी |
| | | चोथा आंक सुधीनां बे मींडां उतार्यां. |
| | | मुळना ३१६ ना बमणा ६३२ भाग |
| | १२६४ | देतां ६३२ दु १२६४ |
| | ४ | बेनो भाग आव्यो माटे बे दु ४ |
| | १२६४४ | चारने नीचे चांपी मुकतां सरवाळो. तेने |
| | १७५६ | १४४०० मांथी बाद करतां शेष |
| ६३२४) | १७५६०० (२ | बचेला १७५६ आगळ उपरनी मोटी |
| | | संख्यामांथी ९ मां आंक सूधीनां बे |
| | | मींडां उतार्यां. |
| | | मूळ शोधवा माटे ३१६२ ना बमणा |
| | १२६४८ | ६३२४ भाग आपतां ६३२४ दु १२६४८ |
| | | थया. |
| | | बेनो भाग आव्यो माटे २ दु चारनो |
| | ४ | आंक नीचे चांपी मुक्यो. |

| | |
|---|---|
| १२६४८४ | सरवाळो तेने १७५६०० मांथी बाद |
| ४९११६ | करतां शेष राशि ४९११६ रह्या. |
| ६३२४४)४९११६००(१ | मोटी संख्यामांथी छट्ठा आंक सुधीनां बे मींडां उतर्यां |
| | मुळ शोधवा माटे ३१६२२ ना बमणां ६४२४४ थया तेनो साते भाग देतां |
| ४४२७०८ | ४४२७०८ थया. |
| | सातनो भाग आव्यो माटे सतीयुं सतीयुं |
| ४९ | नीचे चांपी मुक्या. |
| ४४२७१२९ | सरवाळो तेने |
| ४८४४७१ | ४९११६०० ना आंकमांथी बाद करतां बाकी शेष ते शेष यीजनना कोश करवा |
| ४ | माटे चारे गुणवा. |
| १९३७८८४ | गुणाकार राशि. |
| ६३२४५४ ) १९३७८८४ ( ३ | मुळ शोधवा माटे ३१६२२७ नो आंक आव्यो छे तेना बगणा ६३२४५४ ना आंके भाग देतां ३ गाउना आंक |
| १८९७३६२ | १८९७३६२ थाय ते उप- |
| ४०५२२ | रमांथी बाद करतां बध्या |
| २००० | तेना धनुष करवा माटे |
| ८१०४४००० | २००० गुणवा गुणाकारनो राशि. |

| | |
|---|---|
| ६३२४९४ ) ८१०४४०७० (१२८ | उपर प्रमाणे मुल आंक ८ |
| | वमणा करी भागतां १२ ने |
| | धनुष भाग आव्यो तेना |
| ८०९५४११२ | गुणाकारनी राशि. |
| ८९८८८ | बाद करतां शेष धनुष तेना |
| ९६ | अंगुल करवा माटे ९६ ए |
| | गुणवा. |
| ६३२४९४ ) ८६२९२४८ ( १३॥ | गुणाकार राशि अंगुल तेने |
| | ६३२४९४ भाग देतां १३॥ |
| ८५३८१२९ | अंगुलनो गुणाकार बाद |
| ९१११९ | करतां शेष अंगुल क्षय |
| ८ | करवा सारु आठे गुणवा गु- |
| ७२८९५२ | णाकार करतां क्षयनी राशि. |
| ६३२४९४ ) ७२८९५२ ( १ | एक भाग देतां तेटलाज |
| ६३२४५४ | ६३२४९४ गया. |
| ९६४९८ | शेष यव राशि. |
| ८ | यका करवा सारु ८ गुणा. |
| ७७१९८४ | गुणा करतां युकानी राशि. |
| ६३२४५४ ) ७७१८८४ ( १ | एक भाग देतां तेटलाज |
| ६३२४५४ | ६३२४५४ बाद गया शेष |
| १३९४३० | युकानी रासि. |
| ८ | तेनी लीख करवा माटे |

| | |
|---|---|
| १११६२४० | गुणवा गुणाकार करतां लीख राशि. |
| ६३२४५४ ) १११६२४० ( १ | एक भाग देतां तेटलाज |
| ६३२४५४ | बाद करवा. |
| ४८३७८६ | शेष लीख राशि. |
| ८ | वीभाग करवा माटे आठे |
| ३८७०२८८ | गुण्या गुणाकार करतां वालागु राशि. |
| ६३२४५४ ) ३८७०२८८ ( ६ | छ भाग देतां ६३२४५४ने |
| ३७९४७२४ | छ गुणा करतां राशि. |
| ७५५६४ | बाद करतां शेष वालाग |
| ८ | राशि तेने रथरेणुं करवा ८ |
| ६०४५१२ | गुण्या गुणाकार करतां रथरेणुं राशि. |
| ६३२४५४ ) ६०४५१२ ( ० | रथरेणुंनो एक भाग न |
| ८ | आव्यो तेना त्रसरेणु करवा आठे गुण्या. |
| ६३२४५४ ) ४८३६०९६ ( ७ | साते भाग देतां ६३२४५४ |
| ४४२७१७८ | ने साते गुणतां राशि. |
| ४०८९१८ | बाद करतां शेष त्रसरेणुंनी |
| ८ | राशि व्यवहारिक बादर |
| ३२७१३४४ | परमाणु करवा आठे गुण्या |

| | |
|---|---|
| | गुणाकार करतां व्यवहारकि |
| | बादर परमाणुनी राशि. |
| ६४२४५४ ) ३२७१३४४ ( ५ | पांच भाग देतां ६३२४५४ |
| ३१६२२७० | ने पांचे गुणतां राशि. |
| १०९०७४ | बाद करतां व्यवहारिक |
| | बादर परमाणुनी शेष राशि |
| १७४ | एकेका परमाणुनी १७४ |
| १८९७८८७६ | खंड करवा १७४थी गुणवा. |
| | गुणाकार करतां एकसो |
| | चुम्मोतेरीया खंडनी राशि. |
| ६३२४५४ ) १८९७८८७६ ( ३० | त्रीस भाग देतां ६३२४५४ |
| १८९७३६२० | ने त्रीसे गुण्या. |
| ५२५६ | बाद करतां एकसो चुम्मो- |
| ३६१ | तेरीया खंडनी राशि रही. |
| १८९७४१६ | दरेक खंडना ३६१ कटका |
| | करवा ३६१ ठे गुण्या |
| | गुणाकार करतां १७४ ते- |
| | रीया खंडवा ३६१ ठीया |
| | कटनी राशि. |
| ६३२४५४ ) १८९७४१६ (३ | त्रण भाग देतां ६३२४५४ |
| १८९७३६२ | ने त्रणे गुणतां राशि. |

| | |
|---|---|
| ५४ | कटका रह्या तेनो भाग पहोंचे नहिं. |

| योजन. | गाउ. | धनुष्. | अंगुल. | यव. | यूका. | लीख. | वीभाग. |
|---|---|---|---|---|---|---|---|
| ३१६२२७ | ३ | १२८ | १३॥ | १ | १ | १ | ६ |

| रथरेणु, | त्रसरेणु, | बादर परमाणु, | तेना १७४ भाग, | तेना ३६१ भाग, | शेष. |
|---|---|---|---|---|---|
| ० | ७ | ५ | ३० | ३ | ५४ |

## जंबूद्वीपनी परिधि मळवाना करणनो यंत्र.

| | |
|---|---|
| विष्कंभ योजन | १००००० (एक लाख) |
| वर्ग योजनरासि | १०००००००००० (दश अबज) |
| तेना दशगुणराशि | १००००००००००० (एक खर्व) |
| वर्ग मुळथी आवेल योजन राशि | ३१६२२७ |
| शेष राशि | ४८४४७१ |
| छेद राशि | ६३२४५४ |
| कोश माटे शेषराशिने चारे गुणतां आवेल राशि. | १९३७८८४ |
| छेदांकनो भाग देतां आवेला कोश. | ३ |
| शेष राशि | ४०५२२ |
| धनुष माटे २००० गुणतां आवेल राशि | ८१०४४००० |
| छेदांकनो भाग देतां आवेला अंगुल. | १२८ |
| शेष राशि. | ८९८८८ |
| अंगुल माटे ९६ गुणतां आवेल राशि | ८६२९२४८ |

छेदांकनो भाग देतां आवेला अंगुल. १३॥

शेष राशि. ९१११९

गाथामां अंगुल सूधीनुं प्रमाण कहेलुं छे. पण छेवटमां 'अहियं' अधिक पदना उच्चारवाथी अंगुल पछी यव, यूका, लीक्षा, वालाग्र, रथरेणु, त्रसरेणु, व्यवहारिक बादर परमाणु, एकसो चुम्मोतेरीया भाग तथा तेना पण त्रणसो एकठीया भाग सुगमती माटे काढी बताव्या छे ! !

हवे ए जंबूद्वीपनो विष्कंभ एक लाख योजननो छे, तेनो चोथो भाग करीए, ते वारे पच्चीश हजार योजन थाय. ते पच्चीश हजार साथे पूर्वोक्त जंबूद्वीपनी परिधिना आंकने गुणीए, त्यारे ए जंबूद्वीपनुं गणितपद अथवा क्षेत्रफल थाय. तेनो आंक आगली गाथाए करी कहे छे ॥ ८ ॥

सत्तेव य कोडिसया, णउआ छप्पन्नसयसह-
स्साइं ॥ चउणउयं च सहस्सा, सयं
दिवड्ढं च साहियं ॥ ९ ॥

गाथा ९ मीना छुटा शब्दना अर्थ.

सत्तेव–सात.
य–अने.
कोडी–कोडी.
सया–सैकडा.
णउआ–नेवुं.
छप्पन्नसय–छप्पनसो.
सहस्साइं–हजार.
चउणउयं च सहस्सा–अने चोराणुं हजार.
सयं दिवड्ढं–दोढसो.
च–अने.
साहियं–झाझेरुं.

विस्तारार्थः–( सत्तेव के० ) सत्त एव एटले सात ( कोडिसया के० ) कोटीशतानि एटले सैकडा कोडी अर्थात् सातसें कोडी उपर ( णउआ के० ) नवतिः, एटले नेवुं कोडी तथा उपर ( छप्पन्नसय सहस्साइं के० ) षट्पंचाशच्छतसहस्राणि, एटले छप्पनसो हजार एटले छप्पनसोने हजारे गुणीए, त्यारे छप्पन लाख थाय. ( च के० ) वली ( चउणउयं च सहस्सा के० ) चतुर्णवतिश्च सहस्राणि, एटले चोराणुं हजार तथा ( सयं दिवड्ढं के० ) शतं द्व्यर्ध, एटले दोढसो ए उपरे ( साहियं के० ) साधिकं, एटले झाझेरुं ॥ ९ ॥

गाउअमेगं पनरस, धणुसया तह धणूणि

पनरस्स ॥ सठिं च अंगूलाइं,
जंबुद्दीवस्स गणियपय ॥१०॥

गाथा १० मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| गाउअमेगं–एक गाउ. | च–वली. |
| पनरस धणुसया–पंदरसें धनुष्य. | सठिं अंगुलाइं–साठ अंगुल. |
| तह–तेमज. | जंबूद्दीवस्स–जंबूद्वीपनुं. |
| धणूणि पनरस्स–पंदर धनुष्य. | गणियपयं–गणितपद. |

विस्तारार्थः–( गाउअमेगं के० ) गव्यूतमेकं, एटले एक गाउ अने ( पनरस धणुसया के० ) पंचदश धनुःशतानि, एटले पंदरसें धनुष्य ( तह के० ) तथा, एटले तेमज वली ( धणूणि पनरस्स के० ) धनुंषि पंचदश, एटले पंदर धनुष्य ( च के० ) वली ( सठिं अंगुलाइं के० ) षष्ठिरंगुलानि, एटले साठ अंगुल एटले ( ७९० ५६ ९४ १५० ) योजन एक गाउ अने ( १५१५ ) धनुष्य उपर साठ अंगुल, एटलुं (जंबूद्दीवस्स के०) जंबूद्वीपस्य, एटले जंबूद्वीपनुं ( गणियपयं के० ) गणितपदं, एटले गणितपद जाणवुं. ते आ आगळ बताव्या प्रमाणे थाय. ए योजन प्रमाणनुं बीजुं द्वार कह्युं छे.

સાતમી ગાથામાં કહ્યા મુજબ જંબુદ્વિપના પરિધિને જંબુદ્વીપના વિષ્કંભ ૧૦૦૦૦૦ ના ચોથા ભાગ ૨૫૦૦૦ સાથે ગુણવાનો યંત્ર॥

૧

યોજન.

```
   ૩૧૬૨૨૭
  ×૨૫૦૦૦
  -------
   ૦૦૦૦૦૦
  ૦૦૦૦૦૦
 ૦૦૦૦૦૦
૧૫૮૧૧૩૫
૬૩૨૪૫૪
-----------
૭૯૦૫૬૭૫૦૦૦
     ૧૮૭૫૦ ગાઉ માંથી
       ૪૦૦ ધનુષમાંથી
-----------
```

કુલ ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન.

૨

ગાઉ

```
       ૩
 ×૨૫૦૦૦ યો.
 ----------
૪) ૭૫૦૦૦ (૧૮૭૫૦
   ૪
   --
   ૩૫
   ૩૨
   --
   ૦૩૦
    ૨૮
   ---
     ૨૦
     ૨૦
    ---
    ૦૦૦ ગાઉ.
```

३

धनुष.

```
      १२८
   ×२५०००
  ---------
      ०००
     ०००
    ०००
   ६४०
  २५६
  ---------
८०००) ३२००००० (४००
      ३२०००००
      ---------
      ०००००००
```

४

अंगुल.

```
      १३॥
   ×२५०००
   --------
        ००
       ००
      ००
     ६५
    २६
   --------
   ३२६०००
    १२५०० धनुष
   --------
९६) ३३७५०० ( ३५१५
    २८८
    ----
    ०४९५
    ०४८०
    ----
      १५०
       ९६
      ----
       ५४०
       ४८०
       ----
       ६० अंगुल.
```

जंबुद्विपनो परिधि तेने विष्कंभना चोथा भाग २५००० वडे गुणवा.

धनुष

२०००) ३५१५ ( १ गाउ

२०००

———

१५१५ धनुष.

| योजन. | गाउ. | धनुष. | अंगुल. | |
|---|---|---|---|---|
| ७९०५६९४१५० | १ | १५१५ | ६० | जंबूद्वीपनुं गणितपद. |

## समज.

(१) योजनना अंकने २५००० गुण्या. तेमां ॥

(२) त्रण गाउने २५००० गुणी ४ रे भागीए, त्यारे १८७५० भाग योजनना आवे, ते (१) योजननी मोटी संख्यामां उमेरवा॥

(३) एकसो अठयावीस धनुषने २५००० गुणतां ३२००००० थाय, तेने ८००० धनुषनुं एक योजन गणी ८००० थी भागाकार करीए, तो ४०० भाग योजनना आवे, ते (१) योजननी मोटी राशिमां उमेरवा ॥

(४) साडा तेर अंगुलने २५००० थी गुणतां ३३७५०० थाय, तेने ९६ अंगुलनु एक धनुष गणी ९६ थी भागाकार करीए, तो ३५१५ भाग धनुषना आवे. अने ६० अंगुल शेष रहे. तथा ३५१५ धनुषमांथी २००० धनुषनो एक गाउ काढी लइए, तो गाउनो १ भाग थाय, अने १५१५ धनुष शेष बाकी रहे, ए रीते उपर कहेलुं प्रमाण थाय ॥

हवे जंबुद्वीपने विषे केटलां वासक्षेत्र छे ? तेनुं त्रीजुं द्वार तथा पर्वतो केटला छे ? तेनुं चोथुं द्वार कहे छे.

भरहाइ सत्त वासा, वियड्ढचउ चउर (तिं)
तिस वट्टियरे ॥ सोलसवक्खारगिरि, दो
चित्तविचित्त दो जमगा ॥ ११ ॥

गाथा ११ मीना छुटा शब्दना अर्थ.

भरहाइ–भरतादिक.
सत्त वासा–सात वासक्षेत्र.
वियड्ढ-चउ–वाटला वैताढ्य चार.
चउरतिस–चोत्रीश.
वट्टियरे–वाटला वैताढ्यथी बीजा.
सोलस–सोळ.
वक्खारगिरि–वक्खारा पर्वत.
दो–बे.
चित्तविचित्त–चित्र विचित्र.
दो–बे.
जमगा–जमग अने समग.

विस्तारार्थः–( भरहाइ सत्तवासा के० ) भरतादीनि सप्त वर्षाणि, एटले भरतादि सात वासक्षेत्र छे तेनां नाम कहे छे. एक भरत, बीजुं हिमवंत, त्रीजुं हरिवर्ष, चोथुं महाविदेह, पांचमुं रम्यक, छट्ठुं हिरण्यवंत अने सातमुं ऐरवत, ए त्रीजुं क्षेत्रद्वार कह्युं.

हवे चोथुं शाश्वता पर्वतोनी संख्यानुं द्वार कहे छे. देवकुरु, उत्तरकुरु, ए बे युगलियानां क्षेत्र मूकीने बाकीनां चार क्षेत्रमांहे (वियड्ढ चउ के०) वैताढ्य चतुष्कं, एटले वाटला वैताढ्य चार छे, अने (वट्टियरे के०) वृत्तेतरे, एटले ते वाटला वैताढ्यथी इतर एटले बीजा वली (चउरतिस के०) चतुस्त्रिंशत्, एटले चोत्रीश वैताढ्य लांबा छे, तथा (सोलसवक्खारगिरि के०) षोडश वक्षस्काराgiरि, एटले सोल तो वक्खारा पर्वत विजयांतरी छे. वली (चित्तविचित्त के०) चित्रविचित्रौ, एटले एक चित्र अने बीजो विचित्र, ए (दो के०) द्वौ, एटले बे पर्वत छे, अने (जमगा के०) यमकौ, एटले एक जमग अने बीजो समग ए (दो के० (द्वौ, एटले बे पर्वत छे ॥ ११ ॥

दो सय कणायगिरीणं, चउ गयदंता यतह सुमेरू य ॥ छ वासहरा पिंडे, एगुणसत्तरि सया दुन्नो ॥ १२ ॥

गाथा १२ मीना छुटा शब्दना अर्थ.

दो सय—बसें.
कणयगिरिणं—कंचनगिरि
चउ गयदंता--चार गजदंता
य--अने
तह--तेमज
सुमेरू—सुमेरु पर्वत
य—अने
छ वासहरा--छ वर्षधर
पिंडे—एकठा करीए
एगुणसत्तरि--ओगणोतेर
सया दुन्नी--बसें

विस्तारार्थः—देवकुरु अने उत्तरकुरु, ए बे युगलियानां क्षेत्रसंबंधी एकेका क्षेत्रमां पांच पांच द्रह छे, अने ते एकेका द्रहने उजय पासे दश दश कंचनगिरि छे, त्यारे बेउ क्षेत्रना मली (दो सय कणयगिरीणं के०) द्विशते कनकगिरिणां, एटले बसें कंचनगिरि छे. (य के०) च, वली (चउ गयदंता के०) चत्वारो गजदंताः, एटले चार गजदंता पर्वत छे. (तह के०) तथा, एटले तेमज सुमेरू (के०) सुमेरुः, एटले एक सुमेरु पर्वत (य के०) च, अने बे पासेना त्रण त्रण मली (छ वासहरा के०) षरू वर्षधराः, एटले छ वर्षधर पर्वत छे. ए सर्वने (पिंडे के०) पिंडे, एटले एकठा करीए, तो (सया दुन्नी के०) शते द्व, एटले बसें ने (एगुणसत्तरि के०) एकोनसप्ततिः, एटले उग-

णोतेर उपर, एटला पर्वतनी संख्या जंबूद्वीपमां थाय. ए चोथुं पर्वतद्वार कह्युं ॥ १२ ॥

हवे पांचमुं कया पर्वमां केटलां कुट होय तेमांनी संख्यानुं द्वार कहे छे.

**सोलसवक्खारेसु, चउ चउ कूडा य हुंति पत्तेयं ॥**
**सोमणसगंधमायण, सत्तठ**
**रुप्पिमहहिमवे ॥ १३ ॥**

गाथा १३ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| सोलस -सोल. | सोमणस–सौमनस. |
| वख्कारे--सुवक्षस्कार पर्वतने विषे. | गंधमायण–गंधमादन. |
| चउ चउ–चार चार. | सत्त–सात. |
| कूडा–कूट. | अठ्ठ–आठ. |
| य–अने. | य–अने. |
| हुंति–छे. | रुप्पि–रूपो. |
| पत्तेयं–प्रत्येके. | महहिमवे–महाहिमवंतने विषे. |

विस्तारार्थः–( सोलसवक्खारेसु के० ) शोडशवक्षस्कारेषु, एटले सोल वक्षस्कार पर्वतने विषे (पत्तेयं के०) प्रत्येकं, एटले प्रत्येके ( चउ चउ कूडा के० ) चत्वारि चत्वारि कूटानी एटले चार चार कूट ( हुंति के०) भवंति, एटले छे. ते वारे सोल पर्वतनां चोसठ कूट थयां.

(य के०) च, तथा (सोमणसगंधमायण के०) सौमनसगंधमादने, एटले एक सौमनस अने बीजो गंधमादन, ए बे गजदंत गिरिने विषे प्रत्येके (सत्त के०) सप्त, एटले सात सात कूट छे, (य के०) च, एटले तथा (रुप्पि महाहिमवे के०) रुक्मिमहाहिमवति, एटले एक रुक्मिपर्वत अने बीजो महाहिमवंत पर्वत, ए बे पर्वतने विषे प्रत्येके (अठ के०) अष्ट, एटले आठ आठ कूट छे, एवं चोराणुं कूट थयां ॥ १३ ॥

चउतीसवियड्ढेसु विज्जुप्पहनिसढनीलवंतेसु ॥
तह मालवंतसुरगिरि, नव नव कूडाइं पत्तेयं॥ १४॥

गाथा १४ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| चउतीस–चोत्रीश. | तह–तेमज |
| वियड्ढेसु–वैताढ्यने विषे. | मालवंत–माल्यवंत अने. |
| विज्जुप्पह–विद्युत्प्रभ. | सुरगिरि–मेरु पर्वतमां. |
| निसढ–निषध अने. | नव नव कूडाइं–नव नव कूट. |
| नीलवंतेसु–नीलवंतने विषे. | पत्तेयं–प्रत्येके. |

विस्तारार्थः–( चउतीसवियड्ढेसु के० ) चतुस्त्रिंशद्वैताढ्येषु, एटले चोत्रीश वैताढ्य पर्वतने विषे तथा

( विज्जुप्पह निसढनीलवंतेसु के० ) विद्युत्प्रज्ञनिषधनीलवत्सु, एटले विद्युत्प्रज्ञ नामे गजदंत गिरि तथा निषध पर्वत अने नीलवंत पर्वतने विषे ( तह के० ) तथा एटले तेमज ( मालवंत सुरगिरि के० ) माल्यवत्सुरगिरिणि, एटले माल्यवंत नामे गजदंत पर्वत तथा मेरु पर्वत ए ओगणचालीश पर्वतने विषे ( पत्तेयं के० ) प्रत्येकं, एटले प्रत्येके ( नव नव कूडाइं के० ) नव नव कूटानि, एटले नव नव कूट छे, ते वारे ( ३५१ ) कूट थयां. तेनी साथे पूर्वलां ( ए४ ) कूट मेलवतां ( ४४५ ) कूट थाय ॥ १४ ॥

हिमसिहरिसु इक्कारस, इय इगसठीगिरीसु
कूडाणं ॥ एगत्ते सव्वधणं, सयचउरो
सत्तसठीय ॥ १५ ॥

गाथा १५ मीना छूटा शब्दना अर्थ.

हिम–हिमवंतगिरि अने.
सिहरिसु–शिखरी पर्वतने विषे.
इक्कारस–अगीयार.
इय–ए रीते.
इगसठी–एकसठ.
गिरीसु–पर्वतने विषे.
कूडाणं–कुट
एगत्ते–एकठा करीए.

| | |
|---|---|
| सव्वधणं–सर्व संख्याए | सत्तसठ्ठी–सडसठ |
| सयचउरो–चारसें. | य–वळी. |

विस्तारार्थः–( हिम सिहरिसु के० ) हिम वच्छिखरिणोः, एटले हिमवंत गिरि तथा शिखरी पर्वतने विषे प्रत्येके ( इक्कारस के० ) एकादश, एटले अगीयार अगीयार कूट छे, ( इय के० ) इति, एटले आ रीते ( इगसठ्ठीगिरीसु के० ) एक षष्टि गिरिषु, एटले एकसठ पर्वतने विषे जे ( कूडाणं के० ) कूटानां, एटले कूट छे, तेने ( एगत्ते के० ) एकत्वे, एटले एकठा करीए, तो ( सव्वधणं के० ) सर्वधनं, एटले सर्व संख्याए ( सयच उरो के० ) शतचत्वारि एटले चारसें ( य के० ) च एटले अने ( सत्तसठ्ठी य के० ) सप्तषष्टिः, एटले सडसठ कूट थाय ॥ १५ ॥ ते आवी रीतेः–

चउसत्तअठनवगे,–गारसकूडेहिं गुणह
जहसंखं ॥ सोलसदुदुगुणयालं, दुवे य
सगसठ्ठि सयचउरो ॥ १६ ॥

गाथा १६ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| चउ–चार. | सोलस–सोल |
| सत्त–सात | दु–बे |
| अट्ठ–आठ | दु–बे |
| नवगे–नव. | गुणयालं–ओगणचालीश. |
| एगारस–अगीयार | दुवे–बे पर्वतने. |
| कुडेहिं–कुटे | य–अने. |
| गुणह–गुणाकार करो | सगसट्ठि–सडसठ. |
| जहसंखं–यथासंख्याए. | सयचउरो–चारसें. |

विस्तारार्थः–( सोलस दुदुगणयालं दुवे य के० ) षोडशद्विद्वयेकोन. चत्वारिंशत् द्वौ च, एटले सोळ, बे, बे, ओगणचालीश अने बे, ए पांच पर्वतोनी संख्याना अंकोने ( चउसत्त अट्ठनवगे कारस कुडेहिं के० ) चतुः सप्ताष्टनवके कादशकुटैः, एटले चार, सात, आठ, नव अने अगीयार, ए पांच कुटना अंको साथे ( जहसंखं के० ) यथासंख्यं, एटले अनुक्रमे ( गुणह के० ) गुणयत, एटले हे गणितने जाणनारा पंडितो! तमें गुणाकार करो. तो सर्व मळी ( सगसट्ठि य सय चउरो के० ) सप्तषष्टिः शत चत्वारि, एटले ४६७ कुट थाय, अर्थात सोल पर्वतने चार कुटे गुणतां चोसठ थाय.

तथा बे पर्वतने सात कूटे गुणतां चौद थाय, तथा बे पर्वतने आठ कूटे गुणतां सोल थाय, तथा उगणचालीश पर्वतने नव कूटे गुणतां ३५१ थाय, तथा बे पर्वतने अगीयार कूटे गुणतां बावीश थाय. ए रीते जे जे पर्वतोनी उपर पूर्वें कूटनी संख्या कही छे, ते ते पर्वतोने तेटला कूटे गुणतां यथासंख्याए सरूसठ सहित चारसें थाय. ए पर्वतो उपर कूट छे, ते कह्यां ॥१६॥

हवे साठ भूमिकुट छे, ते कहे छे.

चउतीसं विजएसु, उसहकुडा अठ मेरु-
जंबूंमि॥अठ य देवकुरा(इं)ए, हरिकु-
डहरिस्सहे सठी ॥१७॥

गाथा १७ मीना छुटा शब्दना अर्थ.

चउतीसं–चोत्रीश
विजएसु–विजयने विषे
उसहकुडा–रुषभकुट
अठ–आठ.
मेरु–मेरु पर्वत तथा
जंबुंमि–जंबुवृक्षनां

अठ्य–आठ
देवकुराए–देवकुरुमां
हरिकुड–हरिकुट
हरिस्सहे–हरिसहकुट
सठी–साठ

विस्तारार्थः–( विजयेसु विजएषु, एटले के० ) चक्रवर्त्तीनां चोत्रीश विजयने विषे प्रत्येके एकेक ऋषनकूट करतां ( चउतीसं के० ) चतुरस्त्रिंशत्, एटले चोत्रीश ( उसहकूमा के० ) ऋषनकूटानि, एटले ऋषनकूट बे. तथा (मेरु जंबुमि के०) मेरु जबोः, एटले मेरु पर्वतमां अने जंबूवृक्षमां (अठ के०) अष्ट, एटले आठ आठ कूट बे, तथा ( देवकुराए के० ) देवकुरौ, एटले देवकुरु मध्ये ( अठय के० ) अष्टकं एटले आठ कूट बे, तथा शालिवृक्ष मध्येना ( हरिकूम हरिस्सहे के० ) हरिकूट हरिसहे, एटले हरिकूट अने हरिसहकूट ए बे सहित ( सठी के० ) षष्टिः, एटले साठ नूमिकूट बे. ए पांचमुं कूटनी संख्यानुं द्वार कह्युं ॥ १७ ॥

हवे छठुं मागधादि तीर्थोनी संख्यानुं द्वार कहे छे.

मागहवरदामपन्ना,--सतिब्ब विजएसु एरवयन्नरहे ॥ चउतीसा तिहिं गुणिया,
दुरुत्तरसयं तु तिबाणं ॥ १८ ॥

गाथा १८ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| मागह–मागध. | चउतीसा–चोत्रीश. |
| वरदाम–वरदाम | तिहिं–त्रणे |
| पभास–प्रभास | गुणिया–गुणीए |
| तिच्छ–तिर्थ. | दुरुत्तरसयं–बे अधिक एकसो एटले एकसो बे. |
| विजएसु–विजयने विषे | तु–वली |
| एरवय–ऐरवत क्षेत्र अने | तिच्छाणं–तीर्थ. |
| भरहे–भरत क्षेत्रने विषे | |

विस्तारार्थः–( विजएसु के० ) विजयेषु, एटले बत्रीश विजयने विषे तथा ( एरवय भरहे के० ) ऐरवत भरते, एटले ऐरवत क्षेत्र अने भरत क्षेत्र मली चोत्रीश स्थानकने विषे प्रत्येके एक ( मागह वरदाम पभासतित्थं के० ) मागध वरदाम प्रभास तीर्थ, एटले मागध, बीजु वरदाम अने त्रीजु प्रभास, ए त्रण तीर्थ छे, माटे ए ( चउतीसा के० ) चतुस्त्रिंशत, एटले चोत्रीशस्थानक छे. ते ( तिहिं के० ) त्रिभिः, एटले त्रणे ( गुणिया के० ) गुणीए, त्यारे ( तु के० ) वली ( दुरुत्तरसयं तिच्छाणं के० ) द्व्युत्तरशतं तीर्थानां, एटले, बे अधिक एकसो तीर्थ थाय ॥ १७ ॥

हवे सातमुं श्रेणिओनी संख्यानुं द्वार कहे छे.

विद्याहरअभिउगिये, सढीउ डुन्नि डुन्नि-
वेयड्ढे ॥ इय चउगुण चउतीसा,
छत्तीससयं तु सेढीणं ॥ १७ ॥

गाथा १९ मीना छुटा शब्दना अर्थ.

विद्याहर–विद्याधर.
अभिओगिय–आभियोगिक.
सेढीओ–श्रेणिओ.
डुन्नि डुन्नि–बे बे.
वेयड्ढे–वैताढ्यने विषे.
इय– ए रीते.
चउगुण–चार गुणा करतां.
चउतीशा–चोत्रीश.
छत्तीससयं–एकसो ने छत्रीश.
तु–वली.
सेढीणं–श्रेणिओ.

विस्तारार्थः–( वेयड्ढे के० ) वैताढये, एटले वैताढयने विषे एक( विद्याहर अभिओगियसेढीओ के० ) विद्याधराभियोगिक श्रेण्यो, एटले विद्याधर अने बीजा अभियोगिक देवोनी श्रेणिउ ( डुन्नी डुन्नी के०) बे बे, एटले बे बे छे. एटले एकेका वैताढयनी उपर बे श्रेणि विद्याधरोनी अने बे श्रेणि आभियोगिक देवोनी मलीने चार चार श्रेणिउ छे, त्यारे ( इय के० ) इति, एटले आ प्रमाणे ( चउतीसा के० ) चतुस्त्रिंशत्,

एटले चोत्रीश दीर्घ वैताढय ते ( चउगुण के० ) चतुर्गुणा, एटले चार गुणा करतां ( तु के० ) वली ( ठत्तीससयं सेढीणं के० ) षट्त्रिंशत्तं श्रेणीनां, एटले एकसो ने ठत्रीश श्रेणिउं जंबूद्वीपमां थाय, ॥ १९ ॥

हवे आठमुं विजयनी संख्यानुं द्वार अने नवमुं मोटा द्रहनी संख्यानुं द्वार एक गाथाए करी कहे छे—

चक्कीजेअव्वाइं, विजयाइं इब हुंति
चउतीसा ॥ महद्दह ठ पउमाइं, कु-
रुसु दसगंति सोलसंग ॥ २० ॥

गाथा २० मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| चक्कीजेअव्वाइं—चक्रवर्त्तीने जीतवा योग्य. | छ—छ. |
| विजयाइं—विजय. | पउमाइ—पद्मादिक. |
| इच्छ—इहां. | कुरुसु—कुरुने विषे. |
| हुंति—छे. | दसगं—दश. |
| चउतीशा—चोत्रीश. | ति—एम. |
| महद्दह=मोटा द्रह. | सोलसगं—सोल. |

विस्तारार्थः—( चक्कीजेअव्वाइं के० ) चक्रिजेतव्याः एटले चक्रवर्त्ती जीतीने जे क्षेत्रने विषे राज करे एवा

चक्रवर्त्तीने जीतवा योग्य ( विजयाइं के० ) विजयाः, एटले विजय ते ( इह के० ) अत्र, एटले आ जंबूद्वीपने विषे बत्रीश तो महाविदेहनां अने एक ऐरवत तथा एक जरत मली ( चउतीसा के० ) चतुस्त्रिंशत्, एटले चोत्रीश ( हुंति के० ) जवंति, एटले छे.

हवे ( पउमाइ महद्दह के० ) पद्मादिका महाद्रहाः, एटले बीजा द्रहोनी अपेक्षाए मोटा द्रहो, ते एक पद्म, बीजो महापद्म, त्रीजो तिगिछि, चोथो केसरी, पांचमो पुंमरिक अने छठो महापुंमरिक, ए ( छ के० ) षट्, एटले छ छे, तथा ( कुरुसु के० ) कुर्वोः, एटले देवकुरु अने उत्तरकुरुने विषे ( दसगं ति के० ) दशकं इति, एटले दश द्रह छे. ए रीते सर्व मली ( सोलसगं के० ) षोमशकं, एटले सोल मोटा द्रह जंबूद्वीपमां जाणवा ॥ २० ॥

हवे दशमुं नदीओनो संख्यानुं द्वार कहे छे.

गंगा सिंधू रत्ता, रत्तवई चउ नईउ पत्तेयं ॥
चउदसहिं सहस्सेहिं, सम वंच्चति
जलहिम्मि ॥ २१ ॥

गाथा २१ मीना छुटा शब्दना अर्थ.

गंगा—गंगा.
सिंधू—सिंधु
रत्ता—रक्ता
रत्तवइ—रक्तवती
चउ—चार
नइओ—नदीओ
पत्तेयं—प्रत्येके
चउदसहिं सहस्सेहिं—चौद हजार नदीओना परिवारे
समगं—साथे
वचंति—मले छे, जाय छे
जलहिम्मि—समुद्रमांहे

विस्तारार्थः—जंबूद्वीपमांहे दक्षिणदिशावर्त्ती जरत नामे विजयमां एक (गंगा के०) गंगा, एटले गंगा अने बीजी (सिंधू के०) सिंधुः, एटले सिंधु ए बे नदी छे, तथा जंबूद्वीपमांहे उत्तरदिशाए ऐरवत नामे विजयमां एक (रत्ता के०) रक्ता, अने बीजी (रत्तवई के०) रक्तवती, ए बे नदी छे. एम (चउ के०) चतसुः, एटले चार (नइउ के०) नद्यः, एटले नदीउ ते (पत्तेयं के०) प्रत्येकं, एटले प्रत्येके एकेकी नदी (चउदसहिं सहस्सेहिं के०) चतुर्दशभिः सहस्रैः, एटले चौद हजार नदीउना परिवारे छे, तेनी (समगं के०) समकं, एटले साथे अर्थात छप्पन हजार नदीउनी साथे (जलहिम्मि के०) जलधौ, एटले समुद्रमांहे

वच्चंति के० ) व्रजंति, एटले जाय छे ॥ २१ ॥

**एवं अप्भिंत(रिया)रगा चउरो पुण अठवी-**
**ससहस्सेहिं ॥ पुणरवि छप्पन्नेहिं, सह-**
**स्सेहिं जंति चउ सलिला ॥२२॥**

गाथा २२ मीना छुटा शब्दना अर्थ.

| | |
|---|---|
| एवं--एम | पुणरवि--वली पण |
| अप्भितरगा--अभ्यंतर क्षेत्रनी | छप्पन्नेहिं सहस्सेहिं--छप्पन्न हजारना परिवार सहित |
| चउरो--चार | जंति--जाय छे |
| पुण --वली | चउ -चार |
| अठव.ससहस्सेहिं--अठ्यावीश हजारना परिवार सहित | सलिला -नदीओ |

विस्तारार्थः–( एवं के० ) एवं, एटले ए प्रमाणे हिमवंत अने हिरण्यवंत ए बे युगलियानां ( अप्भिंत रगा के० ) अभ्यंतरगाः, एटले अभ्यंतर क्षेत्रनी नदीउ एक रोहिता, बीजी रोहितांशा, त्रीजी रूपकूला अने चोथी सुवर्णकूला, ए ( चउरो के० ) चतस्रः, एटले चार नदीउ ते ( पुण के० ) पुनः, एटले वली एकेकी नदी ( अठवीससहस्सेहिं के० ) अष्टाविंशतिसहस्रैः,

एटले अठ्यावीश हजार नदीउंना परिवार सहित समुद्र मध्ये जले छे. ( पुणरवि के० ) पुनरपि, एटले वली पण एक हरिवर्ष अने बीजुं रम्यक ए बे अभ्यंतर युगलियानां क्षेत्रनी एक हरिकांता, बीजी हरिसलिला, त्रीजी नरकांता अने चोथी नारीकांता, ए ( चउ सलिला के० ) चतस्रः सलिलाः, एटले चार नदीउं ते प्रत्येके एकेकी नदी ( छप्पन्नेहिं सहस्सेहिं के०) षट्पंचाशता सहस्रैः, एटले छप्पन हजार नदीना परिवार सहित समुद्र मध्ये (जंति के०) यांति, एटले जाय छे ।२२।

हवे महाविदेहनी नदीओ कहे छेः-

**कुरुमझे चउरासि, सहस्साइं तह य विजय-**
**सोलससु ॥ बत्तीसाण नईणं, चउदस**
**सहस्साइं पत्तेयं ॥ २३ ॥**

गाथा २३ मीना छुटा शब्दना अर्थ.

कुरुमझे—उत्तरकुरु देवकुरु मांहेली.
चउरासि—चोराशी.
सहस्साइं—हजार.
तह य—तेमज.
विजयसोलससु—सोल विजयम.
बत्तीसाण नईणं—बत्रीश नदीओ.
चउदससहस्साइं—चौद हजार.
पत्तेयं—प्रत्येक.

विस्तारार्थः–( कुरुमध्ये के० ) कुरुमध्ये, एटले उत्तरकुरु, देवकुरु नामे युगलियानां क्षेत्रमांहेली सीता अने सीतोदा नदीमां प्रत्येके० ब ब अंतर नदीउ जले छे. ते ब नदीनो परिवार ( चउरासि सहस्साइं के० ) चतुरशीतिः सहस्राणि, एटले चोराशी हजार नदउछे ( तह य के० ) तथा च, एटले तेमज पश्चिम महाविदेहना ( विजयसोलससु के० ) विजयषोडशषु सोल विजयमां प्रत्येक रक्ता अने रक्तवती एवी बे नदीउ गणतां (बत्तीसाण नईणं के०) द्वात्रिंशतो नदीनां, एटले बत्रीश नदीउ थाय. ते (पत्तेयं के० ) प्रत्येकं, एटले एकेकी नदीनो ( चउदस सहस्साइं के० ) चतुर्दश सहस्राणि, एटले चौद हजार नदीउ समुद्रमां जाय छे ॥२३॥

आगळ कही गया, ए रीते व्याखान करतां विजयने छेदनारी
ग्राहवती विगेरे छ नदीओनी प्ररुपणा उपेक्षित थाय छे.
माटे ते नदीओनुं वर्णन अन्य आचार्योना मते बीजी रीते कहे छे ॥

**चउदससहस्सगुणिया, अडतीस नईउ विजयमज्झिल्ला ॥ सीउयाए निवडंति, तह य सीयाइं एमेव ॥ २४ ॥**

गाथा २४ मीना छुटा शब्दना अर्थ.

चउद्दससहस्स–चौद हजार.
गुणिया–गुणतां.
अडतीस–आडत्रीश.
नइओ–नदीओ.
विजयमझिल्ला–( सोल ) विजय मांहेली.
सीओयाए–सीतोदा नदीमां.
निवडंति–भले छे.
तह य–तेमज.
सीयाइ–सीता नदीमां.
एमेव–एमज.

विस्तारार्थः–ए रीते ( विजयमझिल्ला के० ) विजयमध्यवर्तिन्यः, एटले सोल विजयमांहेली ( अडतीस नइउ के० ) अष्टात्रिंशन्नद्यः, एटले आडतीश नदीउ छे, तेने ( चउदससहस्सगुणिया के० ) चतुर्दशसहस्रगुणिताः, एटले चौद हजारे गुणतां ( ५३२००० ) नदीउ थाय, ते ( सीउयाए के० ) सीतोदायां, एटले सीतोदा नदीमां ( निवडंति के० ) निपतंति, एटले भळे छे, ( तह य के० ) तथा च, एटले तेमज ( सीयाइ के० ) सीतायां, एटले सीता नदीमां पण ( एमेव के० ) एवमेव, एटले एमज पूर्व महाविदेहनां सोल विजयनी ( ५३२००० ) नदीउ मळे छे ॥ २४ ॥

सूत्रकार एज अर्थने स्पष्ट करतां जंबूद्वीपनी सर्व नदीनो संख्या कहे छे.

**सीयासीउयावि य, बत्तीससहस्स**
**पचलक्खेंहिं ॥ सव्वे चउदस लक्खा,**
**छप्पन्न सहस्स मेलविया ॥२५॥**

गाथा २५ मीना छुटा शब्दना अर्थ.

सीया–सीता नदी.
सीओयावि–सीतोदानदी पण.
य–अने.
बत्तीससहस्स–बत्रीश हजार.
पंचलक्खेहिं–पांच लाख.

सव्वे–सर्वे.
चउदस लक्खा–चौद लाख.
छप्पन्न सहस्स–छप्पन्न हजार.
मेलविया–मेलवतां.

विस्तारार्थः– तथा ( सीया सीउयावि य के० ) सीता अने सीतोदा ए बे नदी पण प्रत्येके ( बत्तीससंस्ह पंचलक्खेहिं के० ) द्वात्रिंशत्सहस्त्रपंचलक्षैः, एटले पांच लाख ने बत्रीश हजार नदीउ सहित समुद्रमां जाय छे. एम ( सव्वे के० ) सर्वाः, एटले सर्वे मली जंबूद्वीप मध्ये ( चउदश लक्खा के० ) चतुर्दश लक्षाणि, एटले चौदलाख अने ( छप्पन्न सहस्स के० ) षट्पंचाशत्सह-

साणि, एटले छप्पन हजार नदीउं ( मेलविया के० ) मेलिताः, एटले मेलवी थकी थाय ॥ २५ ॥

हवे ए नदीओना प्रवाह अने मुखनुं पहोळपणुं कहे छे.

छज्जोयणे सकोसे, गंगासिंधूण विछरो
मूले ॥ दसगुणिउं पज्जंते, इय दुदु-
गुणणेण सेसाणं ॥ २६ ॥

गाथा २६ मीना छुटा शब्दना अर्थ.

छज्जोयणे--छ योजन.
सकोसे--एक कोस सहित.
गंगासिंधूण--गंगा अने सिंधु ए बे नदीओना.
विच्छरो--विस्तार.
मूले--मूलमां.
दसगुणिओ दश गुणो.
पज्जते--पर्यंत, छेडे.
इय--एम.
दुदुगुणणेण--बमणो बमणो गुणतां.
सेसाणं--शेष, बाकी रहेली.

विस्तारार्थः--(गंगासिंधूण के०) गंगासिध्वोः, एटले गंगा अने सिंधु ए बे नदीउंना ( मूले के० ) मूलमां ( विछरो, के० ) विस्तरः, एटले विस्तार छज्जोयणे षड् योजनानि एटले छ योजन ( सकोसे के० ) सक्रोशानि, एटले एक कोश सहित एटले सवा छ योजननो मूलमां

ज्यां पद्मद्रहथकी नीकली, त्यां एटलो विस्तार छे. पछी तेथकी वधतो वधतो ( दसगुणिउ के० ) दशगुणितः, एटले दश गुणा करतां साडी बासठ योजननो विस्तार समुद्रमां मली, त्यां ( पज्जते के० ) पर्यंते, एटले छेडे विस्तार छे. ( इय के० ) इति, एटले ए रीते ( दुदुगुणणेण के० ) द्विद्विगुणनेन, एटले बमणो बमणो गुणतां ( सेसाणं के० ) शेषाणां, एटले शेष नदीउना जेवा क्रमे पूर्वे कह्युं छे, ते प्रमाणे निर्गमन अने प्रवेश अनुक्रमे एक बीजाथकी बमणा बमणा जाणवा ॥ २७ ॥

हवे सूत्रकार मुग्ध जनोने बोध थवा माटे वर्षधर पर्वतोनी उंचाइ तथा वर्ण कहे छे—

**जोयणसयमु ( च्चिठा ) व्विश्रा, कणयमया**
**सिहरिचुल्लहिमवंता ॥ रुप्पिमहाहिमवंता,**
**दुसउच्चा रुप्पकणयमया ॥ २७ ॥**

गाथा २७ मीना छुटा शब्दना अर्थ.

जोयण—योजन.
सयं—एकसो.
कणयमया—कनकमय, सोनाजेवा.
उच्चिठा—उंचा.

सिहरि–शिखरी.
चुल्लहिमवंता–लघुहिमवंत.
रुप्पि–रूपी.
महाहिमवंता–महाहिमवंत.
दुसउच्च.–बसो योजन उंचा.
रुप्प–रूपानो.
कणयमया–सोनानो.

विस्तारार्थः–(सिहरिचुल्लहिमवंता के० ) शिखरिचुल्ल हिमवंतौ, एटले एक शिखरी अने बीजो चुल्ल एटले लघुहिमवंत ए बे पर्वत, ते (जोयण सयं के० ) योजनशतं, एटले एकसो योजन (उच्चिठा के०) उच्छ्रितौ, एटले उंचा छे, अने ए बे पर्वत (कणयमया के० ) कनकमयौ, एटले सुवर्णमय वर्णवाला छे. तथा ( रुप्पि महाहिमवंता के० ) रुक्मि महाहिमवंतौ, एटले एक रुक्मी अने बीजो महाहिमवंत, ए बे पर्वत (दुसउच्चा के० ) द्विशतोच्चौ, एटले बन्ने अनुक्रमे बसें योजन उंचा छे. ते ( रुप्पकणयमया के० ) रुप्यकनकमयौ, एटले रुकमी पर्वत रूपानो छे, अने महाहिमवंत पर्वत कनकमय एटले सुवर्णनो छे ॥२७॥

चत्तारि जोयणसए, उच्चिठो निसढ नीलवंता य ॥ निसढो तवणिज्जमउ वेरुलिउ नील-

# वं ( तगिरि ) तो य ॥ २८ ॥

### गाथा २८ मीना छुटा शब्दना अर्थ.

चत्तारि जोयणसए–चारसें योजन.
उच्चिट्ठो–उंचपणे.
निसढ–निषध.
नीलवंतो–नीलवंत.
य–अने.
निसढो–निषध पर्वत.
तवणिज्जमओ–तपावेला सुवर्णमय, राता सोनानो.
वेरुलिओ–वैडुर्य.
नीलवंतो–नीलवंतगिरि.
य–अने.

विस्तारार्थः–( निसढ के० ) निषध एटले एक निषध पर्वत, अने ( य के० ) च, एटले वली बीजो ( नीलवंतो के० ) नीलवान्, एटले नीलवंत पर्वत, ए बे पर्वत ते ( चत्तारि जोयणसए के० ) चत्वारि योजन शतानि एटले चारसें योजन ( उच्चिठो के० ) उच्छ्रितः, एटले उंचा छे. तेमां ( निसढो के० ) निषधः, एटले निषध पर्वत ते ( तवणिज्जमउ के० ) तपनीयमयः, एटले तपावेला सुवर्णमय एटले राता सोनानो छे. ( य के० ) च, एटले वली बीजो ( नीलवंतो के० ) नीलवान्, एटले नीलवंत पर्वत जे छे, ते ( वेरुलिउ के० ) वैडुर्यः, एटले नीला रत्नमय छे ॥ २८ ॥

सव्वेवि पव्वयरा, समयखित्तम्मि मंदरविहूणा ॥
धरणितले मु(उ)वगाढा, उस्सहच-
उब्भायम्मि ॥ २९ ॥

गाथा २९ मीना छूटा शब्दना अर्थ.

| | |
|---|---|
| सव्वेवि–सर्वे पण. | उवगाढा–अवगाह्या छे. |
| पव्वयरा--पर्वत | उस्सेह–उंचपणाथी |
| समयखित्तम्मि--काल अने क्षेत्रमां | चउच्छभायम्मि–चोथा भाग जेटला. |
| मंदरविहुणा--(पांच) मेरु विना | |
| धरणितले–पृथ्वीतलमां | |

विस्तारार्थः–आ ( समयखित्तम्मि के० ) समय क्षेत्रे, एटले समय एटले काल अने क्षेत्र ते अढीद्वीप के जेमां मनुष्यनी वस्ती छे, तेमां मात्र ( मंदिरविहुणा के० ) मंदिरविहीनाः, एटले पाच मेरु पर्वत विना बाकी जेटला शाश्वता ( पव्वयरा के० ) पर्वताः, एटेले पर्वत छे, तेटला ( सव्वेवि के० ) सर्वेऽपि, एटले सर्वे पण पोताना ( उस्सेह चउब्भायम्मि के० ) उत्सेध चतुर्थ भागे, एटले उंचाइना चोथा भाग जेटला ( धरणितले के० ) धरणीतले एटले भूमिमांहे ( उव-

गाढा के० ) अवगाढाः, एटले अवगाह्या बे, एटले जे पर्वत चारसें योजननो उंचो कह्यो बे, ते चारसें योजननो चोथो नाग एकसो योजन थाय, तेटलो पृथिवीतलमां उंमो अवगाही रह्यो बे, अने पांच मेरु पर्वत जे बे, तेमां जे जंबूद्वीपनो मध्य मेरु बे, ते नवाणुं हजार योजन उंचो बे, अने एक हजार योजन धरतीमां बे, सर्व मली लाख योजन उंचो बे. तथा बीजा चार मेरु जे बे, ते प्रत्येके एक हजार योजन नूमिमां बे, अने त्र्याशी हजार योजन उंचा बे ॥ २ए ॥

खंमाइगाहाए, दसहिं दारेहिं जंबुद्दीवस्स ॥
संघयणी समत्ता, रइआ
हरिन्नद्दसूरीहिं ॥ ३० ॥

गाथा ३० मीना छुटा शब्दना अर्थ.

खडाईगाहाए–खांडुआदिकनी गाथाए.
दसहिं–दश.
दारेहिं–द्वारे करीने
जंबुद्दीवस्स–जंबूद्वीपनी
संघयणी–संग्रहिणी
समत्ता–समाप्त थइ
रइआ–रचना करी
हरिभद्दसूरीहिं–श्री हरिभद्र सूरिए.

विस्तारार्थः—ए रीते (खंमाईगाहाए के०) खंमादि-गाथायां, एटले "खंमा जोयणवासा०" ए खांकु आ-दिकनी बीजी गाथाए (दसहिं दारेहिं के०) दशभिर्द्वारैः, एटले दश द्वारे करीने (जंबुद्दीवस्स के०) जंबूद्वीपस्य, एटले जंबूद्वीपनी ( संघयणी संमत्ता के० ) संग्रहणी समाप्ता, एटले संग्रहिणी समाप्ता थइ; ते (हरिजद्दसूरि-हिं के०) हरिजद्रसूरिजिः, एटले श्रीहरिजद्रसूरिए (रइआ के०) रचिता, एटले रची ठे ॥ ३० ॥

॥ इति लघुसंग्रहिणी समाप्ता ॥

PRINTED BY J. C. PUNATER. AT THE
NEW LAXMI PRINTING PRESS,
IMPROVEMENT TRUST PLOT NO. 29,
NAVROJJI HILL, NEW CHINCH BUNDER,
BOMBAY, No. 9.

AND PUBLISHED BY
HIRJI GHELABHAI PADAMSI
FOR SHRAVAK BHIMSEE MANEK,
107, DHANJI STREET, BOMBAY No. 3.